بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

**બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-ઓક્ટોબર-૨૦૧૦**

શવ્વાલુલ મુકર્રમ-ઝીલ્ કઅ્દા

હિજરી સન : ૧૪૩૧

વર્ષ : ૦૭, અંક : ૧૦, સળંગ અંક : ૮૨



**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## અનુક્રમણિકા


૦૧ સારી વાતોનો હુકમ આપવો તથા બુરી વાતોથી રોકવાની ફઝીલત ૦૨

૦૨ કંથારીઆ પાસે તૂટેલ દરગાહ અને આવી તોડફોડોના ઈતિહાસની ભયાનક દાસ્તાન ! *(તંત્રી લેખ)* ૦૩

૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૧૦

૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૩

૦૫ હદાઈકે બખ્શિશ ૧૬

૦૬ હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین ૧૮

૦૭ અવલિયા અલ્લાહની કરામતો ૧૯

૦૮ ફત્વા વિભાગ ૨૩

૦૯ નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?! ૨૫

૧૦ ઈસાઈ ચર્ચ થકી મુસ્લિમોના જિગર પર એક ઔર ૨૭

૧૧ ઈસ્લામી દર્સગાહોની અધોગતિના કારણો તથા તેમના ઈલાજ ૩૦

૧૨ હઝરત સૈફુલ્લાહના ઈસ્લામ સ્વીકારની દાસ્તાન ! ૩૬

૧૩ ફાતિહા અને ઈસાલે સવાબનું મહત્વ હદીષોની રોશનીમાં ૪૦

૧૪ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૭


## મન્કબત દરશાને હુઝૂર મુફ્તીએ આ'ઝમ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ

અઝ : ***હુઝૂર તાજુશ્શરીઆ અખ્તરરઝા અઝહરી*** مدظلہ العالی

ચલ દિયે તુમ આંખમેં અશ્કોંકા દરયા છોળકર
રંજ ફુર્કતકા હર એક સીને મેં શોરા છોળકર

મુત્તકી બનકર દિખાએ ઈસ ઝમાનેમેં કોઈ
એક મેરે મુફતીએ આ'ઝમકા તક્વા છોળકર

એક તુમ દુન્યામેં રહકર તારીકે દુન્યા હુએ
રહકર દુન્યામેં દિખાએ કોઈ દુન્યા છોળકર

ખ્વાબમેં રહકર દિખાઓ હમ કો ભી અય જા કોઈ
કૌનસી દુન્યા બસાઈ તુમને દુન્યા છોળકર

હો સકે તો દેખ **'અખ્તર'** બાગે જન્નતમેં ઉન્હેં
વહ ગયા તારોંસે આગે આશ્યાના છોળકર

કાર્યાલય

# સારી વાતોનો હુકમ આપવો તથા બુરી વાતોથી રોકવાની ફઝીલત

અલ્લાહ તઆલા ફર્માવે છે : ''તમે બેહતરીન ઉમ્મત છો સર્વ ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી રોકો છો, અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો.'' *(સૂરએ આલિ ઈમરાન–૧૧૦)*

હે પ્યારા દીની ભાઈઓ ! આ આયત આપણને આપણી જિંદગીનો હેતુ સૂચવી રહી છે અને તે એ છે કે, ''ભલી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવું'' આ ઉમ્મતે મુહમ્મદીની જિમ્મેદારીમાં છે પણ આજે આપણે નબી પાક ﷺના ઉમ્મતી હોવાનો, આશિકે રસૂલ હોવાનો દાવો તો જોરશોરથી કરીએ છીએ ! પણ આપણી આ ખૂબીને ગુમાવી ચૂક્યા છીએ ! સારી વાતોનો હુકમ આપવાને બદલે આપણે ખૂદ બુરી વાતોમાં ફસાઈ ગયા છીએ. હે લોકો ! તમે ખરેખર નબી પાક ﷺના વફાદાર ઉમ્મતી બનવા ચાહો છો તો આવો ! અને તમે તમારી આ જિમ્મેદારી નિભાવવાના કામમાં લાગી જાવ ! એટલે સારી વાતોનો હુકમ આપવાની અને બુરી વાતોથી રોકવાની પ્રવૃત્તિમાં લાવી જાવ. આવો ! જો તમે આ કામમાં જોડાશો તો રબ તઆલા તરફથી શું ઈનામ મળશે તે સાંભળો !

હદીષે પાકમાં છે : હઝરત સૈયદના મૂસા કલીમુલ્લાહ علیہ السلامએ અર્ઝ કરી, ''હે રબ ! એ શખ્સનો શું બદલો હશે જેણે પોતાના ભાઈને બોલાવ્યો, તેને નેકીનો હુકમ આપ્યો અને બુરી વાતથી રોક્યો. અલ્લાહ عزوجلએ ઈર્શાદ ફર્માવ્યો કે, તેના દરેક કલ્મા (વાક્ય)ના બદલામાં એક એક વરસની ઈબાદતનો સવાબ તેના આમાલનામામાં લખવામાં આવે છે, અને મારી રહમતને તેને જહન્નમમાં સળગાવતાં શરમ આવે છે. *(મુકાશફતુલ કુલૂબ બહવાલા બરકાતે શરીઅત)*

સુબ્હાનલ્લાહ ! પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! એક એક બોલના બદલામાં એક એક સાલની ઈબાદતનો સવાબ ! તથા જહન્નમની આગથી આઝાદી ! આ કેટલુ મોટુ ઈનામ છે. તો આવો ! દોસ્તો ! આપણે પણ ઈલ્મે દીન શીખીએ અને દીનના મુબલ્લિગ બની આપણા માહોલને દીની, ઈસ્લામી તથા સુન્નતોવાળો માહોલ બનાવવાની કોશિશ કરીએ. આજે ચો તરફ ગુનાહોનું બજાર ગરમ છે, આમ લોકો બલ્કે મુસ્લિમો જ પોતે ખુલ્લેઆમ ઈસ્લામ વિરૂધ્ધ, શરીઅત વિરૂધ્ધ નબી પાક ﷺની સુન્નતો વિરૂધ્ધ અલલ એલાન કામો કરીને ગુનાહોની ખાઈઓમાં ભટકી રહ્યા છે તેમને સહી માર્ગે વાળવાની કોશિશમાં લાગી જાવ ! એના માટે હાલ આપની સમક્ષ બે સોનેરી તકો મૌજૂદ છે કે આગામી ઓક્ટોબરમાં તા. **૯ તથા ૧૦ ઓક્ટોબર** ૨૦૧૦ શનિ–રવિ **બે દિવસ ભરૂચ સબજેલ પાસે** તથા **તા. ૨૯, ૩૦, ૩૧ ઓક્ટોબર** જુમ્આથી રવિ સુધી **ત્રણ દિવસ મુંબઈ ખાતે ''સુન્ની દાવતે ઈસ્લામી''**ના ભવ્ય ઈજતેમાઓનુ આયોજન થયું છે જેમાં એ જ તાલીમ તમને મળશે જેનાથી માણસ સાચો આશિકે રસૂલ બને, ઈલ્મે દીનથી સજ્જ થઈને, દીનના પ્રચારમાં લાગી જાય. તેના દિલમાં એવી ભાવનાઓ જાગે જેનાથી તે સુન્નતોનો પાબંદ બને, બહેનો પણ શરીઅતની પાબંદ, શર્મો હયાવાળી તથા પર્દામાં રહેનારી બાઈજ્જત ખાતૂન બની જાય. તમને તમારા ઘરમાં તમારા મહોલ્લામાં ઈસ્લામી માહોલ બને એ વાત પસંદ હોય તો જાહેરાતો પ્રમાણે બહેનોને આગલા દિવસે મોકલો અને પછીના દિવસોમાં આપ પણ મિત્રો સાથે તશરીફ લાવી તમારી જિંદગીમાં ઈન્કિલાબ પેદા કરો અને એક સુકૂનવાળી ઈસ્લામી જિંદગી અપનાવો. તમારી ઔલાદને પણ સાથે લાવો જેથી દીન શીખે, નેક બને. **સુન્ની દાવતે ઈસ્લામી**ના તર્બિયતી સેન્ટરોમાં સમય આપી તાલીમ હાંસલ કરીને મુબલ્લિગે દીન બની તમારી જિંદગીને નૂરાનિયતથી ભરી દો.

અંતમાં, તાલિબે ઈલ્મની ફઝીલતમાં એક હદીષ સાંભળી લો ! નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ખુદાની કસમ ! જેની કુદરતના તાબામાં મારી જાન છે, જે તાલિબે ઈલ્મ પોતાના ઉસ્તાદની ખિદમતમાં હાજર થયો તેના **દરેક કદમ પર એક વરસની ઈબાદતનો સવાબ** તથા દરેક કદમના બદલામાં **જન્નતમાં એક શહેર** આબાદ કરવામાં આવશે. તેમજ ઈલ્મની તલબવાળો જ્યારે ઉસ્તાદ સમક્ષ હાજર થાય છે તો જમીન શુક્રાના રૂપે તેના માટે મગફેરતની દુઆ કરે છે. *(નુઝહતુલ મજાલિસ, ૨/૩૦૬)*

પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! આવો ! જ્યારે બાતિલ જમાઅતો બદઅકીદગી ફેલાવવા મહેનત કરી રહી છે તો તમારામાં ઈશ્કે રસૂલનો જોશ કેમ નથી જાગતો ? આવો ! ગુનાહિત જિંદગીથી તૌબા કરીને ઈલ્મે દીન શીખો અને નબી કરીમ ﷺની આવી બશારતોના હક્કદાર બની જાવ ! સુન્નતોથી સજ્જ થઈને દીન તથા સુન્નિયતના પ્રચારમાં લાગી જાવ. લોકોના દિલોમાં ઈશ્કે નબી ﷺની શમ્અને તેજ કરવાના કાર્યમાં લાગી જાવ.

# કંથારીઆ પાસે તૂટેલ દરગાહ અને આવી તોડફોડોના ઈતિહાસની ભયાનક દાસ્તાન !

**તંત્રી લેખ.....**

કંથારીઆ (તા. જિ. ભરૂચ) પાસે એપ્રિલ–૨૦૧૦માં હઝરત પાપડીયા પીર (رحمۃ اللہ علیہ)થી મશ્હૂર ઐતિહાસિક બુઝુર્ગની દરગાહ શરીફ તોડી નાખવાનો બનાવ બનેલો જેનાથી ભરૂચ શહેર તેમજ જિલ્લામાં અવલિયા અલ્લાહના ચાહક વર્ગ અહલે સુન્નત વ જમાઅતમાં બેચેની તથા અજંપાનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. જેની સામે મુજરિમોને પકડવા માટે પોલીસમાં ફરિયાદ તા. ૨૨/૪/૨૦૧૦ ના રોજ થયેલી તથા તા. ૨૭/૪/૨૦૧૦ ના રોજ કલેક્ટર સાહેબ ભરૂચને ભરૂચ જિલ્લાના સુન્ની મુસ્લિમોના પ્રતિનિધિમંડળે એક આવેદન પત્ર પણ આપેલું તથા ડી. એસ. પી. સાહેબ ભરૂચની પણ તે જ દિવસે મુલાકાત લઈ આ બાબતે રજૂઆત કરેલી. આપ સાહબોએ ઘટતુ કરવા ખાત્રી આપી હતી. (જેના સમાચાર સ્થાનિક દૈનિકો ઉપરાંત બરકાતે ખ્વાજા (માસિક)માં રજૂ થયા હતા.) તેના પરિણામ સ્વરૂપે મોડે મોડે તા. ૨૬/૭/૨૦૧૦ ના રોજ દરગાહ તોડવામાં સંડોવાયેલાઓની ધરપકડ કરવામાં આવી જેનો રિપોર્ટ તાલુકા પોલીસ સ્ટેશન–ભરૂચની કોપી અનુસાર આ મુજબ છે :

**★ કંથારીઆ પાસે દરગાહને વેરવિખેર કરનારાઓની અંતે થયેલ ધરપકડ ! ★**

કંથારીઆ (તા. જિ. ભરૂચ) પાસે આવેલ પાપડીયા પીરની દરગાહને કોઈ વ્યક્તિઓએ સુન્ની જમાઅતના લોકોની લાગણી દુભાવવાના ઈરાદે વેરવિખેર કરી નાખેલ અને આસપાસમાં પાંચ લીલાં વૃક્ષો પણ કાપી નાખેલ અને તેના લાકડાં વેચી નાખેલ. આ અંગેની ફરિયાદ તે બુઝુર્ગના વારસદારો થકી તા. ૨૨/૪/૨૦૧૦ ના રોજ ભરૂચ રૂરલ પો. સ્ટેશનમાં નોંધાયેલ જેના અનુસંધાનમાં આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૯૫, ૪૨૭, ૧૧૪ તથા સૌરાષ્ટ્રના વૃક્ષો કાપી નાખવા માટેના શિક્ષા કરવા બાબત અધિનિયમન ૧૯૫૧ની કલમ ૩ (એ) મુજબ ગુનો નોંધી આરોપી નં. (૧) સૈફુદ્દીન યુસુફભાઈ લાકડાવાલા (દાઊદી વ્હોરા) રહે. જુમ્મા મસ્જિદ, પારસીવાડ–ભરૂચ (૨) યાકુબ ઈબ્રાહીમ સાલેહ, રહે. કંથારીઆ (૩) ઈસ્માઈલ યુસુફ સોજરા, રહે. કંથારીઆ તા. જિ. ભરૂચનાઓને તા. ૨૬/૭/૨૦૧૦ના રોજ ભરૂચ રૂરલ પોલીસ દ્વારા ધરપકડ કરી નામ. ભરૂચ જ્યુડી. મેજિ. જજ સાહેબની કોર્ટમાં રજૂ કરવામાં આવેલ અને આરોપીઓને જ્યુડી. મેજિ. જજ સાહેબે દરેક આરોપીને રૂા. ૫૦૦૦ની રકમના સધ્ધર જામિન આપ્યેથી જામિન મુક્ત કરેલ. તથા લાકડાં વહન કરવા માટે જે ટાટા ટેમ્પો નં. **GJ7 X 7271**ના માલિક અન્સારી નઈમભાઈ ભીખુભાઈ રહે. નવી નગરી, દેરોલ તા. જિ. ભરૂચને મુદ્દામાલ તરીકે જપ્ત કરવામાં આવેલ અને તે મુદ્દામાલ પણ શરતી જામિન પર છોડવામાં આવેલ છે. *(ભરૂચ રૂરલ પો. સ્ટે.નો રિપોર્ટ સંક્ષિપ્તમાં)*

અત્રે મે. કલેક્ટર ભરૂચ સાહેબ, ડી. એસ. પી. ભરૂચ સાહેબ તથા ભરૂચ રૂરલ પો. સ્ટે.ના સર્વ ઓફિસરોનો અમો આભાર માનીએ છીએ કે ફરિયાદ તથા અન્ય રજૂઆતોને લક્ષમાં લઈને સુન્ની જગતની લાગણી દુભાવનારાઓ સામે કાયદેસર કાર્યવાહી કરી અને પોતાની કાબેલિયત તથા પ્રમાણિક્તાને પુરવાર કરી છે. હવે કાયદો કાયદાનું કામ કરશે, આપણને દેશના ન્યાય તંત્રમાં વિશ્વાસ છે કે તે જે કરશે યોગ્ય હશે, જેથી આ આરોપીઓ કે ફરિયાદ સંબંધે કાંઈ ટીપ્પણી કરવા

અમે ચાહતા નથી. જો કે આ ધરપકડના સમાચારો દૈનિક પત્રોમાં જે તે સમયે પ્રસિધ્ધ ન થયા તેનુ આશ્ચર્ય જરૂર થાય છે ! એમાં શુ રહસ્ય હશે !

### ★ આ હઝરત પાપડીયા પીર رحمۃ اللہ علیہનો શું ઈતિહાસ છે ? ★

આપ હઝરતનું અસલ નામ હઝરત સૈયદ મુહમ્મદ કુત્બુદ્દીન રિફાઈ رحمۃ اللہ علیہ ઉર્ફે 'પાપડીયા પીર' છે. આપના પિતાજી હઝરત સૈયદ મુહમ્મદ સાલેહ رحمۃ اللہ علیہ દીનના પ્રચાર અર્થે નવાબી કાળમાં ભરૂચ પધારી સ્થાયી થયા. હઝરત સૈયદ મુહમ્મદ સાલેહ رحمۃ اللہ علیہ રિફાઈયા સિલસિલાના સાહિબે કરામત બુઝુર્ગ હતા. આપ હઝરતથી પ્રભાવિત થઈને નવાબે લાલ બજારમાં વિશાળ જગા આપને અર્પણ કરી જ્યાં આપ હઝરતે મસ્જિદ તથા ખાનકાહ સ્થાપી. આ મસ્જિદ હાલમાં 'તેલીયા મસ્જિદ' તથા 'ખાનકાહે રિફાઈયા' તરીકે ઓળખાય છે.

હઝરત સૈયદ મુહમ્મદ સાલેહ رحمۃ اللہ علیہના સાહબઝાદા હઝરત સૈયદ મુહમ્મદ કુત્બુદ્દીન પણ પિતાજી પાસેથી ઉચ્ચ દીની તાલીમ તથા ખિલાફત મેળવી પોતાના સમયના મશ્હૂર પીર બુઝુર્ગ હતા. ઘણા પટેલ કુટુંબો હઝરતથી બયઅત (મુરીદ થયેલાં) હતાં અને ફૈઝયાબ થતાં હતાં. કંથારીયા ગામનુ 'પાપડીયા' કુટુંબ આપ હઝરતથી ઘણુ નિકટ તથા અકીદતમંદ હતું. આપ હઝરતના મઝાર માટે આ કુટુંબે કંથારીઆ પાસે જમીન વકફ કરી હતી જેથી આપ 'પાપડીયા પીર' તરીકે ઓળખાય છે. (ગરમીયા નાળાથી ભરૂચ તરફ જતાં રોડની જમણી બાજુ ફાતમા પાર્ક વાળા રસ્તે અંદર આ મઝાર છે.)

આપ હઝરતના સાહબઝાદા સૈયદ અલી રઝા હતા જેમનો મઝાર શરીફ ભરૂચ ખાતે તેલીયા મસ્જિદમાં છે. હઝરત સૈયદ અલી રઝાના સાહબઝાદા સૈયદ સજ્જાદ અલી અત્યારે હયાત છે. પીર સૈયદ મુહમ્મદ કુત્બુદ્દીન (પાપડીયા પીર)ના ભાઈ સૈયદ શમ્સુદ્દીન હતા જેમનો મઝાર તેલીયા મસ્જિદમાં છે. તેમના સાહબઝાદા ડો. મુહમ્મદ અલી અને તેમના સાહબઝાદા ભરૂચના એક સમયના પ્રખ્યાત ડો. સૈયદ બબરઅલી હતા. *(હવાલો : કિતાબ અવલિયાએ ગુજરાત, પેજ નં. ૧૪૬–૧૪૭, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા)*

વાંચકોએ જાણી લીધું કે આ હઝરત પાપડીયા પીર એ આલે રસૂલ, બાકરામત મહાન બુઝુર્ગોની ઔલાદમાંથી હતા અને પોતે પણ બાકમાલ ઈલ્મી શખ્સિયત બુઝુર્ગ હતા. અને એક જમાનો ખુશ અકીદા, અલ્લાહના વલીઓને ચાહવાવાળાઓનો "કંથારીયા" ગામનો પણ હતો જેની ઐતિહાસિક સાક્ષી ઉપરોક્ત વર્ણનમાં જોવા મળે છે. તો પછી આજે શું ફિટકાર પડયો આવા અમુક લોકો પર કે જેઓ અલ્લાહના વલીઓની મુબારક કબરોને તોડતાં ખૌફે ખુદા કે ખચકાટ નથી અનુભવતા ?! તો તેના માટે આપણે હિજાઝ મુકદસમાં તથા પૂરા અરબસ્તાનમાં અંગ્રેજોના સહારે જબરદસ્તી કબ્જો કરનારા નજદમાં જન્મેલ બદબખ્ત નજદીઓના ઈતિહાસની તરફ જવું પડશે તો સમજાશે કે આ દરગાહો તથા મઝારો અને કબરોની બેઅદબી કરવાની તથા તોડફોડ કરવાની પ્રેરણા ક્યાંથી આવી ? અને તેને અહીં ફેલાવનારાં કેન્દ્રો ક્યાં ક્યાં છે ?

### ★ ઈસ્લામી ઈતિહાસમાં કબરોને તોડવાની શરૂઆત ક્યાંથી થઈ ? ★

આમ તો હદીષે પાકમાં સામાન્ય મુસલમાનની કબરની અદબ સંબંધે નબી કરીમ ﷺનું ફર્માન છે કે, "**તલ્વારની ધાર પર પગ મૂકવો** મને **સહેલો** લાગે છે તે વાતથી કે મુસલમાનની કબ્ર પર પગ મૂકું." બીજી હદીષમાં ફર્માવ્યું, "**અંગારા પર મારો પગ મૂકું** ત્યાં સુધી કે તે બુટના તળવાને તોડીને મારા તળવા સુધી પહોંચી જાય, તો એમને **એનાથી વધુ પસંદ છે કે કોઈ મુસલમાનની કબ્ર પર પગ મૂકું.**"

જ્યારે કે સામાન્ય મુસલમાનની કબરની આટલી તાઝીમની તાલીમ અલ્લાહના રસૂલ ﷺ આપી રહ્યા છે તો પછી કોઈ વલીની કબ્ર તોડવી એ કેટલો મહાન જુર્મ હશે ! પણ આવી તાલીમ આવી ક્યાંથી એને ટૂંકમાં જોતા ચાલીએ.

એકદમ ટૂંકમાં વાત કરીએ તો એ કે એલાને નબુવ્વત પછી વિવિધ સંજોગોમાંથી ગુજરીને ઈસ્લામ ફેલાતો ચાલ્યો, સહાબાના યુગમાં ખૂબ ફેલાયો, વિવિધ હાકિમોએ ઈસાઈ યહૂદીની ટક્કરો નાસીપાસ કરતા રહી દીનનો ફેલાવો જગતભરમાં કર્યો. યહૂદી તથા ઈસાઈઓ વરસોથી મુસલમાનો સામે મેદાનના જંગમાં હાર ખાતા રહ્યા તો તેમણે વિચાર્યું કે મુસલમાનોમાં અજબનો એક ગુણ છે કે આપસી લડાઈઓ ગમે તેવી હોય પણ જ્યારે તેમના ધાર્મિક મામલામાં આંચ આવે તો તેઓ બધું જ ભૂલી જઈને એક થઈ જાય છે જેથી તેમનો મુકાબલો શક્ય નથી બનતો જેથી તેમનામાં દીન બાબતે વિખવાદ ફેલાય અને અંદરો અંદર લડવા લાગે તેવો પ્લાન બનાવવો. આ પ્લાન હેઠળ મુસ્લિમ દેશોમાં કેટલાયે જાસૂસો તથા હિંદ વગેરેમાં પણ છોડવામાં આવ્યા. તેઓ મુસ્લિમના રૂપમાં રહ્યા અને તેમણે યોગ્ય વ્યક્તિઓની તલાશ કરી જેના થકી મુસ્લિમોમાં ફાટફૂટ પડાવી શકાય. તો હમ્ફે નામના જાસૂસે દીની તાલીમ મેળવી અને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજ્દીના સંપર્કમાં તે આવ્યો અને તેને ઈસ્લામની મૂળભૂત માન્યતાઓથી હટીને નબી વલીની તૌહીન થતી હોય તેવી માન્યતાઓ માટે પ્રોત્સાહિત કર્યો અને તેણે ઈસ્લામમાં ફિત્નો નાખ્યો અને એ ચિન્ગારીએ શોલાનુ રૂપ ધારણ કર્યું અને મુસ્લિમોમાં આપસમાં લડાઈઓ શરૂ થઈ. મુસલમાનોમાં તેની ગલત માન્યતાઓ ફેલાતી ગઈ ત્યારે બ્રિટનના મંત્રાલયે રાજકીય રીતે અરબ પ્રદેશમાં કામ કરવા મુહમ્મદ ઈબ્ને સઊદને પસંદ કરીને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના સહકાર્યકર તરીકે નિયુક્ત કર્યો. દીની કાર્યના નિર્ણયો મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબની જિમ્મેદારીમાં અને રાજકીય કાર્યોની દેખભાળ ઈબ્ને સઊદની જિમ્મેદારીમાં રહી અને (લગભગ) હિ.સ. ૧૧૫૦માં તેણે વહાબી ધર્મ અપનાવ્યો અને બ્રિટને તેને લશ્કરી પીઠબળ વગેરે પૂરુ પાડીને નજદનો હાકિમ બનાવી દીધો અને ક્રમે ક્રમે સુન્ની મુસ્લિમોની ઉષ્માની હુકૂમતનો ખાત્મો બોલાવવા વિવિધ પેંતરા થતા રહ્યા, અને વરસોથી યહૂદી ઈસાઈને હંફાવતી અને હરાવતી આ હુકૂમતને અંગ્રેજોના આ ટટ્ટુઓ વહાબીઓ નજદીઓએ તોડાવી નાખી અને એના જ કારણે આજે જગતભરમાં મુસ્લિમો બેહાલ થઈ રહ્યા છે.

### ★ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીના જુલ્મોની દાસ્તાન ! ★

દાસ્તાન ઘણી લાંબી છે જેને "તારીખે નજદો હિજાઝ" વગેરે કિતાબોમાં વાંચી શકાય છે કે આ ઈબ્ને સઊદ તથા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબે અંગ્રેજોના સહારે મક્કા મદીના તથા અન્ય પવિત્ર શહેરો તથા અન્ય સ્થળો પર કેવા હુમ્લા કર્યા અને શિર્કની ખોટી વ્યાખ્યા કરીને ખુશ અકીદા સુન્ની મુસલમાનોને મુશ્રિક ઠરાવી કેવી રીતે લૂંટયા, કેવી રીતે કત્લ કર્યા, ઔરતોની કેવી બેઈજ્જતી કરી, કોનાં કોનાં પવિત્ર મઝારો તથા મસ્જિદો તોડી પાડી. હિ.સ. ૧૧૦૫માં જન્મેલ આ જાલિમ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીએ ઈ.સ. ૧૭૩૭ હિ.સ. ૧૧૫૦માં વહાબિયતની જાહેરાત કરી. તેના જુલ્મોની થોડીક વિગત જોઈ લો : **અલ્લામા જમીલ ઈરાકી**એ “અલ ફજરુસ્સાદિક” માં એક જગ્યાએ શયખે નજ્દીની શયતાનિયત તેમજ ફિત્નાપર્દાઝીનું જે ચિત્ર દોર્યું છે એ જોઈ લઈએ. અલ્લામા જમીલ ફર્માવે છે કે : "શયખે નજ્દી મોહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબનો પ્રથમ ફિત્નો તો એ છે કે, તેણે મોટી સંખ્યામાં ઈલ્મી કિતાબો સળગાવી દીધી, બીજું એ કે, ઉલ્માએ ઈસ્લામને કતલ કર્યા. આ પ્રમાણે જ ખાસ અને આમ મુસ્લિમોમાંથી બેહિસાબ બેગુનાહ મુસલમાનોનાં નાહક ખૂનથી પોતાના હાથ લાલ કર્યા. અને એ જ શયખે

નજદીએ મુસલમાનોના કતલને હલાલ તેમજ તેમના માલની લૂંટ જાઈઝ ઠરાવ્યાં. શયખે નજ્દીનું ત્રીજું બદતર કાર્ય એ છે કે **તેણે ઔલિયા અલ્લાહની કબરો ખોદાવી કઢાવી.** એથીયે અધિક ચોથુ ખરાબ કાર્ય તેણે 'ઈહસા' ના (એક જગાનું નામ છે) **ઔલિયાએ કિરામના મઝારાતો બયતુલ ખલા (જાજરૂ)માં ફેરવી નાખ્યાં.** (અલ્લાહની પનાહ !) લોકોને 'દલાઈલુલ ખૈરાત શરીફ' અને અન્ય ઝિક્રો અઝકાર પઢવાની મનાઈ કરી દીધી. આ પ્રમાણે મીલાદ શરીફ તથા મસ્જિદોના મીનારાઓ પર અઝાન પછી દુરૂદ શરીફ પઢવાથી રોકતો હતો. એટલું જ નહીં આવા મુબારક કાર્યો કરનારાઓને કતલ પણ કરી નાખતો. નમાઝ પછી દુઆ માંગવાની મનાઈ કરતો. અંબિયા, ફરિશ્તાઓ, અલ્લાહના વલીઓના વસીલાથી દુઆ માંગવાને ખુલ્લે ખુલ્લુ કુફ્ર ઠરાવતો અને કહેતો કે જે શખ્સ કોઈને મૌલાના કે સૈયદના કહે તે પણ કાફિર છે. *(તારીખે નજ્દો હિજાઝ)* "દીનમાં કોઈ જબર દસ્તી નથી" એ કુર્આનના ફર્માનને ભૂલીને લોકો પર કેવો જુલ્મ કર્યો ?!

આ જ અલ્લામા જમીલ ઈરાકી, એ જ કિતાબના પેજ ૧૯ તથા ૨૦માં ફર્માવે છે કે, શયખ નજ્દીએ મોહમ્મદ ઈબ્ને સઊદ (નજદી બાદશાહ) માટે ''કુશફૂશ્શુબ્હાત'' નામે કિતાબ લખી. આ કિતાબમાં તેણે બધા જ મુસલમાનોને કાફિર ઠરાવ્યા અને એવું અનુમાન કર્યું કે, **૬૦૦ વર્ષથી તમામ મુસલમાનો (એમાં ખ્વાજા ગરીબ નવાઝ, ગૌષ પાક, સૈયદ અહમદ કબીર રિફાઈ તથા પુષ્કળ બુઝુર્ગો પણ આવી જાય છે.–તંત્રી) કુફ્ર, શિર્કમાં સંકળાએલા છે. કુર્આન કરીમની જે આયતો કાફિરો માટે નાઝિલ થઈ હતી તેને નેક મુસલમાનો પર ફીટ કરી.** ઈબ્ને સઊદે પોતાના રાજ્ય વિસ્તારની સરહદો વધારવા આ કિતાબને વસીલો બનાવી લીધી કે અરબો તેની જ તાબેદારી કરે.

ઈસ્લામના ઈતિહાસમાં જે ઐતિહાસિક મસ્જિદો, સહાબા તથા એહલે બયતના મઝારો ૧૩૦૦ વરસથી દુનિયાના સર્વ અવલિયાએ કિરામ ઉલમાએ એહલે સુન્નતની આંખોની ઠંડક હતાં તેને શિર્કના નામે ઈબ્ને અબ્દુલ વહાબના પંથ પર ચાલતા અર્વાચીન તૌહીદના ઠેકેદારોએ શિર્કની નવીન કુર્આન હદીષ વિરૂધ્ધ વ્યાખ્યા ઘડીને તેને "યા અંગ્રેજ અલ મદદ !" કરીને સત્તા પામેલા સઊદીઓએ તોડી પાડયાં. ૧૩૦૦ વર્ષ પછી શિર્ક કોને કહેવાય તેને સમજનારા જાણે હવે પેદા થયા ! (મઆઝલ્લાહ !) *(રહનુમાએ હક્ક઼)*

## ★ વહાબીઓના જુલ્મની દાસ્તાન ★

"યા રસૂલલ્લાહ ! અલમદદ !"ને શિર્ક કહેનારા વહાબી, દેવબંદીઓએ અંગ્રેજોની ગુલામી સ્વીકારી "અલ મદદ યા બ્રિટન !"ના પોકાર સાથે સઊદી પર કબજો જમાવ્યા બાદ વહાબીઓ દ્વારા ૧૯૨૫માં તોડી પાડેલ સહાબાના તેમજ ખાનદાને નબુવ્વતના મઝારો તેમજ ઐતિહાસિક મસ્જિદોની યાદી જે ૧૩૦૦ વરસથી દુનિયાના દરેક ઔલિયાએ કિરામ બુઝુર્ગાને દીનની આંખોની ઠંડક હતી તે ૧૫૦ વરસથી પેદા થયેલ દેવબંદી વહાબીઓને મૂર્તિ પૂજા લાગી ! :–

## ★ વહાબીઓ દ્વારા તોડી પડાયેલ ઐતિહાસિક મસ્જિદો ★

**૧.** મસ્જિદે ફાતેમા, મુત્તસિલ મસ્જિદે કુબા. **૨.** મસ્જિદે સનાયા. (ઓહદનું મેદાન જ્યાં હુઝૂર ﷺના દાંત મુબારક શહીદ થયા.) **૩.** મસ્જિદે મનાઝેતીન. **૪.** મસ્જિદે માએદા. (જ્યાં સૂરએ માએદહ્ નાઝિલ થઈ હતી.) **૫.** મસ્જિદે ઈજાબા (જ્યાં સરકારની એક અતિ મહત્વની દુઆ કુબૂલ થઈ હતી.) હુઝૂર ﷺ ના મઝારે અક઼દસને (મઆઝલ્લાહ) " સનમે અકબર" (સૌથી મહાન મૂર્તિ) ઠરાવી ખોદી કાઢવાની કોશિશ પણ કરી હતી, પરંતુ તેમનું કાંઈ ચાલ્યું નહીં.

## ★ વહાબીઓ દ્વારા તોડી પાડેલા ખાનદાને નબુવ્વતની શાહઝાદીઓનાં મઝારાત ★

૧. રસૂલે ખુદા ﷺ ની શાહઝાદી હઝરત સૈયદા ફાતેમા رضی اللہ عنہا ૨. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઝૈનબ رضی اللہ عنہا ૩. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઉમ્મે કુલ્પૂમ رضی اللہ عنہا ૪. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે રુકૈયા رضی اللہ عنہا ૫. હઝરતે ફાતેમા સુગરા (બિન્તે હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہا)

## ★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ ઉમ્મતની પાકદામન માંઓના મઝાર ★

૧. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ૨. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે ઝૈનબ رضی اللہ عنہا ૩. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે સૌદા رضی اللہ عنہا ૪. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે હફસા رضی اللہ عنہا ★ કુલ ૯ અજવાઝે તય્યેબાતનાં મઝારાત

## ★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ મશ્હૂર એહલે બૈતનાં મઝાર શરીફ ★

૧. શાહઝાદએ રસૂલ ﷺ હઝરતે ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ ૨. સરે મુબારક હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہ ૩. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન رضی اللہ عنہ ૪. જિગર ગોશએ રસૂલ ﷺ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ૫. ઉમ્મુન્નબી (હુઝૂર ﷺ ના કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہ ૬. હઝરત ઈમામ જા'ફર સાદિક્ رضی اللہ عنہ ૭. હઝરત ઈમામ મુહમ્મદ બાકર رضی اللہ عنہ

## ★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ મશ્હૂર સહાબા અને તાબેઈનના મઝારો ★

૧. અમીરુલ મુ'મિનીન હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ ૨. હઝરત સૈયેદેના ઉષ્માન ઈબ્ને મજઊન رضی اللہ عنہ ૩. હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ ૪. હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ ૫. હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ૬. હઝરત ઈમામ નાફિઅ્ رضی اللہ عنہ –*(રિપોર્ટ ખિલાફત કમિટી, પાન ૮૦ થી ૮૯)*

આ નજદીઓના ધર્મમાં "નબી વલીથી મદદ માંગવી શિર્ક છે," જ્યારે કે **૧૪૦૦ વરસથી કુર્આન હદીષની રૂએ બુઝુર્ગો, ઉલમા તથા સર્વ મુસલમાનોનો અકીદો રબની અતાથી નબી વલીથી મદદ માંગવી જાઈઝનો રહ્યો છે.** એનાથી ઉલ્ટુ જેમ કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબે નવો અકીદો ઘડયો કે : **"જેણે નબી વગેરેને પોતાના વલી (મદદગાર) માન્યા તો તે તથા અબૂજહલ શિર્કમાં સરખા છે."** (કિતાબુત્તૌહીદ) જ્યારે કે **કુર્આનમાં** છે કે : اِنَّمَا وَلِیُّکُمُ اللّٰہُ وَرَسُوْلُہٗ **"બેશક ! અલ્લાહ તથા તેના રસૂલ તમારા મદદગાર છે."** એટલે કે અલ્લાહ પણ મદદગાર છે અને તેની અતાથી તેના રસૂલ પણ મદદગાર છે. છતાં કુર્આન વિરૂધ્ધ આવો અકીદો બહાર પાડયો.

તેણે **નબી કરીમ ﷺના મઝારે પાકને 'સનમે અકબર' (મહાન મૂર્તિ) કહ્યું.** તદ્ઉપરાંત ફતિહુલ મજીદ શરહે કિતાબુત્તૌહીદ, પેજ–૨૦૦ ઉપર ઈબ્ને કૈયિમનો કૌલ નકલ કર્યો કે, **"કબર ઉપરના મઝારને તોડી પાડવો વાજિબ છે."** *(ફતિહુલ મજીદ શરહે કિતાબુત્તૌહીદ)*

ખૂદ દેવબંદી મોલ્વી હુસૈન અહમદ મદની (ટાંડવી) વહાબીઓના અકીદા વિશે લખે છે : **"મઝારે પાકની મુલાકાત લેવાના ઈરાદાથી મદીના મુનવ્વરાની સફરને વહાબીઓ વ્યભિચાર (ઝિના) સમાન ગણે છે."** *(શિહાબુષ્ષાકિબ, પેજ–૪૬)* જ્યારે કે હદીષે પાકમાં રોઝાએ મુબારકાની ઝિયારતની નિય્યતે આવનારને જન્નતની બશારત આપવામાં આવેલી છે.

શેખે નજદીની સામે એના ચેલાએ હુઝૂરની શાનમાં તૌહીન કરતાં કહ્યું કે, **"મારી લાકડી મુહમ્મદથી**

**બેહતર છે** કારણ કે એનાથી અમે કૂતરાને ભગાડી શકીએ છીએ. **મુહમ્મદ તો મૃત્યુ પામ્યા છે** તેથી હવે **તેમનાથી કોઈ લાભ ન રહ્યો**. તે તો એક માત્ર 'એલચી' (સંદેશવાહક) હતા, જે આ દુનિયાથી જતા રહ્યા છે." મુફતીએ મક્કા હઝરત ઝયની દહલાને હુકમ બયાન કર્યો કે, કેટલાક ઉલમાએ જણાવ્યું કે "શયખે નજદીનું ઉપરોક્ત કથન ચારેવ મઝહબમાં કુફ્ર છે, અને કેટલાક ઉલમાએ કહ્યું કે પ્રસ્તુત કથન તમામ અહલે ઈસ્લામની નજીક કુફ્ર છે.

આરિફ બિલ્લાહ ઈમામ અહમદ સાવી 'તફસીરે સાવી'માં ફર્માવે છે કે, " બસ ! જેણે ગુમાન કર્યું કે **નબી અન્ય લોકોની જેમ છે**, કોઈ ચીજના માલિક નથી. તેમનાથી ન જાહેર ન બાતિન (આંત્રિક) નફો પહોંચે છે, તો **તે કાફિર છે**, તેની દુનિયા તથા આખેરત બર્બાદ છે." *(તફસીરે સાવી)* નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, "**અહીં (નજ્દ)થી શૈતાની જમાઅત નીકળશે અને તે એવો ફિત્નો ફેલાવશે જેનાથી ઈસ્લામી કિલ્લામાં ધરતીકંપ પેદા થઈ જશે.** *(બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ)*

મારી ઈન્સાફિપ્રિય વાંચકોને વિનંતિ કે ફરી એકવાર ઉપરોક્ત લખાણો પર નજર કરી જાવ તો વાત સ્પષ્ટ થઈ જશે તે જ આ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીની જમાઅત છે કે જેની ખબર ગયબદાં નબી ﷺએ આપી હતી અને જેણે ઈસ્લામી જગતમાં ધરતીકંપો મચાવી દીધા, મુસ્લિમોને વેરવિખેર કરી નાખ્યા, અંદરોઅંદર ખૂના મરકી કરવામાં આવી અને જગતભરમાં જે હાક મુસ્લિમોની હતી તે નાબૂદ થઈ ગઈ અને ગૈરો સવાર થઈ ગયા.

આ ધરતીકંપના આંચકા જગતભરમાં ફેલાયા. હિંદુસ્તાનમાં આ વહાબિયતને ફેલાવનાર મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેણે એ જ ઈબ્ને અબ્દુલ વહાબની કિતાબુત્તૌહીદનું ભાષાંતર કરી તેના પરથી નબી વલીની શાનમાં ગુસ્તાખી કરતી કિતાબ 'તક્વિયતુલ ઈમાન' નામથી પ્રસિધ્ધ કરી. અને અખંડ ભારતમાં મુસલમાનોમાં ઠેરઠેર લડાઈઓ ખડી કરી આપી જેનો ક્રમ આજ સુધી ચાલુ છે.

હિંદમાં દેવબંદમાં તેનું મર્કઝ સ્થપાયુ પછી ક્રમે ક્રમે અન્ય ઠેકાણે તેનો ફેલાવો થયો. અને ભરૂચ જિલ્લા ખાતે આ નજદી વહાબીઓના અકીદા ફેલાવવા માટે "કંથારીયા" મુકામે જ લગભગ ઈ.સ. ૧૯૬૭માં 'દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિયહ ભરૂચ' નામથી વહાબિયતનું મર્કઝ સ્થપાયું જેણે વહાબી દેવબંદી અકીદાનો ફેલાવો કર્યો અને કેટલાય લોકોનાં ઈમાન બર્બાદ કર્યા તથા તેના "દારુલ ઉલૂમ" નામના માસિકમાં સતત વહાબી અકીદા નબી વલીની શાન વિરુદ્ધ છાપીને તેની પ્રસિધ્ધિ થતી રહે છે. અને એ જ હેતુસર મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "તકવિયતુલ ઈમાન"નો ગુજરાતી અનુવાદ પણ પ્રસિદ્ધ કર્યો છે, જેમાં અમારી પાસે જે એની ગુજરાતી આવૃત્તિ પ્રકાશન નં. ૯૬ છે તેના પેજ નં. ૧૬ ઉપર હાશિયામાં મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી સંબંધે લખ્યું છે કે, "નજદના ભારે રંજાડાયેલા (મઝલૂમ), વિખ્યાત સુધારક, સુન્નતને નવજીવન દેવાની ચળવળ માંડનાર......દર્શાવ્યો તથા સઊદી સલ્તનતને કુર્આન અને સુન્નતથી વધુ નિકટતર દર્શાવી છે. *(તકવિયતુલ ઈમાન ગુજરાતી, પેજ-૧૬, કંથારીઆ, જિ. ભરૂચ)*

ઉપરોક્ત લખાણમાં નજદીઓના જુલ્મની દાસ્તાનો તમે જોઈ લીધી તેની દારુલ ઉલૂમ કંથારીયાવાળાઓએ આ શબ્દોમાં પ્રશંસા કરીને પોતાની વહાબિયત પર મોહર મારી દીધી છે. એ જ પ્રમાણે દેવબંદી પેશવાઓનાં મંતવ્યો પણ આ જાલિમ મુહમ્મદ ઈબ્ને વહહાબ નજદી વિશે જોઈ લો :-

### ★ ઈબ્ને અબ્દુલ વહાબ વિશે દેવબંદી/જમાતી મોલ્વીઓની માન્યતા ★

મૌલ્વી અશ્રફ અલી થાનવી દેવબંદી જણાવે છે કે : "જો મારી પાસે દસ હજાર રૂપિયા હોત તો

મધ્યમો પગાર નક્કી કરી દઉં, પછી લોકો આપમેળે વહાબી બની જશે.'' *(અલ્ ઈફાદતુલ્ યવ્મિયહ્)*

મૌલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે કે, ''મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના મુક્તદીઓને વહાબી કહે છે અને તેમના અકીદાઓ **ઉમદા (સારા)** હતા.'' *(ફતવાએ રશીદિયહ. પેજ-૫૫૧)*

ઈલ્યાસી, તબ્લીગી, દેવબંદીઓના મહા મહારથી મુનાઝિર તથા દારુલ ઉલૂમ દેવબંદની સલાહકાર સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ મૌલાના મંઝૂર નોઅમાની જણાવે છે કે, ''અમે પોતે અમારા બારામાં સફાઈપૂર્વક અર્ઝ કરીએ છીએ કે **અમે સખત વહાબી છીએ !''** એના જવાબમાં તબ્લીગી, દેવબંદીઓના હઝરતજી (જેમની તબ્લીગી નિસાબ કિતાબ તબ્લીગીઓ મસ્જિદમાં કૂંડાળું વળી પઢે છે) એટલે કે મૌલાના ઝકરિયા મહાશય ફર્માવે છે, ''મૌલ્વી સાહેબ ! **હું પોતે તમારાથી મોટો વહાબી છું !''** *(સવાનેહે મુહમ્મદ યૂસુફ)*

આ હકીકત માલૂમ કર્યા પછી હવે મારો ખયાલ છે કે, તબ્લીગી અને દેવબંદીઓના વહાબી હોવામાં કોઈ પ્રકારની શંકાને સ્થાન રહેતુ નથી.

સારાંશ કે આ "દેવબંદિયત" એ "વહાબિયત"નું જ બીજુ નામ છે, તેમના સર્વ અકીદા એ જ **આતંકવાદી** તથા **જાલિમ** (જેના જુલ્મો અગાઉ તમે જોયા જેને કંથારીયાવાળા મઝલૂમ કહે છે !) મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ જેવા છે જેનો ઉલ્લેખ "તકવિયતુલ ઈમાન"માં છે તથા સર્વ દેવબંદી પેશવાઓની કિતાબો તથા ફતાવાઓમાં જોવા મળે છે. તેઓએ જ અલ્લાહના વલીઓના મઝારોથી નફરત કરવાની પ્રેરણા કરતાં સતત લખાણો લખ્યાં જેના પ્રતાપે એક એવી કૌમ ઊભી થઈ જેણે જગતભરમાં આતંકવાદને જન્મ આપ્યો અને પૂરી કૌમને બર્બાદી તથા બદ્નામીની ખાઈમાં ધકેલી દીધી છે. હાલમાં જ પાકિસ્તાનમાં એ જ વહાબી તાલિબાન આતંકવાદીઓએ હઝરત દાતાગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہના પવિત્ર મઝાર પર કે જ્યાં ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ હિંદ આવતા પહેલાં ૪૦ દિવસ ચિલ્લામાં રહ્યા હતા તે મહાન બુઝુર્ગના આસ્તાના પર આત્મઘાતી હુમ્લા કર્યા. જેનાથી કેટલાય લોકો મૃત્યુ પામ્યા અને પુષ્કળ લોકો ઘાયલ થયા, અને એવા બનાવો અન્ય દરગાહો પર તથા મીલાદુન્નબી صلی اللہ علیہ وسلمના જલસાઓમાં પાક.માં બન્યા છે. તો આ **આતંકવાદ** એ એ જ **વહાબિયત દેવબંદિયતની જ દૈન** છે. કેમ કે એમના અકીદામાં એને જેહાદ દર્શાવ્યું છે અને એ કહેવાતા જેહાદ દરમ્યાન મરનારને શહીદ દર્શાવેલ છે. કિતાબ તકવિયતુલ ઈમાનમાં નબી વલીની કબ્ર તરફ સફર કરવી **શિર્ક** કહ્યું છે, જેથી સુન્નીઓને તેઓ મુશ્રિક ગણે છે તથા મઝારો તોડનારને મુજાહિદ અને એમના અકીદા વિરૂધ્ધ હોય તેને મારી નાખનારને જન્નતની બશારત દર્શાવી છે.

આટલા લખાણ પરથી વાંચકો સમજી શકે છે કે દરગાહોને તોડવાની પ્રેરણા ક્યાંથી આવી છે. અંતમાં અમે તે ભોળા મુસ્લિમ ભાઈઓ જેઓ અજ્ઞાનતામાં આ દેવબંદી વહાબીઓની અલ્લાહના વલીઓની દરગાહો વિરુદ્ધ ઉશ્કેરણી કરતી વાતોમાં આવી ગયા છે અને શિર્કની અસલ કુર્આન હદીષની રૂએ થતી વ્યાખ્યા સમજ્યા વિના ગૈરમાર્ગે દોરાયા છે તેમને નમ્રતાપૂર્વક વિનંતિ કરીએ છીએ કે તેઓ ઈસ્લામના ઈતિહાસનો, નબી પાક صلی اللہ علیہ وسلمની સીરતનો, બુઝુર્ગોના જીવન ચરિત્રનો, સહાબા તથા બુઝુર્ગોના અકીદાઓનો અભ્યાસ કરે તો તેમની આંખો ખુલી જશે કે તેઓને આ વહાબિયત દેવબંદિયતે અસલ ઈસ્લામથી હટાવીને કેવા રવાડે ચઢાવી દીધા છે ! તો એનાથી તૌબા કરી બુઝુર્ગાને દીન જેવા અકીદા અપનાવી અસલ એહલે સુન્નત વ જમાઅતને મજબૂતીથી થામી લે. રબ્બે કરીમ તેના હબીબે પાક صلی اللہ علیہ وسلمના સદકામાં સૌને આ ગુમરાહ જમાઅતો વહાબી દેવબંદીથી બચાવે અને બુઝુર્ગાને દીનના અકીદા પર જીવન જીવવાની તૌફીક આપે. **آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم**

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની ઓળખ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**نام નામ :** આ સૂરત પાકનું નામ આલિ ઈમરાન છે. ઉલમાની એકમતિએ એ મદીના પાકમાં નાઝિલ થઈ. તેના વીસ રુકૂઅ છે, ૨૦૦ આયતો, ૩૫૪૨ શબ્દો અને ૧૫૩૩૬ અક્ષરો છે.

**વિષય :** આ સૂરતમાં ઘણા જ સ્પષ્ટ અંદાજમાં એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે માનવીની હિદાયતના માટે તેના ખાલિકે જે બંધારણ અર્પણ કર્યું તે એક જ છે અને તેનું નામ છે "ઈસ્લામ ધર્મ". આ દીનના પાયાના અક઼ીદા તથા મૂળભૂત નિયમો સમય તથા સ્થળના ફેરફાર છતાં હમેશાંના ક઼ાયમી છે. અને તેનું કારણ એ છે કે આ દીન માનવ બુદ્ધિની સર્જન કરેલી ચીજ નથી બલ્કે અલ્લાહનો દીન છે જે હક઼્ક઼ (સત્ય) છે અને હક઼્ક઼ એક જ હોય છે દરેક જમાનામાં, દરેક સંજોગોમાં ઈસ્લામના નામથી ભડકનારા અહલે કિતાબને સાફ સાફ દર્શાવી આપ્યું છે કે જે અંબિયાએ કિરામ (નબીઓ)ના નામ પર તમે અલગ અલગ ધર્મનો પાયો નાખી રહ્યા છો એ સૌનો દીન તો ઈસ્લામ હતો. તમારા દાદા હઝરત ઈબ્રાહીમ علیہ السلام પણ ઈસ્લામ ધર્મના ઝંડાધારી હતા.

આ રીતે કુર્આને હકીમે દીન તથા મઝહબના નામ પર માનવ એકતાના ટુકડા ટુકડા કરવાવાળી ચળવળો પર કારમો ઘા લગાડયો અને માનવ એકતા માટે એક એવો મજબૂત પાયો પૂરો પાડયો. જ્યારે પણ માનવ પોતાની અંગત, વતની તથા જાતિય સ્વાર્થવૃત્તિથી મુક્તિ હાંસલ કરવામાં કામયાબ થઈ ગયો તો તે એકતા તથા મહોબ્બતના સંબંધમાં જોડાય જશે.

કેમ કે સર્વ અંબિયા એક જ ધર્મના નિમંત્રક (દાઈ) તથા મુબલ્લિગ હતા એટલા માટે દરેક નબીએ પોતાનાથી અગાઉ થઈ જનારા નબીઓ તથા રસૂલોનું સમર્થન કર્યું અને પોતપોતાની ઉમ્મતોને બાદમાં આવનારા નબીઓ પર ઈમાન લાવવાની હિદાયત કરી. એ જ સુન્નત પર હુઝૂર ﷺએ અમલ કર્યો અને સર્વ માઝી અંબિયા તથા રસૂલોનું સમર્થન કર્યું, પરંતુ હુઝૂર ﷺ પછી કેમ કે કોઈ અન્ય નબી આવનાર ન હતો એટલા માટે કોઈ નવા નબી પર ઈમાન લાવવાનો હુકમ નથી આપ્યો. ખત્મે નબુવ્વતની આ પણ ઉઘાડી દલીલ છે.

તે ખત્મુર્રુસુલ, મૌલાએ કુલની ઝાતે કુદ્સી સિફાત (ફરિશ્તામય ગુણોવાળી હસ્તી)ને મશિય્યતે ઈલાહીએ માનવતાના વિખેરાયેલા તથા છિન્ન ભિન્ન પાનાંઓની ગોઠવણીના માટે તજવીઝ (નિયુક્ત) કર્યા હતા. એના વિશે સર્વ અંબિયાને હુકમ આપ્યો કે એના પર ઈમાન લાવે અને એની મદદ તથા સમર્થન કરવાનો પાકો વાયદો કરે, જેથી ઉમ્મતીઓને ઈન્કારની મજાલ ન રહે.

આ સંજોગોમાં એ સર્વ બાબતોનો ઉલ્લેખ કરીને એવું દર્શાવી આપ્યું કે માનવોની આ આમને સામને ટકરાઈ રહેલી ટોળીઓની એકતા તથા સહમતિ જો થઈ શકે છે તો કેવળ ઈસ્લામના ઝંડા હેઠળ તથા હુઝૂર રહ્‌મતુલ લિલ્ આલમીન ﷺની સરદારીમાં જ થઈ શકે છે.

**૨.** સૂરએ બક઼રહમાં યહૂદીઓની સુધારણા માટે ભરપૂર કોશિશ કરવામાં આવી હતી, કેમ કે યહૂદી મદીનાના રહેવાસી હતા અને દરેક સવારે તથા સાંજે મુસલમાનોને તેમનો સંપર્ક થતો હતો. આ સૂરતમાં ઈસાઈઓના અક઼ીદાઓની સુધારણા પાછળ ખાસ ધ્યાન કરવામાં આવ્યું છે કે અને તેમના "ત્રણ ખુદા"વાળા અક઼ીદાની એવી સખત પકડ કરવામાં આવી

છે કે જેનો જવાબ મસીહના પૂજારીઓ પાસે ન ત્યારે હતો ન આજે છે. આ સૂરતોનો ઘણો બધો હિસ્સો ત્યારે નાઝિલ થયો જ્યારે નજરાનના ઈસાઈઓના આલિમો તથા રઈસોનું એક પ્રતિનિધિમંડળ બારગાહે રિસાલતમાં હાજર થયું અને પોતાના અક઼ીદાઓના સંબંધે હુઝૂર ﷺ સાથે મુનાઝરો શરૂ કર્યો.

**૩.** સૂરએ બક઼રહમાં મુસલમાનોને કાફિરો સાથે જેહાદ કરવાની પરવાનગી આપવામાં આવી હતી, ત્યાર બાદ કુફ્ર તથા ઈસ્લામની જંગોનો ક્રમ શરૂ થઈ ગયો. પ્રથમ જંગ બદરના મેદાનમાં લડવામાં આવી જેમાં મુટ્ઠીભર મુસલમાનોએ પોતાની બેસરોસામાની છતાં કાફિરોને સખત હાર આપી. પણ આ હારે કાફિરોને વેરના ગુસ્સાની આગમાં ભડકાવી દીધા, બદલાની આગ ભડકી ઉઠી. યહૂદીઓએ પણ પોતાની સાઝિશોને અધિક તેજ કરી દીધી. એક વરસ પણ પસાર ન થયું હતું એવામાં પૂરા સાઝો સામાન સાથે મક્કાના મુશ્રિકોએ મદીના પર હુમ્લો કરી આપ્યો. ઓહદ પહાડના મેદાનમાં મુક઼ાબલો થયો. પ્રારંભમાં મુસલમાનોએ કાફિરોને ભાગવા પર મજબૂર કરી આપ્યા પણ અમુક નવયુવાનોની ઉતાવળે જંગનો નક઼્શો બદલી નાખ્યો. જેમાં મુસલમાનોનું સખત જાની નુકસાન થયું. આ સૂરતમાં દુશ્મનો (યહૂદીઓ તથા મુનાફિક઼ો)ના ષડયંત્રો (સાઝિશો)નો પર્દો ચીરી કાઢવામાં આવ્યો અને મુસલમાનોને તેમની પોતાની ભૂલો પર ચેતવણી કરીને તેમનાથી ભાવિમાં બચવાની સૂચના આપવામાં આવી. આ જ તર્બિયતે ઈલાહી અને તાદીબે ખુદાવંદી (માર્ગદર્શનો)નું પરિણામ હતું કે મુસલમાનોનું આ થોડુક સરખુ લશ્કર કૈસર તથા કિસ્રાની ફોજોને કચડતુ પછાડતુ પસાર થઈ ગયું.

**૪.** આ સૂરતમાં મુસલમાનોને પોતાના ઉચ્ચ સ્થાન અને સ્થાનની જિમ્મેદારી (ફર્ઝો)થી માહિતગાર કરવામાં આવ્યા છે કે તમે "ખયરે ઉમ્મ" (સૌમાં બેહતરીન ઉમ્મત) છો અને તમારી ખયરાત તથા બરકતો કેવળ પોતાના માટે જ અને પોતાનાંઓ માટે જ નહીં બલ્કે સર્વ સૃષ્ટિના માટે સર્વ માનવજાત માટે છે. અને આ પદ જેટલુ મહાન તથા ઉચ્ચ છે એટલું જ કઠિન તથા મુશ્કેલીવાળુ છે, એટલા માટે તમારે આપસમાં મહોબ્બત તથા એકતાની જરૂરત છે. તમને વહાવીને લઈ જવા માટે હસદ તથા અદાવતનાં તોફાનો ઉછરી ઉછરીને આવશે, જો તમે અલ્લાહ તઆલાની રસ્સીને મજબૂતીથી પકડેલ ન રાખી અને ઈસ્લામી ભાઈચારાની ભાવનાથી સરશાર (ભરચક) ન રહ્યા અને આપસમાં માથાં ફોડવાનું શરૂ કરી આપ્યું તો ન કેવળ તમે પોતાના ઉચ્ચ સ્થાનેથી બરખાસ્ત ન થઈ જશો, બલ્કે તમારી પોતાની ઈજ્જત તથા સલામતી ખતરામાં પડી જશે.

**૫.** આર્થિક અસદ્ધરતા ક઼ૌમની સફોને વેરવિખેર કરી નાખે છે અને એની હાજરીમાં કોઈ સલાહ, શીખામણ, વઅઝ, નસીહત અસરકારક પુરવાર નથી થતી. અને એનું એક અતિ મહાન કારણ વ્યાજખોરીની જાલિમ વ્યવસ્થા છે. એટલા માટે એના હરામ હોવાને અહીં ફરી દોહરાવવામાં આવ્યું જેથી કરીને ક઼ૌમ આવાં કામોથી બચેલી રહે જે એની સફોમાં વિખવાદ તથા દિમાગોમાં અજંપો પેદા કરવાનો સબબ બની શકે છે.

**૬.** અંતમાં એક અધિક બાબત જેના પ્રતિ વાંચકોનું ધ્યાન દોરવાનું જરૂરી સમજુ છું તે એ છે કે હઝરત સૈયિદિના ઈસા ઈબ્ને મરયમ عليه السلام ને લોકોએ ખુદાના પુત્ર કહ્યા, ષાલિષે ષલાષા (ત્રણ ખુદાઓમાંના એક) કહ્યા, તેમના માને ખુદાની પત્ની કહ્યાં જે સરાસર તૌહીદ તથા પાકબાઝીની વિરુદ્ધ છે. કુર્આન કે જે તૌહીદનો સૌથી મહાન શ્રોત તથા નિમંત્રક છે તેણે તેમના આ બાતિલ (ખોટા) અક઼ીદાને જૂઠલાવ્યો અને તેમના બાતિલપણા (ખોટાપણા)ને સ્પષ્ટ કરી આપ્યું. પરંતુ કેવી રીતે ? શું હઝરત ઈસા મસીહની ટીકા કરીને ? શું એમની શાન ઘટાડીને ? શું એમના મો'જિઝાઓનો ઈન્કાર કરીને ? અથવા શું નબુવ્વતના સન્માનને પીઠ પાછળ રાખીને ? હરગિઝ નહીં ! બલ્કે એમના તક઼દુસ (પવિત્રતા)નો ઉલ્લેખ કર્યો, તેમના નિયામાનુસારથી અલગ રીતે થયેલી પેદાઈશને વર્ણવી, તેમની બુદ્ધિને આશ્ચર્યમાં નાખવા મો'જિઝાઓને ઘણી જ શાનપૂર્વક રજૂ કર્યા કે તે અલ્લાહના હુકમથી મુડદાંઓને જીવંત અને આંધળાઓને દેખતા કરે છે. લોકોનાં ઘરોમાં રાખેલી ચીજોને જાણે છે, અને જે કાંઈ તેઓ ક્યાંક બેસીને ખાય છે તેમને એની ખબર છે. સારાંશ કે તૌહીદની સાબિતીના

વખતે પણ પયંગબરના ઉચ્ચ સ્થાનને ઘટાડયું નથી. તો હવે તે લોકો પોતાના ગલત ગુમાનના પ્રમાણે મુસલમાનોને મુશ્રિક ધારીને તેમને તૌહીદની તા'લીમ આપતી વખતે હુઝૂર ફખ્રે મૌજૂદાત, મસ્દરે કમાલાત, નૂરે મુજસ્સમ ﷺની ઉચ્ચ શાનમાં બેબાકી કરે છે અને હુઝૂર ﷺની ઝાતે પાક તથા અતહરના ઈલ્મી તથા અમલી કમાલોને ઘટાડવાને પોતાની વક્તવ્યકલાની મેઅરાજ સમજે છે તેઓ ખૂદ સમજી લે કે શું તેઓ કુર્આનની ઈત્તેબાઈ (અનુસરણ) કરી રહ્યા છે ? કે એના બતાવ્યા મુજબના તરીકાથી ધડમૂળથી વિરુદ્ધ કરી રહ્યા છે ?

## સૂરએ આલિ ઈમરાન તફસીર

اٰيَاتُهَا ٢٠٠ (٣) سُوْرَةُ اٰلِ عِمْرٰنَ مَدَنِيَّةٌ (٨٩) رُكُوْعَاتُهَا ٢٠

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ۝ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ ۝

**સૂરએ આલિ ઈમરાન મદની છે. તેની આયતો ૨૦૦ અને રુકૂઅ ૨૦ છે. અલ્લાહના નામથી શરૂ કરું છે જે ઘણો જ મહેરબાન અને હમેશાં રહમવાળો છે.**

### ત.....ર્જુ.....મો....

અલિમ–લામ–મીમ[1] અલ્લાહ (તે છે કે) કોઈ ઈબાદતના લાયક નથી તેના સિવાય, જીવંત છે, સૌને જીવંત રાખનાર છે[2].

### તફસીર..............

**૧.** આ હુરૂફે મુક઼ત્તિઆત છે. રૂહુલ મઆનીના કર્તા લખે છે કે, "એનો સાચો ભાવાર્થ હુઝૂર ﷺ પછી કેવળ ઉમ્મતના અવલિયાને માલૂમ છે. વધુ તફસીલના માટે સૂરએ બક઼રહનો હાશિયો–૨ જુઓ.

**૨.** તફસીર કર્તાઓ (મુફસ્સિરીન)એ ફર્માવ્યું છે કે આલિ ઈમરાનની પ્રથમ એંસીથી કાંઈક વધુ આયતો એ વખતે નાઝિલ થઈ જ્યારે નજરાનના ઈસાઈઓનું એક પ્રતિનિધિમંડળ અક઼ીદાઓ વિશે હુઝૂર ﷺ સાથે ચર્ચા કરી રહ્યું હતું એટલા માટે પ્રસંગની યોગ્યતા અનુસાર આ પવિત્ર સૂરતનો પ્રારંભ તૌહીદથી કરવામાં આવ્યો. **لا اله الا هو** દાવો છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ મઅબૂદ (ઈબાદત–પૂજાને લાયક, પૂજ્ય, પુજનીય) નથી અને **اَلْحَیُّ الْقَیُّوْمُ** એની દલીલ છે. એટલે કે મઅબૂદ તો તે થઈ શકે છે જે (**اَلْحَیُّ**) હમેશાંથી જીવંત હોય અને હમેશાં સુધી જીવંત રહેનાર હોય. જે **اَلْقَیُّوْمُ** (અલકૈયૂમ) હોય એટલે દરેક ચીજ પોતાના વજૂદ (અસ્તિત્વ) તથા સલામતિ તથા પોતાના ઉછેરમાં (પાલન પોષણમાં) તેની મોહતાજ હોય. અને આ સિફતો (ગુણ ધર્મો) અલ્લાહની જાતમાં જ જોવા મળે છે એટલા માટે તે એકલો જ મઅબૂદ છે. ઈસા علیہ السلامમાં આ સિફતો (ખૂબીઓ) નથી જોવામાં આવતી જેથી એમના વિશે એવો અક઼ીદો રાખવો ક્યાંની બુદ્ધિની વાત છે ?! ઈસાઈના રદિયાની સાથે સર્વ મુશ્રિક ક઼ૌમોના અક઼ીદા પણ બાતિલ હોવાનુ જાહેર થઈ ગયું જેઓ કોઈ મખ્લૂક઼ને ખુદા બનાવી બેઠેલા છે.

## ★ મૌતુલ આલિમ મૌતુલ આલમ ★

રમઝાનુલ મુબારકના દિવસો દરમ્યાન સુન્ની જગતની બે મહાન ઈલ્મી શખ્સિયતો આ ફાની જગતને અલવિદા કહીને દુનિયાથી રુખસદ થઈ અલ્લાહને પ્યારી થઈ ચૂકી. **૧.** હઝરત મુફતી ક઼ાઝી અબ્દુર્રહીમ બસ્તવી (મુફતી મર્કઝી દારુલ ઈફતા–બરેલી શરીફ) તથા **૨.** હઝરત અલ્લામા મૌલાના ફૈઝ અહમદ ઉવૈસી (પાકિસ્તાન). હઝરત મુફતી ક઼ાઝી સાહબ رحمۃ اللہ علیہ જીવનના અંત સુધી ફતાવા નવેસીનું કામ કરતા રહ્યા અને શરીઅતની પાબંદીમાં સાદગીભર્યું જીવન જીવતા હતા તેમજ અહલે સુન્નતની ખૂબ ખિદમત કરતા ગયા. તેમજ હઝરત અલ્લામા ફૈઝ અહમદ ઉવૈસી (પાકિસ્તાન) رحمۃ اللہ علیہએ પણ સુન્નિયતની બેનમૂન ખિદમત કરી છે. પુષ્કળ કિતાબોના આપ મુસન્નિફ છે અને આપે મસ્લકે આ'લા હઝરતના પ્રચાર પ્રસારમાં જીવન ખપાવ્યું. "હદાઈકે બખ્શિશ"ની લગભગ ૪૮ જિલ્દોમાં આપે શરહ લખી છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં આ ઉલ્માએ અહલે સુન્નતની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને તેમની ક઼બ્રને નૂરથી ભરી આપે. *(આમીન)–તંત્રી*

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ** : હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે, નબી ﷺએ ફર્માવ્યું કે અલ્લાહે સીધા રસ્તાનું દષ્ટાંત પૂરુ પાડયું[૧] અને એ રસ્તાની બંને બાજુ દીવાલો છે જેમાં ઉઘાડા દરવાજાઓ છે અને દરવાજાઓ પર પડદા લટકેલા છે. રસ્તાના કિનારા પર પોકારનારો કહી રહ્યો છે કે રસ્તા પર સીધા ચાલ્યા જાવ, વાંકાચૂકા ન થશો. તેના ઉપર એક પોકારનારો પણ છે જે પુકારે છે, હાય ! અફસોસ ! એને ન ખોલતો, જો ખુલશે તો એમાં ઘૂસી જઈશ.[૨] પછી એની તફસીર આ પ્રમાણે કરી કે રસ્તો તો ઈસ્લામ છે[૩] અને ખુલ્લા દરવાજા એ અલ્લાહની (મુહર્રમાત) હરામ કરેલ ચીજો છે[૪] અને લટકેલા પર્દા એ અલ્લાહની હદો છે[૫] અને રસ્તાના કિનારેથી પુકારનાર કુર્આન છે અને એના ઉપર હલાવનાર અલ્લાહનો વાઈઝ છે જે દરેક દિલમાં હોય છે.[૬] એને રઝીને રિવાયત કરી. અહમદ તથા બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત નવાસ બિન સમ્આનથી નકલ કર્યું. એ જ પ્રમાણે તિર્મિઝીએ તેમનાથી જ, પરંતુ તિર્મિઝીએ કાંઈક ટૂંકાણમાં રિવાયત કરી.

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે[૭] જે સીધા માર્ગે જવા ચાહે તે વિસાલ પામેલા બુઝુર્ગોના માર્ગે ચાલે[૮] કે જીવતાઓ પર ફિત્નાથી અમ્ન નથી[૯] તે બુઝુર્ગો મુહમ્મદ ﷺના સહાબીઓ છે જેઓ આ ઉમ્મતમાં શ્રેષ્ઠ છે[૧૦] દિલના નેક, ગેહરા ઈલ્મવાળા અને દેખાડો કરવામાં (પ્રદર્શન)માં ઓછા હતા.[૧૧] અલ્લાહે તેમને પોતાના નબીની સોહબત કાયમ રાખવા માટે ચૂંટી લીધા[૧૨] એમની બુઝુર્ગી માનો, એમના કદમોના નિશાનો પર ચાલો અને શક્તિ અનુસાર તેમના અખ્લાક તથા સીરત (જીવન પધ્ધતિ)ને મજબૂત પકડો કે તેઓ સીધી હિદાયત પર હતા.[૧૩] *(રઝીન)*

## સ....મ....જૂ....તી....

**૧.** આ હદીષે કુદ્સી છે કેમ કે આ લખાણ કુર્આન મજીદમાં નથી આવ્યું. હુઝૂર ﷺ પર વહી થયું તેને હુઝૂર ﷺએ રબ તઆલાની નિસ્બતથી પોતાના શબ્દોમાં વર્ણન કર્યું. એને 'હદીષે કુદ્સી' કહે છે. સીધા રસ્તાથી મુરાદ નબુવ્વતનો માર્ગ છે. રબ સુધી પહોંચાડનારો, હવે તે કુર્આની રસ્તો કે કોઈ શખ્સ હવે દીને મૂસ્વી કે ઈસ્વીમાં રહીને રબ સુધી નથી પહોંચી શકતો. જૂની જંત્રી (કેલેન્ડર) ગુમરાહ કરે છે.

**૨.** સુબ્હાનલ્લાહ ! શું પ્યારું દષ્ટાંત છે ! જેનો ખુલાસો એ છે કે દુનિયામાં સત્ય તથા જૂઠ, નકલી તથા અસલી ભેગાં થયેલાં છે, પણ તેમાં તફાવત કરવા માટે રબ તઆલાએ ઘણી વ્યવસ્થાઓ કરી આપી છે. ડેરી ફાર્મનું દૂધ અને ખાસ દૂધ બંનેવ સફેદ છે, વિલાયતી અને દેશી સોનુ બંનેવ પીળાં છે, અસલી તથા નકલી ઘી બંનેવ સમાન જણાય છે, પણ કુદરતે તેમાં ફરક કરવા માટે કસોટી તથા અન્ય કળો પેદા કરી આપી છે. એ જ પ્રમાણે અહીં નકલી નબી પણ છે, નકલી દીન પણ, નકલી કિતાબો પણ, નકલી મોલ્વી બલ્કે નકલી ખુદા પણ ! કેમ કે દુનિયા પરીક્ષા ખંડ છે, એમાં ફરકના માટે રબે એ વ્યવસ્થાઓ કરી જે આગળ આવી રહી છે.

**૩.** કે એના વિના ખુદા સુધી પહોંચવું અશક્ય છે. રબ તઆલા ફર્માવે છે :–

وَمَنْ يَّبْتَغِ غَيْرَ الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ જેને રબે

જુર્મ ઠરાવ્યો જેમ કે ઈર્તેદાદ (દીનથી ફરવું), ચોરી, ઝિના વગેરે.....જેથી આ શબ્દોમાં બદ અક઼ીદગી, બદ અમલી સર્વે સામેલ છે.

**૪.** જેનાથી આગળ વધવું જુર્મ છે. એનાથી મુરાદ રબ તઆલાના અહકામ (હુકમો) અને મનાઈઓ છે. બલ્કે અમુક જુર્મો પર સજાઓ છે જેમ કે ઈર્તેદાદ પર ક઼ત્લ, ઝિના પર રજ્મ, ચોરી પર હાથ કાપવું.

**૫.** એટલે કે રબે આંત્રિક તથા બાહ્ય બે વાઈઝ અતા કર્યા છે. બાહ્ય વાઈઝ કુર્આન છે અને આંત્રિક વાઈઝ તે ફરિશ્તા જેઓ મો'મિનના દિલમાં સારા ખયાલો પેદા કરે છે તથા બુરાઈઓથી નફરત પેદા કરતા રહે છે.

**૬.** આ હદીષ 'મૌકૂફ' છે ન કે 'મરફૂઅ' એટલે હઝરત ઈબ્ને મસ્ઊદ સહાબીનું પોતાનું ફર્માન છે. સહાબીના ક઼ૌલ તથા કાર્યને હદીષે મૌકૂફ કહેવામાં આવે છે હુઝૂરનો ક઼ૌલ તથા ફેઅલ (વાણી તથા વર્તન) હદીષે મરફૂઅ કહેવાય છે.

**૭.** આ તર્જુમો ખૂબ જ ઉચ્ચ છે. અશિઅતુલમ્આતે એને જ અપનાવ્યો. એમાં તાબઈનથી સંબોધન છે એટલે **ક઼યામત સુધી જે કોઈ સીધો માર્ગ ચાલવા ચાહે તે સહાબાનું અનુસરણ કરે** ખૂદ કુર્આન તથા હદીષથી કાઢેલા મસાઈલ પૂરતા ન જાણે. એટલા માટે મુજતહિદ ઈમામો સહાબીઓની પયરવી કરવાવાળા છે. એનું સમર્થન હદીષ કરે છે કે, ''મારા સહાબીઓ તારા છે જેની પયરવી કરશો હિદાયત પામશો.'' અને કુર્આને કરીમની આ આયત **صِرَاطَ الَّذِیۡنَ اَنۡعَمۡتَ عَلَیۡہِمۡ** ''હે ખુદા ! અમને એમના માર્ગે ચલાવ જેમના પર તેં ઈનામ કર્યું.'' સૌથી મહાન ઈમાનવાળા સહાબા છે. યાદ રાખશો કે અહીં જીવતાઓથી મુરાદ ગૈરસહાબા છે અને વિસાલ પામેલાથી સર્વ સહાબા, ચાહે જીવંત હોય કે વિસાલ કરી ગયા હોય. જેમ કે આગલા લખાણમાં છે. કેમ કે તે વખતે મોટા ભાગના સહાબા વિસાલ કરી ચૂક્યા હતા એટલા માટે એવું ફર્માવ્યું, જેથી હદીષ પર કોઈ વાંધો નથી કે મરેલા કાફિરોની ઈત્તેબાઅ (અનુસરણ) કરવી જોઈએ અને જીવતા અવલિયા, ઉલમા બલ્કે સહાબાની ઈત્તેબાઅ પર દુરુસ્ત નથી ! મિર્ક઼ાતે ફર્માવ્યું, આ વાત હઝરત ઈબ્ને મસ્ઊદે ઈન્કેસારી (આજીજી) રૂપે ફર્માવી, નહીં તો તે વખતે આપ તથા સર્વ જીવતા સહાબા અનુસરણને પાત્ર હતા જ.

**૮.** અહીં જીવતાથી હાજર તાબઈન મુરાદ છે કેમ કે સહાબીઓથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَ નો જન્નતનો વાયદો થઈ ચૂકયો છે. રબે ફર્માવ્યું :– **وَاَلۡزَمَہُمۡ کَلِمَۃَ التَّقۡوٰی** અને ફર્માવ્યું : **اُولٰٓئِکَ الَّذِیۡنَ امۡتَحَنَ اللّٰہُ قُلُوۡبَہُمۡ لِتَّقۡوٰی** અને ફર્માવ્યું : **وَکَرَّہَ اِلَیۡکُمُ الۡکُفۡرَ وَ الۡفُسُوۡقَ والۡعِصۡیَانَ** અને જેનાથી જાણ થઈ કે રબે સહાબા માટે ઈમાન લાઝિમ (અનિવાર્ય) કરી આપ્યું, તેમનાં દિલોમાં કુફ્ર તથા ફિસ્ક઼ (ગુનાહો)થી નફરત પેદા કરી આપી. વિશેષતઃ હઝરત ઈબ્ને મસ્ઊદને તો જન્નતની બશારત આપી દેવામાં આવી હતી. યાદ રાખશો કે મુર્તદ સહાબી નથી રહેતો અને ઈર્તેદાદથી સહાબિયત નષ્ટ થઈ જાય છે.

**૯.** એટલે કે જેનું મૃત્યુ ઈમાન પર થઈ ગયું તેની સહાબિયત પુખ્તા (પાકી) થઈ ગઈ. એનાથી જાણવા મળ્યું કે તમામ અવલિયા તથા ઉલમા એક સહાબીના પગની ધૂળ બરાબર નથી થઈ શકતા. ફૂલની સોહબતમાં તેલ મહેકી ઉઠે છે તો હુઝૂરની સોહબતમાં દિલ કેમ ન મહેકે ! એની સંપૂર્ણ તેહક઼ીક઼ અમારી કિતાબ 'અમીર મુઆવિયહ'માં જુઓ. અમુક સહાબી અમુકથી અફઝલ છે. રબ તઆલા ફર્માવે છે : **لَا یَسۡتَوِیۡ مِنۡکُمۡ مَنۡ اَنۡفَقَ مِنۡ اقَبۡلِ الۡفَتۡحِ---الخ** ફતહે મક્કાથી પહેલાં ઈમાન લાવનારા સહાબા બાદમાં ઈમાન લાવનારા સહાબા કરતાં અફઝલ છે. યાદ રાખશો કે સહાબી તે છે જે ઈમાન તથા હોશની હાલતમાં હુઝૂરને જુએ, અને ઈમાન પર ખાત્મો પામે.

**૧૦.** સુબ્હાનલ્લાહ ! આ સહાબીઓની સિફાત (ખૂબીઓ) છે કે તેઓ દરેક રીતે હુઝૂરના આજ્ઞાંકિત, સર્વ ઈલ્મોના સમૂહ, બનાવટ દેખાડાથી પાક,

તેમનામાંનો દરેક મુફસ્સિર, મુહદ્દિષ, ફકીર, કારી, સૂફી તથા ફર્ઝોનો જાણકાર હતો, તેમ છતાં ઉઘાડા પગે ફરી લેતા હતા, જમીનની ધૂળ પર સૂઈ રહેતા હતા, મામૂલી ખાવા પર ગુજારો કરી લેતા હતા, ઈલ્મ વિના ફત્વો આપવાની હિંમત ન કરતા હતા, શરીરના ફર્શી (જમીન) હતી અને રૂહના અર્શી હતા, જાહેરમાં ખલ્ક (લોકો) સાથે હતા અંતર (બાતિન)માં ખાલિક્ની પાસે, ગોદડીમાં લપેટાયેલા લઅલ (હિરા) હતા.

**૧૧.** હુઝૂરની સોહબત અકસીરની તાષીર ધરાવે છે, જો એમનામાં કાંઈ પણ ખરાબી હોતી તો રબ પોતાના હબીબને તેમની સાથે ન રાખતો. મહેરબાન બાપ પોતાના અઝીઝ પુત્રના માટે સારા મિત્રો શોધે છે. રબ તઆલાએ પોતાના હબીબની સોહબતના માટે સારા સહાબા ચૂંટી કાઢયા. અણમોલ મોતી સારી ડબ્બીમાં રાખવામાં આવે છે. રબ તઆલાએ કુર્આનની અમાનત સારા સીનાઓમાં રાખી. એ જ હઝરાત કુર્આન હદીષના સંગમ, આપણા સુધી દીન પહોંચાડનારા છે, રબે તેમને ઈમાનનું માપદંડ બનાવ્યા. કેમ કે ફર્માવ્યું اٰمَنُوۡا بِمِثۡلِ مَاۤ اٰمَنۡتُمۡ بِهٖ فَقَدِ اهۡتَدَوۡا "હે સહાબીઓ! જે તમારા જેવું ઈમાન લાવે તે હિદાયત પામશે." યાદ રાખશો કે હુઝૂરે મુખ્લિસો તથા મુનાફિકોની છટણી ન કરી આપી હતી, સૂરએ તૌબાના નુઝૂલ બાદ મુનાફિકોની છટણી કરી દેવામાં આવી હતી. અને કુર્આને કરીમ જણાય છે કેમ કે ફર્માવ્યું : حَتّٰى يَمِيۡزَ الۡخَبِيۡثَ مِنَ الطَّيِّبِ

**૧૨.** જેવી રીતે અલ્લાહની ઈતાઅત (આજ્ઞા પાલન) વિના હુઝૂરની પયરવી (અનુસરણ) અશક્ય છે એવી જ રીતે હુઝૂર ﷺની પયરવી વિના સહાબાની પયરવી અશક્ય છે. હુઝૂર ખુદાનો આઈનો છે અને સહાબા રસૂલનો આઈનો છે. સુબ્હાનલ્લાહ! જ્યારે હઝરત ઈબ્ને મસ્ઊદ જેવા મહાન મો'મિન સહાબાની આવી તારીફ કરી રહ્યા છે તો તેમની અફઝલિયતમાં શું ઉણપ હોઈ શકે છે ?! સહાબીઓનો ઈન્કાર કરવો એ હકીકતમાં હુઝૂરના ફયઝનો ઈન્કાર છે કે હુઝૂરે ૨૩ વર્ષની તબ્લીગમાં કેવળ ચાર પાંચ સહાબી બનાવ્યા!

## હીરા ઝવેરાતની ઝકાત વિશે માહિતી

*–(કાર્યાલય)*

કેટલાક ભાઈઓના તરફથી હીરા ઝવેરાતની ઝકાત વિશે પ્રશ્ન રમઝાનમાં પૂછાયેલો જેથી એની સ્પષ્ટતા અત્રે કરી દઈએ છીએ. **સોના ચાંદીની ઝકાત તો ચાહે તેનાં ઘરેણા બનાવીને પહેરે** કે **તેને રાખી મૂકે તેની ઝકાત કાઢવાની જ છે.** પણ જો **"હીરા ઝવેરાત"** ઔરતે **શણગાર માટે ખરીદેલ છે** તો પણ **એમાં ઝકાત નથી. હા ! વેપારના હેતુથી હોય તો તેની ઝકાત કાઢવી પડશે.** જેમ કે ફિકહની કિતાબોમાં દર્શાવ્યું છે. "જૌહરા નૈયરા"માં છે :–

واماالیواقیت وا للالی والجواهر فلازکاة فیها وان کانت حلیا الا ان تکون للتجارة

"રહ્યા યાકૂત તથા હીરા મોતી, તો તેમાં ઝકાત નથી ભલે ઘરેણાંના રૂપમાં હોય, અલબત્ત વેપારના હેતુથી હોય તો તેમાં ઝકાત છે." *(જૌહરા નૈયરા, ભાગ–૨, પેજ–૧૧૨)*

અને ફતાવા આલમગીરીમાં છે :–

اماالیواقیت واللالی والجواهر فلازکاة فیها وان کانت حلیا الا ان تکون للتجارة

"રહ્યા યાકૂત અને હીરા ઝવેરાત, તો ભલે ઘરેણાંના રૂપમાં હોય તો પણ તેમની ઝકાત નથી, હા! જો વેપાર અર્થે હોય તો ઝકાત છે." *(ફતાવા આલમગીરી, ભાગ–૧, પેજ–૯૨)*

આ પરથી જાણવા મળ્યું કે હીરા ઝવેરાતમાં ઝકાત કેવળ એ જ સંજોગોમાં વાજિબ થાય છે જ્યારે તે વેપાર અર્થે હોય, એ સિવાય કોઈ હાલતમાં ઝકાત વાજિબ થતી નથી. *(હવાલો : ઝકાતના અર્વાચીન મસાઈલ, પેજ–૩૩)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
**મૌલાના સાદિક સાબરી દહેગામી**

**હમ ખાક હૈં ઔર ખાક હી માવા હૈ હમારા**
**ખાકી તો વો આદમ જદ્દે આ'લા હૈ હમારા**

*(ખાક–માટી, માવા–અસલ, ખાકી–માટીથી બનાવેલ, જદ્દે આ'લા–દાદા હઝરત આદમ)*

**અર્થ** : "આપણે સર્વ માટીથી જ પૈદા થયેલ છે અને માટી આપણુ ઠેકાણુ છે કારણ કે હઝરત આદમ علیہ السلام જે આપણા બાપ છે તે માટીથી જ બનેલ છે, જેવું કે કુર્આનથી સાબિત છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

૧. તે અલ્લાહ જેણે તમો સર્વને માટીથી પેદા કર્યા. *(પારા–૨૪, રૂકૂઅ–૭)*
૨. તેણે ઈન્સાનને વાગતી માટીથી બનાવ્યો. *(પારા–૨૭)*
૩. અમોએ તમને તેનાથી (માટીથી) પેદા કર્યા અને તેમાં જ પલટાવીશું અને તેમાંથી જ બીજી વખત કાઢીશું. *(પારા–૧૬)*

એક સૂફીએ પોતાના પીરો મુર્શિદના વિષે કોઈ મોલ્વીના સંબંધમાં કહ્યું, "ચે નિસ્બત ખાક રા બા આલમે પાક" અર્થ : ખાક (મોલ્વી સાહબ)ને આલમે પાક (વલીએ કામિલ)થી શું નિસ્બત ? આ વાત પર કોઈએ મહેરૂ (ટોણો) માર્યું કે આલિમે દીનને ખાક કેમ કહી દીધા ? તેના રદમાં ફર્માવ્યું કે ખાક કોઈ મામૂલી વસ્તુ નથી ! તેનાથી નફરત શાથી ? તેનાં ઘણા ઉદાહરણો આપ્યાં જેમાં પહેલું એ કે આપણા બાપ આદમ علیہ السلام માટીથી જ પેદા થયા અને આપણે માટીમાં જ જવાના છીએ."

**અલ્લાહ હમેં ખાક કરે અપની તલબ મેં**
**યે ખાક તો સરકાર સે તમ્ગા હૈ હમારા**

*(ખાક કરે–માટી બનાવી દે, મોત આપે, તલબ–ઢુંઢવુ, સરકાર–આપણા નબી, તમ્ગા–સરકારી મોહર, મેડલ)*

**અર્થ** : "અલ્લાહ તઆલા પોતાની તલાશમાં આપણને ખાક (માટી) બનાવી દે, તેની આરઝૂમાં મૌત આપે. ખાકી હોવું તો સરકાર ﷺ તરફથી મળેલ ઈજ્જતનું નિશાન છે." કુર્આનમાં છે : "ઔલાદે આદમને અમે ઈજ્જત આપી." *(પારા–૧૫)*

**જિસ ખાક પે રખતે થે કદમ સૈયદે આલમ**
**ઉસ ખાક પે કુર્બાં દિલે શૈદા હૈ હમારા**

**અર્થ** : "જે માટી પર હુઝૂર ﷺ કદમ મુબારક મૂકતા હતા એટલે મદીના શરીફમાં જ્યાં આકા ﷺ ચાલતા હતા તે માટી પર અમારો આશિક દિલ કુર્બાન છે કારણ કે જે જમીન પર હુઝૂર ﷺ કદમ રાખે છે તે ઘણી ઈજ્જતવાળી થઈ જાય છે અને તે જગ્યાની ખુદા કસમ યાદ ફર્માવે છે." કુર્આનમાં છે આ મક્કા શહેરની કસમ ! જેમાં આપ પધારેલ છો. *(પારા–૩૦)*

**ખમ હો ગઈ પુશ્તે ફલક ઈસ તઅ્ને ઝમીં સે**
**સુન હમ પે મદીના હૈ વો રુતબા હૈ હમારા**

*(ખમ હો ગઈ–ઝુકી ગઈ, વાંકી થઈ, પુશ્તે ફલક– આકાશની પીઠ, તઅ્ને ઝમીનસે–જમીનના ટોણા મહેણાથી)*

**અર્થ** : "માનવી જ્યારે આકાશના કિનારા પર નજર કરે છે તો તે વાંકુ દેખાય છે. ભાવાર્થ એ છે કે જ્યારે જમીને આકાશને કહ્યું કે સાંભળ ! મારો મર્તબો એ છે કે મારા ઉપર મદીના શરીફ છે જેમાં સરવરે કાએનાત ﷺ આરામ ફર્માવી રહ્યા છે. અને આ વાત પર ઉલ્માનો ઈજમાઅ (સર્વ સંમતિ) છે કે જમીનનો જે ભાગ હુઝૂર ﷺના પાક બદનથી લાગેલ છે તે જન્નત, કુર્સી અને અર્શે આ'ઝમથી પણ અફઝલ છે. જમીનની આ વાત સાંભળી આકાશની પીઠ ઝુકી ગઈ. "

**★ મદીના શરીફની ફઝીલતો હદીષોથી ★**

૧. હુઝૂર ﷺ ફર્માવે છે : મદીના લોકો માટે બેહતર છે જો જાણતા મદીનાને. *(મુસ્લિમ શરીફ)*

૨. જેનાથી થઈ શકે કે મદીનામાં મરે તો મદીનામાં જ મરે કે જે માણસ મદીનામાં મૃત્યુ પામશે હું તેની શફાઅત કરીશ. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

૩. જે મદીનાના લોકો સાથે ધોકો કરશે તે એવો ઓગળી જશે જેવું કે મીઠુ પાણીમાં ઓગળી જાય છે. *(બુખારી, મુસ્લિમ)*

૪. મારા હુજરા (રૂમ) અને મિમ્બર વચ્ચેની જગ્યા જન્નતનો બાગ છે.

૫. મને એવી વસ્તી તરફ હિજરતનો હુકમ કરવામાં આવ્યો છે જે બધી વસ્તીઓ પર ગાલિબ થશે, અને તે મદીના છે જે લોકોને એવા પાક સાફ કરશે (ગુનાહોથી) જેવું કે ભઠ્ઠી લોખંડના મેલને સાફ કરે છે. *(બુખારી, મુસ્લિમ)*

૬. મદીનાના રસ્તાઓ પર ફરિશ્તાઓ પહેરો આપે છે, તેમાં ન દજ્જાલ આવે ન પ્લેગ (તાઉન). *(બુખારી, મુસ્લિમ)*

૭. જેણે મારા વિસાલ પછી મારી કબરની ઝિયારત કરી તો એવું છે કે તેણે મારી હયાતીમાં ઝિયારત કરી. *(તબરાની)*

૮. જેણે મારી ક઼બરની ઝિયારત કરી તેના પર મારી શફાઅત વાજિબ છે. *(બયહકી)*

**ઉસને લક઼બે ખાક શહેન્શાહ સે પાયા**
**જો હૈદરે કર્રાર કે મૌલા હૈ હમારા**

*(લક઼બે ખાક–માટીનો લક઼બ, શહેન્શાહ–બાદશાહોનો બાદશાહ, હૈદરે કર્રાર–હઝરત અલી رضی اللہ عنہ નો લક઼બ, મૌલા–આક઼ા સરદાર)*

**અર્થ** : હદીષ શરીફમાં છે કે એક દિવસ હઝરત અલી رضی اللہ عنہ મસ્જિદે નબ્વીમાં આરામ ફર્માવી રહ્યા હતા. આપના બદન પર માટી લાગેલી હતી તે દરમ્યાન હુઝૂર ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, "કુમ યા અબાતુરાબ" અય માટીવાળા ! ઉઠો ! ત્યારથી હઝરત અલી رضی اللہ عنہનો લક઼બ અબૂ તુરાબ થઈ ગયો એટલે કે "માટીવાળા" જે હુઝૂર તરફથી મળ્યો હતો અને જો કોઈ હઝરત અલી رضی اللہ عنہને અબૂ તુરાબ કહીને બોલાવતો તો હઝરત અલી رضی اللہ عنہ ઘણા પ્રસન્ન થતા હતા.

**અર્થ** : આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે શેરેખુદા, હૈદરે કર્રાર લક઼બધારી હઝરત અલીને શહેન્શાહ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ તરફથી માટીનો લક઼બ અબૂ તુરાબ મળેલ છે જે અલી અમારા મૌલા, આકા અને સરદાર છે. હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેનો હું મૌલા છું હઝરત અલી رضی اللہ عنہ તેના મૌલા છે.

**અય મુદ્દઈયો ખાક કો તુમ ખાક ન સમઝે**
**ઈસ ખાક મેં મદફૂન શહે બત્હા હૈ હમારા**

*(મુદ્દઈયો–દાવો કરનાર, વિરોધીઓ, ખાક–માટી, ખાક ન સમઝે–કશુ ન સમજ્યા, મદફૂન–દફન થયેલ, શહેબત્હા–મક્કાના બાદશાહ)*

**અર્થ** : "અય વિરોધીઓ તમે માટીના મર્તબાને કશુ ન સમજી શક્યા, માટીનો મર્તબો એનાથી સમજો કે શહે બત્હા સરવરે કાએનાત સર્વોત્તમ પેયગમ્બર ﷺ માટીમાં આરામ ફર્માવી રહ્યા છે કે તે માટી અર્શથી પણ અફઝલ છે, જેવું ઉપર વર્ણન થયું."

**હૈ ખાક સે તામીર મઝારે શહે ક઼ૌનેન**
**મઅમુર ઈસી ખાક સે ક઼િબ્લા હૈ હમારા**

*(તામીર–બાંધકામ, મઝાર–ક઼બર, શહે ક઼ૌનેન–દુન્યા અને આખેરતના બાદશાહ, મઅ્મૂર–તામીર કરેલ)*

**અર્થ** : "માટીની ઉચ્ચતા એનાથી પણ છે કે બંનેવ જહાનના બાદશાહ હુઝૂર ﷺનો મઝાર શરીફ પણ માટીથી બનાવેલ છે અને આપણો ક઼િબ્લો ખાનએ કા'બા પણ માટીથી તામીર થયેલ છે."

**નોંધ** : પથ્થર પણ માટીના પ્રકારમાં ગણાય છે. વધુ વિગત માટે જુઓ ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૧, બાબુત્તયમ્મુમ.

**હમ ખાક ઉળાએંગે જો વો ખાક ન પાઈ**
**આબાદ "રઝા" જિસપે મદીના હૈ હમારા**

*(ખાક ઉળાએંગે–હેરાન પરેશાન થઈશું, રઝા–આ'લા હઝરતનો તખલ્લુસ)*

**અર્થ** : "અય રઝા ! મદીના શરીફ જ્યાં હુઝૂર ﷺ આરામ ફર્માવે છે ત્યાંની માટી નહીં મળે એટલે કે ત્યાંની ઝિયારત નહીં થાય તો જીવનભર પરેશાન અને બેચેન ફરતા રહીશું."

***"દિખા દે ઈલાહી દયારે મદીના કે આંખે ભી દેખે બહારે મદીના"*** (આમીન)



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃاللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### મજલિસ : ૯

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃاللہ علیہ)*

### રોજી તથા ધંધા વિશે

રોજી કમાવા તથા કામધંધો કરવાના બારામાં ચર્ચા થઈ તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺ બેઠેલા હતા. એક શખ્સે ઉઠીને પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ મારા ધંધાના બારામાં તમારી શું રાય છે ? આં હઝરત ﷺએ ફર્માવ્યું કે તારો ધંધો શું છે ? તેણે અર્ઝ કરી કે દરજી (ટેલરીંગ)નું કામ કરું છું. આપ ﷺએ ફર્માવ્યું, જો તું સીધી રીતે (ઈમાનદારીપૂર્વક) આ કામ કરે છે તો ખૂબ સારું છે અને કયામતના દિવસે તું હઝરત ઈદરીસ علیہ السلامની સાથે જન્નતમાં જઈશ. પછી એક અન્ય માણસે ઉઠીને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારા ધંધાના બારામાં તમારી શી રાય છે ? આપ ﷺએ ફર્માવ્યું, તું શું કામ કરે છે ? તેણે અર્ઝ કરી, ખેતીવાડી કરું છું. આં હઝરત ﷺએ ફર્માવ્યું, એ ઘણુ જ સારું કામ છે એટલા માટે કે એ કામ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનું હતું, એ મુબારક તથા ફાયદાકારક કામ છે. ખુદાવંદે તઆલા ઈબ્રાહીમ علیہ السلامની દુઆની બરકતથી તને બરકત આપશે અને કયામતના દિવસે જન્નતમાં તું હઝરત ઈબ્રાહીમ علیہ السلامની નજીક હશે. પછી એક માણસે ઉઠીને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ આપની રાયમાં મારો ધંધો કેવો છે ? આપે ફર્માવ્યું, તું શું કામ કરે છે ? તેણે અર્ઝ કરી કે મારું કામ તા'લીમ (Teaching) છે. ફર્માવ્યું, તારા કામને ખુદાવંદે તઆલા ખૂબ જ સારું જાણે છું, જો તું રબની મખ્લૂકને નસીહત કરીશ તો કયામતના દિવસે હઝરત ખિઝર علیہ السلامના જેમ સવાબ તને મળશે, અને જો તું ન્યાય કરીશ તો આસ્માનના ફરિશ્તા તારા માટે માફી ચાહશે. પછી એક અન્ય માણસે ઉઠીને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ મારા ધંધાના બારામાં તમે શું ફર્માવો છો ? આં હઝરત ﷺએ ફર્માવ્યું કે તારો ધંધો શું છે ? તેણે અર્ઝ કરી કે સોદાગરી (વ્યાપાર). આં હઝરત ﷺએ ફર્માવ્યું કે જો તું ઈમાનદારીપૂર્વક કામ કરશે તો જન્નતમાં પયગંબરોનો સાથી હશે.

પછી ફર્માવ્યું કે રોજી કમાનારો ખુદાનો દોસ્ત હોય છે પરંતુ તેણે જોઈએ કે નમાઝ દરેક સમયે અદા કરે અને શરીઅતની હદથી કદમ બહાર ન રાખે, કેમ કે હદીષમાં છે કે એવો રોજી કમાનારો ખુદાનો પ્યારો છે અને ખુદાનો સિદ્દીક છે.

પછી ફર્માવ્યું કે અબૂ દરદા رضی اللہ عنہ દુકાનદારી કર્યા કરતા હતા. જયારે આખરી જમાનમાં આપને મુસલમાનીની હકીકત માલૂમ થઈ તો આપે દુકાનદારી ત્યજી દીધી. લોકોએ કહ્યું કે આપે દુકાન શા માટે છોડી આપી ? તો આપે ફર્માવ્યું કે જયારે મને માલૂમ થયું કે દુકાનદારી સાથે મુસલમાની બરાબર રીતે નથી રહેતી, જેથી મેં દુકાનદારી છોડી આપી. પછી ફર્માવ્યું કે રોજી કમાનારો ખુદાનો સિદ્દીક હોય છે કેમ કે એ શખ્સને ખુદા પર ભરોસો છે અને એ શખ્સ પર રોજી કમાવી જરૂરી છે એ શરતે કે જે સમયે નમાઝનો સમય નજીક હોય ત્યારે સર્વે કામધંધો છોડીને નમાઝ અદા કરે, તો આવો રોજી કમાનાર સિદ્દીક છે. જેવું કે ખ્વાજા સાહબે આ ફવાઈદને ખત્મ કર્યા તો લોકો તથા દુઆગો પરત ચાલ્યા ગયા. الحمد للہ علی ذٰلک

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ કાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمة الله عليه

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

*અવલિયા અલ્લાહની ચર્ચા કરીને ફૈઝ મળે એ હેતુથી આ કોલમમાં એહલે સુન્નતની વિશ્વસનીય કિતાબ ''રિસાલએ કુશૈરિયહ''માંથી અવલિયા અલ્લાહની અમુક ઈમાન અફરોઝ કરામતો અહીં વર્ણન કરવામાં આવશે. એ અગાઉ વલી વિશે સમજૂતી રજૂ કરવામાં આવે છે. –તંત્રી*

ઉસ્તાદ અબુલ કાસિમ ફર્માવે છે કે અલ્લાહના વલીઓથી કરામતોનું જાહેર થવું જાઈઝ છે. એના જાઈઝ હોવાની દલીલ એ છે કે આ એક 'અમ્ર' (બાબત) છે જેનું અસ્તિત્વમાં આવવું બુધ્ધિમાં સમાય છે અને એનાથી કોઈ શરીઅતનો નિયમ નથી તૂટતો. જેથી એ જરૂરી થયું કે આપણે અલ્લાહ તઆલાની આ સિફત એવી રીતે વર્ણવીએ કે એને કરામત પેદા કરવાની કુદરત છે, જેથી જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે આ અલ્લાહ તઆલાની કુદરતમાં છે, તો એના જાઈઝ હોવામાં કોઈ ચીજ આડ નથી હોઈ શકતી.

અને કરામતનું જાહેર થવું તે શખ્સની સચ્ચાઈની નિશાની છે જેના અહવાલમાં એ જાહેર થાય છે, જેથી જે સાચો ન હોય એનાથી આ પ્રકારની કરામત જાહેર થવું પણ જાઈઝ નથી. એની ભાળ એનાથી મળે છે કે અલ્લાહ તઆલાએ કરામતની જે ઓળખ આપણને બતાવી છે જેથી કરીને આપણે સાચા તથા ખોટામાં ફરક કરી શકીએ. તે દલીલ રૂપે એવી બાબત છે જે બુધ્ધિમાં સમાઈ શકે છે. અને એ એ જ સંજોગોમાં થઈ શકે છે જ્યારે વલીને એવી બાબતો સાથે ખાસ કરી દેવામાં આવે જે જૂઠા આક્ષેપ કરનારમાં નથી જોવા મળતી, અને આ જ તે બાબત છે જેને આપણે કરામત કહીએ છીએ. અને એ પણ જરૂરી છે કે એ કરામત આ દુનિયામાં એક સામાન્ય નિયમ વિરૂધ્ધનું કાર્ય હોય અને એવી વ્યક્તિ થકી બહાર પડે કે જે વિલાયત સાથે મૌસૂફ હોય જેથી એની હાલતનું એના થકી સમર્થન થઈ શકે.

**કરામત અને મોજિઝામાં ફરક :** અહલે હક્કે કરામત તથા મોજિઝામાં ફરક કરવા માટે ચર્ચા કરી છે. જેમ કે ઈમામ અબૂ ઈસ્હાક અસ્ફર અયઈની ફર્માવ્યા કરતા હતા કે મોજિઝાઓ અંબિયાએ કિરામના સાચા હોવાની દલીલ છે અને તે ચીજ જે નબુવ્વતની દલીલ હોય ગૈર નબીની પાસે નથી હોઈ શકતી, જે રીતે કે મજબૂત બુધ્ધિ આલિમના આલિમ હોવાની દલીલ છે અને તે ગૈર આલિમમાં નથી જોવા મળતી. એ એવું પણ ફર્માવતા હતા કે અવલિયા અલ્લાહના માટે કરામતો છે, દા.ત. દુઆનુ કબૂલ થવું. પણ અંબિયાએ કિરામના મોજિઝા જેવી ચીજનું તેમનાથી ઉદ્ભવ પામવું જાઈઝ નથી.

પણ ઈમામ અબૂબક્ર ફવરક ફર્માવ્યા કરતા કે મોજિઝાઓ સચ્ચાઈની દલીલ હોય છે, તો જો મોજિઝો દેખાડનાર નબુવ્વતનો દાવો કરે તો મોજિઝો તેના કૌલના સાચા હોવાની દલીલ છે. અને જો તે વિલાયત તરફ નિર્દેશ કરે છે તો મોજિઝો એ વાતની દલીલ છે કે તે શખ્સની હાલત સાચી છે, પણ આ સ્થિતિમાં તેને કરામત કહેવામાં આવશે, ભલે એ મોજિઝાના પ્રકારમાંથી જ કેમ ન હોય, એટલા માટે કે નબી તથા વલીના ફેઅલમાં (કાર્યમાં) ફરક છે.

ઈબ્ને ફવરક પણ ફર્માવ્યા કરતા કે મોજિઝા તથા કરામતમાં એ ફરક છે કે અંબિયા عليهم السلام ને મોજિઝાને જાહેર કરવાનો અલ્લાહના તરફથી હુકમ થાય છે પણ વલી પર વાજિબ હોય છે કે તે કરામતને છુપાવે અને તેને ગુપ્ત રાખે. નબી મોજિઝો જાહેર કરવાનો

દાવો કરે છે અને યક઼ીની રીતે સ્પષ્ટપણે તેનો ઉલ્લેખ કરે છે (આ તેનો મોજિઝો છે) પણ વલી ન તો દાવો કરે છે અને ન યક઼ીની રીતે તેનો ઉલ્લેખ કરે છે, એટલા માટે કે શક્ય છે કે એ કેવળ ધોકો હોય.

ક઼ાઝી અબૂબક્ર અશ્અરી જે પોતાના જમાનામાં પોતાની વિદ્યાકલામાં અજોડ હતા. તે ફર્માવતા હતા, મોજિઝાઓ અંબિયાની સાથે ખાસ છે અને કરામતો અવલિયાના માટે પણ એ જ પ્રમાણે હોય છે જે પ્રમાણે અંબિયાના માટે. અવલિયા અલ્લાહના માટે મોજિઝા નથી હોતા, એટલા માટે કે મોજિઝાની શર્ત એ છે કે એની સાથે નબુવ્વતનો દાવો પણ થાય. મોજિઝો આપોઆપ મોજિઝો નથી કહેવાઈ શકતો, અને મોજિઝો કેવળ ત્યારે કહેવામાં આવશે જ્યારે એમાં ઘણી બધી સિફતો (ખૂબીઓ) જોવામાં આવે, અને જો કોઈ એક શર્તમાં પણ કોઈ ખલેલ પડી ગઈ તો એ મોજિઝો નથી, એમાંથી એક શર્ત એ છે કે મોજિઝો જાહેર કરનાર નબુવ્વતનો દાવો પણ કરે.

અને વલી નબુવ્વતનો દાવેદાર નથી હોતો , જેથી જે વાત એના થકી જાહેર થશે તે મોજિઝો ન હશે. આ જ ક઼ૌલ પર આપણો વિશ્વાસ છે બલ્કે આ જ આપણો દીન છે. મોજિઝાની સર્વ અથવા મોટાભાગની શરતો કરામતમાં જોવા મળે છે પણ આ જ એક શર્ત નથી જોવા મળતી એટલે નબુવ્વતનો દાવો. અને કરામત : (૧) યક઼ીનન હાદિષ (નવુ ઉદ્ભવેલ) ફેઅલ છે, એટલા માટે જે ફેઅલ ક઼દીમ (હમેશાંથી) હોય છે તે કોઈ એકની સાથે ખાસ નથી હોતું. (૨) કરામત ખારિક઼ે આદત (સામાન્ય નિયમથી અલગ) હોય છે. (૩) અને તકલીફના સમયે હોય છે. (૪) અને કોઈ બંદા થકી એટલા માટે જાહેર થાય છે કે તેનું ખાસપણુ અથવા ફઝીલત જાહેર થઈ જાય. ક્યારેક તો કરામત વલીના ઈખ્તિયાર અને માંગણી પર જાહેર થાય છે અને ક્યારેક ઈખ્તિયારથી જાહેર નથી થતી, અને અમુક વખતે વિના ઈખ્તિયારે જાહેર થઈ જાય છે.

**વલી લોકોને પોતાના તરફ આવવાની દાવત નથી આપતો :** વલીને એ વાતનો હુકમ નથી આપવામાં આવતો કે તે લોકોને પોતાના તરફ આવવાની દાવત આપે, પરંતુ જો એ તે લોકો સમક્ષ જે એના પાત્ર હોય આ પ્રકારનો ઈઝહાર કરે તો જાઈઝ છે.

**શું વલીને એનો ઈલ્મ હોવું જરૂરી છે કે તે વલી છે ? :** અહલે હક્ક઼નો એમાં મતભેદ છે. ઈમામ અબૂબક્ર ફવરક ફર્માવ્યા કરતા હતા કે વલીને પોતાની વિલાયતનો ઈલ્મ હોવો જાઈઝ નથી કેમ કે જો તેને પોતાની વિલાયતનો ઈલ્મ થઈ જાય તો એનામાંથી ડર જતો રહેશે અને તે બેફ઼િક઼્ર થઈ જશે. ઉસ્તાદ અબૂ અલી દક઼ાક઼ ફર્માવ્યા કરતા હતા કે વિલાયતનો ઈલ્મ હોવો જાઈઝ છે. આપણે એ જ ક઼ૌલને અગ્રતા આપીએ છીએ અને એ જ આપણો અક઼ીદો છે. પરંતુ એ સર્વ અવલિયા માટે જરૂરી નથી કે દરેક વલીને એ વાતનો ઈલ્મ થાય કે તે વલી છે, અમુકને ઈલ્મ થઈ શકે છે અને અમુકને નહીં. જેમ કે જેમને આ વાતનો ઈલ્મ થઈ જાય કે તે વલી છે તો તે એમની ખાસ કરામત થશે.

એ પણ જરૂરી નથી કે જે કરામત એક વલીથી જાહેર થાય તે દરેક વલીથી જાહેર થાય, બલ્કે જો દુનિયામાં વલીથી કોઈ કરામત ન થઈ તો એનાથી એની વિલાયતમાં કોઈ ઉણપ સાબિત નથી થતી.

અંબિયાનો એ હાલ નથી. એમના માટે મોજિઝાનું હોવુ અનિવાર્ય છે, એટલા માટે કે નબીને લોકોની તરફ મોકલવામાં આવે છે અને લોકોને એની સચ્ચાઈ માલૂમ કરવાની જરૂરત હોય છે અને એ સચ્ચાઈ મોજિઝા વિના જાહેર નથી થઈ શકતી. વલીનો હાલ એનાથી ઉલ્ટો છે, કેમ કે લોકોએ ન એ વાતનું જાણવું જરૂરી છે કે તે વલી છે અને ન ખૂદ વલીના માટે પોતાની વિલાયતનો ઈલ્મ હોવું જરૂરી છે.

અને તે દસ સહાબીઓ જેમણે રસૂલુલ્લાહ ﷺની તે ચીજોના વિશે સમર્થન કર્યું જે આપે એમને બતાવી, તેમના વિશે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તે જન્નતી છે.★

★ *જ્યારે તે સહાબીઓને પોતાના જન્નતી હોવાની જાણ થઈ ગઈ, તો તે બેખૌફ નથી થયા, એ જ રીતે જો વલીને પોતાની વિલાયતનો ઈલ્મ થઈ જાય તો કાંઈ વાંધો નથી.*

જે બુઝુર્ગોએ એ બાબતને જાઈઝ નથી ઠરાવી કે વલીને પોતાની વિલાયતનો ઈલ્મ હોય તે એ ખયાલથી કે તે બેખૌફ થઈ જાય (એવી કોઈ વાત નથી) કેમ કે એમાં કાંઈ વાંધો નથી કે તેઓ પોતાની આક઼ેબતના બદલાઈ જવાથી ડરતા રહે. પરંતુ તેઓ ખુદા તઆલાનો ડર તથા અઝમત તથા જલાલ જેને તે પોતાના દિલની અંદર પામે છે તે ખૌફથી ક્યાંય વધી ચઢીને છે.

**વલીએ પોતાની કરામતથી મુત્મઈન ન થવું જોઈએ :** યાદ રાખો કે વલીના માટે એ બરાબર નથી કે તે પોતાની કરામત પર નજર રાખે. અમુક વખતે આ પ્રકારની કરામતોના જાહેર થવાથી એમના યક઼ીનમાં કુવ્વત તથા બસીરત અધિક પ્રાપ્ત થાય છે. એટલા માટે એને એ વાતનું યક઼ીન હોય છે કે આ કરામત હક઼ીક઼તમાં અલ્લાહનું કામ (તેના તરફથી) છે, અને તેને પોતાના અક઼ીદાઓ સહીહ હોવાની દલીલ મળી જાય છે.

સારાંશ કે એ અક઼ીદો રાખવો કે વલીના હાથે કરામત જાહેર થવું જાઈઝ છે, વાજિબ છે. આ જ અક઼ીદો જમહૂર અહલે મઅરેફતનો છે અને આ પ્રકારની રિવાયતો તથા હિકાયતો પુષ્કળ પ્રમાણમાં અને તવાતુરની સાથે નક઼લ થયેલી છે, એટલા માટે અવલિયાથી આ સર્વ હેઠળ તેમના જાહેર થઈ જવાનો ઈલ્મ એટલા પ્રમાણમાં મજબૂત થઈ જાય છે કે એનાથી સર્વ શંકાઓ ઉઠી જાય છે. જે શખ્સ એ લોકોની વચ્ચે રહે અને તેમની રિવાયતો તથા હિકાયતો મુતવાતિર તેને પહોંચતી રહે એને આ વાતમાં ક઼તઅન (તદ્દન) શંકા નથી રહેતી.

**કરામત પર કુર્આન મજીદથી દલીલો :** એની દલીલ કુર્આન મજીદની આ આયત છે જેનો ઉલ્લેખ સુલૈમાન عليه السلام ના કિસ્સામાં આવ્યો છે. જેમ કે ફર્માવ્યું : اَنَا آتِيْكَ بِهٖ قَبْلَ اَن يَّرْ تَدَّ اِلَيْكَ طَرْ فُكَ "હું એને તમારી પાસે તમારી આંખ ઝપકવાથી પણ પહેલાં લઈ આવીશ." જો કે આ શબ્દો કહેનાર વ્યક્તિ નબી હતો નહીં.

**હઝરત ઉમરની કરામત :** અને આ સહીહ અષર છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે જુમ્આના દિવસે ખુત્બા દરમ્યાન "યા સારિયતલ્ જબલ" (હે સારિયા ! પહાડ પર ચઢી જા !) અને અલ્લાહ તઆલાએ હઝરત ઉમરનો એ અવાજ એ જ વખતે સારિયાને પહોંચાડી આપ્યો, ત્યાં સુધી કે તેમણે એ જ વખતે પહાડની તે જગાઓથી પોતાનો બચાવ કરી લીધો જ્યાં દુશ્મન છુપાયેલા હતા.

**એક વાંધો :** જો કોઈ એ વાંધો કરે કે એ કરામતનું જાહેર થવું કેવી રીતે જાઈઝ થઈ શકે છે જેમાં રસૂલુલ્લાહ ﷺના મોજિઝાઓથી પણ વધીને કરામતો જોવા મળે છે ? અને શું અવલિયાને અંબિયા عليهم السلامપર ફઝીલત આપવું જાઈઝ છે ?

**જવાબ :** એનો જવાબ એ છે કે આ કરામતો આપણા નબી ﷺ ના મોજિઝાઓમાં ગણાશે, કેમ કે જે ઈસ્લામમાં સાચો ન હશે એનાથી કરામતો જાહેર ન થશે. અને જે નબીના ઉમ્મતીથી કરામત જાહેર થશે તે એ નબીના મોજિઝાઓમાં ગણાશે, કેમ કે જો તે રસૂલ સાચો ન હોત તો તેના તાબેદારથી કરામત જાહેર ન થાત.

પરંતુ અવલિયાનો મર્તબો અંબિયાના મર્તબા સુધી નથી પહોંચી શકતો, અને એના પર સૌની એકમતિ છે.

**અબૂ યઝીદ બુસ્તામીનો ક઼ૌલ :** જેમ કે અબૂ યઝીદ બુસ્તામીથી આ મસ્અલાના વિશે સવાલ કરવામાં આવ્યો તો ફર્માવ્યું, જે કાંઈ અંબિયા عليهم السلامને હાંસલ થયું છે તેનું દષ્ટાંત શહદ (મધ)ના મશક જેવું છે કે જેમાંથી એક ટીપુ ટપકી જાય. આ એક ટીપુ એ મર્તબા (તથા ઈલ્મ)નું દષ્ટાંત છે જે તમામ ઔલિયાને હાંસલ થયો, અને જે કાંઈ વાસણમાં છે તે આપણા નબી ﷺનું દષ્ટાંત છે.

આ કરામતો ક્યારેક તો એ સ્વરૂપમાં જાહેર થાય છે કે કોઈ વલીની દુઆ ક઼બૂલ થઈ જાય છે, કદીક એવી રીતે કે ફાક઼ાના વખતે વિના કોઈ જાહેરી સબબથી ખાવા હાજર થઈ જાય અથવા તરસના સમયે પાણી હાંસલ થઈ જાય અથવા થોડી સરખી

મુદ્દતમાં લાંબી સફર પાર પાડવું સરળ થઈ જાય અથવા દુશ્મનથી છૂટકારો મળી જાય અથવા કોઈ ગયબી પોકારનાર થકી પોકાર કરવામાં આવે, વગેરે વગેરે આવી સામાન્ય નિયમ વિરૂધ્ધ બાબતો છે.

યાદ રાખો કે આજકાલ અલ્લાહની ઘણી બધી કુદરતો જે જાહેર થાય છે એનાથી એ જાણવા મળે છે કે એ વલીની કરામતના રૂપે જાહેર નથી થઈ શકતી અને એનો ઈલ્મ આપણને જરૂરી રીતે અથવા શંકાના રૂપે જરૂરી રીતે હાંસલ થાય છે. એ અલ્લાહ તઆલાની કુદરતો છે કે કોઈ માણસ મા બાપ વિના પેદા થઈ જાય અથવા નિર્જીવ પથ્થર વગેરેમાંથી કોઈ ચોપગુ પ્રાણી બની જાય વગેરે વગેરે.

**વલીનો અર્થ શું ?** : તો એનો જવાબ એ છે કે એના બે અર્થો થઈ શકે છે : ૧. આ શબ્દ વલી ફેઅલનું વજન હોય જે ફાઈલમાં મુબાલિગાનો અર્થ પેદા કરવા માટે વપરાય છે જેમ કે અલીમ તથા કદીર. આ સંજોગોમાં તેનો અર્થ આ પ્રમાણે થશે કે, ''વલી તે શખ્સ છે જે સતત ખુદા તઆલાના આજ્ઞાપાલનમાં લાગેલો રહે અને એ દરમ્યાન એનાથી કોઈ પ્રકારનો ગુનોહ થવા ન પામે.''

૨. આ ફઈલ, મફઉલાના અર્થમાં છે જેમ કે કતીલ, મકતૂલના અર્થમાં અને જરીહ, મજરૂહના અર્થમાં. આ સ્થિતિમાં ''વલી તે શખ્સ છે જેનો અલ્લાહ તઆલા હમેશાંના માટે વલી (દોસ્ત) બની ચૂક્યો છે કે એની હિફાઝત તથા નિગેહબાની કરે છે જેથી અલ્લાહ તઆલા તેના માટે 'ખઝલાન' એટલે ગુનાહ કરવાની શક્તિ પેદા જ નથી કરતો, અલ્લાહ તઆલા એના માટે પોતાની તૌફીક હમેશાંના માટે અર્પણ કરી આપે છે. તૌફીક એ છે કે તેને આજ્ઞાપાલન માટે શક્તિ હોય, જેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે : وَهُوَ يَتَوَلَّى الصَّالِحِيْنَ તે સાલેહીનનો વલી બને છે.''

**શું વલી મઅસૂમ હોય છે ?** વલી અંબિયાની જેમ લાઝમી રીતે મઅસૂમ નથી, હા ! એવું થઈ શકે છે કે અલ્લાહ તઆલા વલીઓને ગુનાહથી ''મેહફૂઝ'' રાખે છે, ત્યાં સુધી કે તેમનાથી કોઈ કમજોરી, ગલતી કે લગઝિશ ઉદ્ભવ થઈ જાય તો એના પર જામેલા ન રહે. આ રીતે ''મેહફૂઝ'' કહેવામાં કોઈ વાંધો નથી.

કોઈએ જુનેદને સવાલ કર્યો હતો કે આરિફ ઝિનામાં સપડાય શકે છે કે નહીં ? આપે થોડીવાર માથુ ઝુકાવ્યું અને પછી કહ્યુ :–

وَكَانَ اَمْرُ اللّٰهِ قَدَراً مَّقْدُوْراً ''અલ્લાહનો હુકમ તકદીરમાં લખેલો છે.''

**શું વલીનો ડર જતો રહે છે ?** : અકાબિરીને અવલિયા પર ખૌફ છવાયેલો રહે છે અને જે વર્ણન કરવામાં આવ્યું કે ક્યાંક ક્યાંક ખૌફ જતો રહે છે તો એની પણ શક્યતા છે. જેમ કે સિર્રી ફર્માવે છે, જો કોઈ શખ્સ કોઈ બાગમાં જાય જેમાં પુષ્કળ પ્રમાણમાં ઝાડો લાગેલાં હોય અને દરેક ઝાડ પર પક્ષીઓ બેઠેલાં હોય અને સ્પષ્ટ શબ્દોમાં આવું કહી રહ્યાં હોય, ''અસ્સલામુ અલૈક યા વલીઅલ્લાહ !'' તો એ વખતે એ જો એ વાતથી નહીં ડરે કે આ ધોકો છે, તો યકીનન ! એ ધોકો ખાઈ જશે. અલ્લાહના વલીઓ વિશે આ સંબંધી ઘણી હિકાયતો છે. *(ક્રમશઃ)*


**હાજીઓને ખુશખબર !**

હજ્જના વિષયમાં સંપૂર્ણ માહિતીપૂર્ણ તથા અર્વાચીન ઉપસ્થિત થતા બારીક બારીક મસાઈલના જવાબો સાથે અનોખા અંદાઝમાં સરળતાથી સર્વ હજ્જના તરીકા તથા મસાઈલની સમજ આપતી વિગતવાર વર્ણનવાળી વિશિષ્ટ બેનમૂન કિતાબ આજે જ દયાદરાથી મંગાવો ! હદિયો ફક્ત **રૂા. ૨૫/–**

(કિતાબનું નામ) **હજ્જ કઈ રીતે કરશો ?!** (પોકેટ સાઈઝ, પેજીસ–૨૮૦)

લેખક : અતાએ મુફતીએ આ'ઝમ **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર અલી નૂરી** *(અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)* અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)

પ્રકાશક : સુન્ની દાવતે ઈસ્લામી (દયાદરા શાખા) C/o. ફયઝાને રઝાએ મંઝિલ, મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ફોન નં. ૦૨૬૪૨–૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# ફતવા વિભાગ

## ટેસ્ટ ટયૂબ બેબી જન્મ વિશે

**સવાલ** : ટેસ્ટ ટયૂબ (Test Tube) દ્વારા બાળકને જન્મ આપવો અથવા અપાવવો શું શરીઅતમાં જાઈઝ છે કે નાજાઈઝ ?

**જવાબ** : પુરૂષના વિર્યને ટયૂબમાં લઈને બાળ કને જન્મ આપવો અથવા અપાવવો સખત હરામ તથા ગુનો છે. તેમજ અતિ બેહયાઈભર્યું કામ છે. જો સ્ત્રી પોતે ટયૂબનો ઉપયોગ કરે તો પણ બે મહાન ગુનાહોનો બોજ તેના માથા ઉપર રહેશે : (૧) પોતાની શરમગાહ (યોનિમાર્ગ)માં પોતાના પતિના લિંગ સિવાય બીજી કોઈ અન્ય વસ્તુને દાખલ કરવી. (૨) શરીઅત વિરુદ્ધ પદ્ધતિથી પોતાની વાસના પૂરી કરવી. આ બંને કાર્યો હરામ છે. અને જો કોઈ બીજી વ્યક્તિ દ્વારા ટેસ્ટ ટયૂબનો ઉપયોગ કરવા અથવા કરાવવામાં આવે, ભલે તે વ્યક્તિ સ્ત્રી હોય કે કોઈ અજનબી પુરૂષ, જેમ કે ડોકટર વગેરે, તો ઉપરોક્ત બંનેવ હરામ કામો ગુનાહોની સાથે ત્રીજુ હરામ કામ તથા ગુનોહ પણ લાગુ પડશે, અને તે એ છે કે અજનબી વ્યક્તિનું સ્ત્રીના ખાસ સતરે ઔરત (શરમગાહ)ને સ્પર્શવું તથા જોવું કે જે મહા મજબૂરી વિના સખત હરામ તથા ગુનોહ છે.

સ્ત્રીનું પોતાના પતિના ગુપ્તાંગ સિવાય બીજી કોઈ વસ્તુને પોતાની શરમગાહમાં દાખલ કરવી એ એટલા માટે હરામ તથા ગુનો છે કે તે "ઈસ્તિમ્નાએ બિલ્‌યદ" (હાથ દ્વારા વાસના પૂરી કરવી, હસ્ત મૈથૂન)ના હુકમમાં છે, જેને હદીષ શરીફમાં હરામ ઠરાવવામાં આવ્યું છે. હદીષ શરીફમાં છે કે, "હાથ દ્વારા કામ વાસના પૂરી કરનાર ઉપર લઅનત છે." આ હદીષમાં "યદ" (હાથ)ની કૈદ (મર્યાદા) નિશ્ચિત છે. અને જેમ કે સામાન્ય રીતે "ઈસ્તિમ્નાઅ" (વિર્ય સ્ખલન) હાથ દ્વારા જ થાય છે એટલા માટે "યદ" (હાથ)નો શબ્દ વર્ણન કરવામાં આવ્યો. વિર્ય સ્ખલન કોઈ પણ રીતે હોય તે હરામ છે. એટલા માટે ટેસ્ટ ટયૂબનો પણ આ હદીષના ભાવાર્થમાં સમાવેશ થાય છે.

"રદ્દુલ્ મુહતાર"માં છે (આ કાર્ય) ગુનાહિત છે તેનું કારણ કાંઈક તો : (૧) એક અંગ દ્વારા ફાયદો ઉઠાવવું છે અથવા તો (૨) પાણી (વિર્ય) વહાવવું અને વાસના તથા ઈચ્છાને તેના અયોગ્ય સ્થાને વિના કોઈ કારણે પૂરી કરવી છે. બીજુ કારણ સ્પષ્ટ છે. તો જે વ્યક્તિ પોતાનું લિંગ કોઈ દીવાલમાં દાખલ કરે અથવા બીજી કોઈ રીતે અથવા પોતાની હથેળીઓ દ્વારા વિર્યનું પતન કરે કે હથેળીઓ તથા લિંગ દરમિયાન કોઈ એવી વસ્તુ હોય જેનાથી ગરમી મહેસૂસ ન થાય તો પણ ગુનેહગાર છે. અને "ઝેલઈ"માં અમારા કહ્યા મુજબ હથેળીઓ વડે વિર્ય સ્ખલનના હલાલ ન હોવા અંગે આ આયત દ્વારા દલીલ આપવામાં આવી છે : (الآیۃ----والذین ھم الفرجھم حافظون" અને તે લોકો જે પોતાની શરમગાહોની હિફાઝત કરે છે.... અંત સુધી) અને ફર્માવ્યું કે ફાયદો ઉઠાવવો (વિર્ય સ્ખલન)માત્ર બે વસ્તુ દ્વારા જ હલાલ છે : (૧) પત્ની (૨) બાંદી. તો જાણવું મળ્યું કે ઈચ્છા પૂરી કરવી આ બે વસ્તુ સિવાય હલાલ નથી. *(રદ્દુલ મુહતાર, ભાગ–૩, પેજ–૩૭૧, ૩૭૨)*

## વોશિંગ મશીન કે ધોબીના ધોયેલાં કપડાં વિશે

સવાલ : કપડાં ધોવા માટેનું મશીન આધુનિક સાઈન્સની એક શોધ છે. તે મશીનમાં એકી સાથે કેટલાંયે કપડાં ધોવાની ક્ષમતા હોય છે. જેથી પાક તથા નાપાક કપડાં એકી સાથે તેમાં નાખીને ધોવામાં આવે છે. આ ઉપરાંત ધોબીને ત્યાં પણ પાક તથા નાપાક કપડા એકી સાથે મેળવીને રાખવામાં આવે છે પછી તેને ધોવામાં આવે છે. પાણી કેવું છે, કેવું નહીં તેની પણ જાણ નથી હોતી. આવી સ્થિતિમાં વોશિંગ મશીન તથા ધોબીના હાથ દ્વારા ધોવાયેલાં કપડાંને પાક ગ ણવામાં આવે કે નાપાક ? શું આવાં કપડાં પહેરીને નમાઝ પઢવી જાઈઝ છે ? આશા છે કે સંતોષજનક જવાબથી સરફરાઝ કરશો.

જવાબ : કપડાં ભલે વોશિંગ મશીનથી ધોએલાં હોય અથવા ધોબીના ધોએલાં હોય તેને નાપાક ન કહી શકાય જ્યાં સુધી કે ધોયા પછી પણ કપડામાં નાપાકી લાગી

અઝ : **મુફ્તી આલે મુસ્તફા મિસ્બાહી** *(જામિઆ અમજદિયા રઝવિય્યહ્–ઘોસી)*
અનુવાદક : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હોવાનું યક઼ીન સાથે ખબર ન હોય. અને જ્યારે નાપાકી લાગી હોવાનું યક઼ીનની સાથે ખબર નથી તો પછી મૂળ પાકી (અસલ તહારત)નો હુકમ કેમ નહીં લાગુ પડે ? એટલા માટે આવાં કપડાંઓને પહેરીને નમાઝ વગેરે પઢવું જાઈઝ છે અને આ રીતે કરનાર ગુનેહગાર તથા કોઈ સજાના લાયક નથી. જો ધોવામાં આવતાં કપડાં અમુક અથવા બધાં જ નાપાક હોય તો પણ નાપાકીનો હુકમ આપવામાં નહીં આવે, કેમ કે કપડાં ધોવાના મશીનમાં વારંવાર પાણી કપડાંઓમાં પહોંચાડવામાં આવે છે. તથા તેને બહાર કાઢવામાં આવે છે. જેથી સફાઈની સાથે સાથે કપડાંની નાપાકીનું દૂર થઈ જવાનું કમસે કમ યક઼ીન નહીં તો અધિક અનુમાન (ગુમાન ગાલિબ) પણ હોય છે. અને આવી જ હાલત ધોબીનાં કપડાં ધોવાની પણ છે. પરંતુ હા ! બેહતર છે કે નાપાક કપડાંને પહેલાં પાક કરીને વોશિંગ મશીન અથવા ધોબીને માત્ર સફાઈ માટે આપવામાં આવે. ઉલમાએ કિરામે નાપાકીના હવાલાથી એક ક઼ાઈદો બયાન ફર્માવ્યો છે કે જ્યાં સુધી નાપાક હોવાની ખબર (જાણ) ન હોય તો નાપાકીનો હુકમ નહીં આપવામાં આવે. કેમ કે વસ્તુની મૂળ સ્થિતિ પાક હોવું છે. અલ્લામા અબ્દુલ ગની નાબેલ્સી رحمۃ اللہ علیہ હદીકા નદીયા શરહે તરીક઼એ મુહમ્મદિયામાં ફર્માવે છે કે, "વસ્તુઓની મૂળ સ્થિતિ પાકી છે. એટલા માટે જ્યારે પાણી તેમજ ખાવા અથવા તેના સિવાય અન્ય કોઈ વસ્તુના પાક હોવામાં (જે ઐને નજાસત એટલે મૂળ રીતે નાપાક ન હોય) શંકા પેદા થાય તો આ વસ્તુ વુઝૂના હક્કમાં પાક છે અને તેનું ખાવું પણ જાઈઝ છે. આ ઉપરાંત અન્ય કામોમાં પણ તે વસ્તુનો ઉપયોગ જાઈઝ છે. એ જ પ્રમાણે જો તે વસ્તુની નાપાકીનું ગાલિબ ગુમાન (અધિક અનુમાન) હોય તો પણ તે પાક છે." *(અલ્ હદીક઼ન્નદિય્યહ્, ભાગ–૨, પેજ–૭૧૦)*

તાતાર ખાનિયા અને રદ્દુલ મુહ્તારમાં છે : "જેને પોતાનાં કપડામાં, વાસણ અથવા શરીર ઉપર શંકા હોય કે તેમાં નાપાકી લાગી કે નહીં ? તો જ્યાં સુધી નાપાકી લાગવાનું યક઼ીન ન હોય તો પાક છે." *(રદ્દુલ મુહતાર, ભાગ–૧, પેજ–૧૧)*

હા ! જો કપડાં નાપાક હોય અને ધોબીઓ પૂરેપૂરો એહતિયાત (સાવધાની) ન રાખતા હોય તો આવાં ધોએલાં કપડાંઓના ઉપયોગથી બચવું બેહતર છે અને વિના જરૂરતે આવાં કપડાં પહેરીને નમાઝ પઢવી મકરૂહે તન્ઝીહી છે. માત્ર એ વહેમ કે મારાં પાક કપડામાં બીજાનાં નાપાક કપડાંમાં મિલાવીને ધોવામાં આવ્યાં હશે અથવા મારાં કપડાં તો નાપાક હતાં, મશીન દ્વારા અથવા ધોબીના ધોવાથી પણ નાપાકી નહીં ગઈ હોય, આવા વહેમોને દિલ સ્વીકારતુ નથી. આવા વહેમથી મૂળ પાકીનું યક઼ીન અથવા નાપાકીનાં ગાલિબ ગુમાનને કોઈ અસર નહીં પડે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"શરીઅતે મુતહ્હરામાં પાકી તથા હલાલ હોવું અસલ છે. અને હરામ હોવું તથા નાપાક હોવું આરઝી (અસ્થાયી) છે કે તેના સબૂત માટે ખાસ (ચોક્કસ) પુરાવો જરૂરી છે, માત્ર શંકા તથા ગુમાનોથી તેમનું (હરામ હોવાનું તથા નાપાક હોવાનું) સુબૂત અશક્ય છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨, પેજ–૧૫)*

ઉપરોક્ત ક઼ાઈદાઓના આધારે વોશિંગ મશીન તથા ધોબી દ્વારા ધોવાયેલાં કપડાં જે પહેલાં પાક હતાં તેને પાક જ ગણવામાં આવશે. અને તે કપડાં જે પહેલાં નાપાક હતાં તેનો પણ આ જ હુકમ રહેશે કે મશીન અથવા ધોબીના ધોયા પછી તે પાક થઈ ગયાં જ્યારે કે ધોવાની સ્થિતિ (કૈફિયત) એવી હોય કે નાપાકી દૂર થઈને પાક તથા સાફ થઈ જાય. પરંતુ નાપાક કપડાંને પાક કરીને ધોવડાવવામાં બેહતર છે. હુઝૂર સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે, "ધોબીને નાપાક કપડાં આપવામાં આવે તો કપડાં પાક થઈને આવે છે કે નાપાક ? આપે જવાબમાં ફર્માવ્યું, બેહતર તો એ જ છે કે જાતે પાક કરીને ધોબીને આપવામાં આવે અને નાપાક કપડું આપ્યું તો ધોવાઈને તે પાક થઈ જશે, પરંતુ જ્યારે કે નજાસત (નાપાકી) જોઈ તથા દૂર કરી શકાય તેવી હતી છતાં દૂર ન થઈ કે જાતે ધોતો તો પણ પાક ન થાત (તો પાક નહીં થાય). *(બહારે શરીઅત, ભાગ–૧, પેજ–૩૧)*

આથી વોશિંગ મશીન અથવા ધોબી દ્વારા ધોવામાં આવેલાં કપડાં પાક છે અને તેને પહેરીને નમાઝ પઢવામાં કોઈ વાંધો નથી. હા ! અહલે વરઅ (તક઼વાથી ઉપરની મંઝિલવાળા) લોકોએ બચવું બેહતર છે. *(જામે નૂર, ઓગસ્ટ–૨૦૦૫)*

# મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

(કાર્યાલય)

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી—પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો. અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લેખક : હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી હશે.) —તંત્રી બરકાતે ખ્વાજા*

## મોલ્વી રશીદ અહમદ ગંગોહી દિલના વસવસાથી માહિતગાર !

દેવબંદી ધર્મના પ્રખર હિમાયતી મોલ્વી આશિક ઈલાહી મેરઠીએ 'તઝકેરતુર્રશીદ' નામની કિતાબ મોલ્વી રશીદ ગંગોહીના જીવન ચરિત્ર પર લખી. જેમાં પોતાના બુઝુર્ગ ગંગોહી મહાશયની તારીફમાં તેમને **દિલના વસવસાની જાણ** કેવી રીતે થતી હતી તે વર્ણવ્યું છે.

### ★ પ્રથમ પ્રસંગ ★

વલી મુહમ્મદ નામનો એક 'તાલિબે ઈલ્મ' (વિદ્યાર્થી) જે મોલ્વી રશીદ અહમદ ગંગોહીની 'ખાનકાહ'માં શિક્ષણ લેતો હતો, તેના સંબંધે કિતાબ 'તઝકેરતુર્રશીદ'ના કર્તાએ લખ્યું છે કે :—

*એક વખતે ઘેરથી ખર્ચી આવવામાં ઢીલ થઈ અને તેને એક બે વખત ભૂખ્યા રહેવું પડયું, પરંતુ તેણે એ વાત કોઈને પણ કહી નહીં, ન તો કોઈને તેની ખબર પડી. આવી સ્થિતિમાં સવારના સમયે બગલમાં કિતાબો દબાવીને પઢવાને માટે હઝરત (ગંગોહી)ની ખિદમતમાં આવી રહ્યો હતો. રસ્તામાં એક કંદોઈની દુકાન પર ગરમાગરમ હલ્વો બની રહ્યો હતો, ત્યાં તે થોડીવાર માટે ઉભો રહ્યો, પરંતુ કાંઈ પૈસા તેની પાસે ન હતા કે ખરીદીને ખાઈ શકે, એટલે સબર કરીને ચાલી નીકળ્યો અને ખાનકાહમાં પહોંચ્યો. હઝરત (ગંગોહી) તેની રાહ જોઈ રહ્યા હતા. સલામનો જવાબ આપતાં જ ફર્માવ્યું કે,*

*"મોલ્વી વલી મુહમ્મદ ! આજે તો હલ્વો ખાવાની ઈચ્છા થઈ છે, લો ! આ ચાર આના અને જે દુકાનનો હલ્વો પસંદ હોય ત્યાંથી લઈ આવો ! મતલબ કે વલી મુહમ્મદ એ જ દુકાનથી હલ્વો ખરીદી લાવ્યા અને હઝરત (ગંગોહી)ની સામે રાખ્યો. હઝરતે ફર્માવ્યું કે, "મિયાં વલી મુહમ્મદ ! હું ચાહું છું કે આ હલ્વો તમે જ ખાઈ લો." (તઝકેરતુર્રશીદ, ભાગ—૨, પેજ—૨૨૭)*

અહીં સુધી તો એ 'બનાવ' હતો, જેમાં હુસ્ને ઈત્તેફાક (આકસ્મિકતા)ને પણ દખલ હોઈ શકે છે, પરંતુ

મોલ્વી ગંગોહીની હર સમયની 'ગયબદાની' (ગયબના ઈલ્મ) સંબંધે એ જ વિદ્યાર્થી (વલી મુહમ્મદ)ના અંગત અનુભવને પણ જોઈ લો, લખ્યું છે :–

*"મોલ્વી વલી મુહમ્મદ આ બનાવ પછી કહેતા કે, હઝરત (ગંગોહી)ની સામે જતાં મને ખૂબ જ ડર લાગતો હતો, કેમ કે દિલમાં જે 'વસવસા' થતા રહેતા હતા તેના પર કાબૂ ન હોતો અને હઝરત (ગંગોહી (દિલની અંદરના વસવસાને) જાણી લેતા હતા !" (તઝકેરતુર્રશીદ, ભાગ–૨, પેજ–૨૨૭)*

મકસદ જાહેર કરવાનો એ છે કે, દિલોના વિચારો તથા કલ્પનાઓથી બાખબર હોવાની આ કેફિયત કાંઈ અચાનકની બાબત નથી, બલ્કે હંમેશની હતી ! હર સમયની હતી, એટલે 'પંચેન્દ્રિય'ની જેમ તે હર સમયે એ 'શક્તિ' દ્વારા કામ લઈ શકતા હતા.

પોતાના ઘરના બુઝુર્ગોની 'ગયબદાની' તો આ પ્રકારની જાહેર કરવામાં આવી છે, પરંતુ 'અંબિયા' અને 'અવલિયા'ની જનાબમાં એ 'શ્રીમાનો'નો અકીદો સામાન્યતઃ આ છે કે :–

*"જો કોઈ કોઈના સંબંધે એમ સમજે કે, જે વાત મારી જીભેથી નીકળે છે તે એને સાંભળી લે છે અને મારા દિલના વિચારો અને કલ્પનાઓથી તે માહિતગાર રહે છે, આ બધી વાતોથી **શિર્ક** સાબિત થઈ જાય છે. ................. ભલે, એમનું આ ઈલ્મ ઝાતી આપબળે મેળવેલું કે ખુદાપાકે આપેલું સમજવામાં આવે. દરેક સૂરતમાં શિર્કભરી માન્યતા લખાશે." (ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૩૮, પ્રકાશન નં. ૯૬, આવૃત્તિ–૫, ઈ.સ. ૨૦૦૦, દારુલ ઉલૂમ કંથારીયા, જિ. ભરૂચ)*

હવે આ બેઈન્સાફીની શિકાયત કોને કરવી કે, એક જ અકીદો જે અંબિયા અને અવલિયાને સંબંધે 'શિર્ક' છે, એ જ અકીદો 'ઘરના બુઝુર્ગો'ની બાબતમાં 'ઈસ્લામ અને ઈમાન' બની જાય છે ! શું હજી પણ હક્ક અને બાતિલની રાહોનો ફરક મહેસૂસ કરવાને માટે વધુ પુરાવાની જરૂરત રહે છે ખરી ? તમારા 'આત્માના અવાજ' પરથી નિર્ણય કરો.

**★ બીજો પ્રસંગ ★**

## દેવબંદીઓના અબ્દુલ્લાહખાન રાજપૂતનો ઈલ્મે ગયબ !

દેવબંદી પેશવા મોલ્વી કાસિમ નાનોત્વીએ પોતાના વર્તુળના એક શયખનું વર્ણન કરતાં લખ્યું છે :–

*"શાહ અબ્દુર્રહીમ સાહબ વિલાયતીના એક મુરીદ હતા જેમનું નામ અબ્દુલ્લાહખાન હતું. તે કૌમના રાજપૂત હતા અને હઝરતના ખાસ મુરીદોમાંના એક હતા. તેમની હાલત એ હતી કે જો કોઈના ઘરમાં હમલ રહેતો અને તાવીઝ લેવા આવતો, તો આપ ફર્માવી દેતા કે, "તારા ઘરે છોકરી થશે કે છોકરો." આપ જે કાંઈ કહી દેતા એવું જ થતું !" (અરવાહે ષલાષા, પેજ–૧૬૩, નવુ નામ–હિકાયાતે અવલિયા !)*

એમના રાજપૂતની તો આ હાલત છે ! અને જો કોઈ અલ્લાહના વલી માટે તમે આવી વાત કરી તો દેવબંદી ધર્મમાં તમે મુશ્રિક થઈ જાવ ! કેમ કે એમનો અકીદો છે કે :–

*"પેટમાંના બાળકને પણ કોઈ નથી જાણતુ કે તે એક છે કે અનેક, નર છે કે માદા, સંપૂર્ણ છે કે અધુરૂં, ખોડખાંપણવાળુ છે કે તંદુરસ્ત અને સ્વરૂપવાન છે કે કદરૂપું. (એ જ....ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૭૧)*

હક્ક તથા નાહક્કનો ફેંસલો તમે જ કરી લો. આ બહુરૂપિયાઓની અધિક દો રંગી દાસ્તાનો જાણવા માટે આવતા અંકે મળીશું. (ઈન્શાઅલ્લાહ !) *(ક્રમશઃ)*

# ઈસાઈ ચર્ચ થકી મુસ્લિમોના જિગર પર એક ઔર કારમા ઘાની તૈયારી !

કાર્યાલય

આજથી લભગભ ૧૪૫૦ વરસો પહેલાં અલ્લાહના આખરી નબી ﷺ થકી ઈસ્લામની રોશનીનો ઝળહળાટ મક્કાની ધરતીથી ફેલાવાનો શરૂ થયો અને અલ્લાહ રબ્બુલ ઈઝઝતે પોતાના કલામે પાકને પોતાના મહબૂબ રસૂલ તથા આખરી નબી ﷺ પર ક્રમે ક્રમે હઝરત જિબ્રઈલ عليه السلام ના મારફતે નાઝિલ ફર્માવ્યું જેની હક્કાનિયતના તેજે કુફ્રના અંધકારને ચીરીને નૂરે ઈમાનથી જગતને રોશન કરી આપ્યું. અને એ રોશની ત્યારથી આજ સુધી સતત પ્રસરતી રહી છે. અસંખ્ય ઈસાઈ, યહૂદી, મુશ્રિકોનાં દિલોને ઈસ્લામના નૂરે, કુર્આની આયતોના ઈન્સાફભર્યા અને માનવ અધિકારની રક્ષા કરતા, મઝલૂમો, યતીમો, બેવાઓને સહારો બનતાં અને જાલિમો, ગુનાખોરો, મુજરિમોની ખરાબીઓને જાહેર કરતાં ફર્માનોની અસરકારતા તથા સચ્ચાઈએ ઈસ્લામનો કલ્મો પઢવા મજબૂર કરી દીધા અને સ્વેચ્છાએ તેમણે ઈસ્લામ સ્વીકાર કર્યો.

ઈસાઈ યહૂદીઓના નબીઓ પર (તૌરાત તથા ઈન્જીલ) નાઝિલ થયેલી આસ્માની કિતાબોમાં જ નબી ﷺ ની હક્કાનિયત સ્પષ્ટ હતી, છતાં તેમણે પોતાની કિતાબોમાં હેરફેર કરી અને ઘણા દિલના આંધળા ઈસાઈ, યહૂદી હઠે ચઢીને રહ્યા અને ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામનો સતત અવનવા રૂપે વિરોધ કરતા રહ્યા. છતાં ઈસ્લામ તેની આન બાન તથા શાન સાથે વિશ્વમાં ફેલાતો રહ્યો. નબવી યુગમાં જ નુઝૂલે કુર્આનના સમયના ત્યારના વિરોધીઓએ કુર્આનને અલ્લાહનુ કલામ માનવાથી ઈન્કાર કર્યો તો કુર્આને ચેલેંજ કરી કે, "જો આ કુર્આન કોઈ માનવીનુ કલામ (વાણી) છે તો એના જેવી એક આયત બનાવી લાવો !" પણ તેમનાથી તે ન થઈ શક્યું. બલ્કે તે દૌરના મશ્હૂર સાહિત્યકાર તથા અદીબે લખી આપ્યું, "આ કોઈ માનવીનું કલામ નથી !"

એ જ અદભૂત કલામ કુર્આને પાકનો નિષ્પક્ષ રીતે અભ્યાસ કરનારાઓ તેના જીવન બંધારણથી આકર્ષાયને પ્રભાવિત થઈને ઈમાન લાવતા રહે છે અને યૂરોપ તથા અમેરિકામાં મુસ્લિમોની સંખ્યા ક્રમે ક્રમે વધી રહી છે. તો આ પ્રવાહને રોકવા અને તેમની કૌમને ઈસ્લામ બાબતે ગૈર માર્ગે દોરવા નબી કરીમ ﷺ ની ઝાતે પાક પર, તો વળી ઈસ્લામના કાનૂનો પર તો વળી કુર્આનની તાલીમાત પર ગલત ગલત આક્ષેપો કરવાનો ક્રમ છેલ્લા કેટલાક વર્ષોથી ખૂબ તેજીમાં ચાલી રહ્યો છે. અને હાલમાં એ આક્ષેપ લગાડીને કે કુર્આન ત્રાસવાદની તાલીમ આપે છે અને અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમ્લાનો ૯/૧૧ ના જે બનાવ બનેલો તેને એવું જાહેર કરીને કે અલ કાયદા નામના મુસ્લિમ આતંકવાદીઓએ એ કરેલો તે એની જ તાલીમ હેઠળ કરેલો. એવું ઠરાવીને કુર્આનથી નફરત પ્રદર્શિત કરવા માટે અમેરિકાના ફ્લોરિડાના એક ચર્ચના પાદરીએ આવનાર ૯/૧૧ (નવ સપ્ટેમ્બર)ના રોજ કુર્આનને સળગાવવાનો પ્રોગ્રામ કરવામાં આવશે એવી જાહેરાત કરી છે જેની તૈયારી ઈન્ટરનેટ પર શરૂ થઈ ચૂકી છે. દુનિયાની સૌથી મોટી સોશ્યલ નેટવર્ક વેબ સાઈટ "ફેસ બુક" પર **Inter National burn A Koran Day** (આંતર રાષ્ટ્રીય કુર્આન સળગાવવાનો દિવસ)ના હેડિંગ હેઠળ ચેલેંજ થઈ રહી છે. એના પર ઈસ્લામ દુશ્મનોએ એટલા અંશે ભયાનક તથા શરમજનક ફોટાઓનું પ્રદર્શન શરૂ કર્યું છે કે મુસલમાનોનું કલેજુ

બહાર આવી જાય. એવી તસ્વીરો રજૂ કરી છે જેને મુસલમાનો માટે જોઈ શકવું જ શક્ય નથી, એવી તસ્વીરો જેને શબ્દોમાં રજૂ કરવી લગભગ નામુમ્કિન છે. એ દુશ્મનો ફેસ બુક પર કુર્આન પાકને આગને હવાલે કરવાના એવા સૂત્રો તથા પ્રત્યાઘાતો આપી રહ્યા છે કે રૂહ કાંપી જાય. આ બધું જ લોકશાહીની મુક્તિ અને દરેકને પોતાના વિચારો પ્રદર્શિત કરવાની આઝાદીના નામ પર થઈ રહ્યું છે. અસલમાં ફલોરિડાના એક ચર્ચે પાછલા દિવસોમાં એલાન કર્યું કે ૯–સપ્ટેમ્બરે હુમ્લાની નવમી વરસીના પ્રસંગે કુર્આને કરીમની પ્રતોને (નઊઝુબિલ્લાહ !) આગને ભેટ ચઢાવીને બદલો લેવામાં આવશે. જાણે કે વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરનો હુમ્લો કુર્આને પાકની તાલીમને કારણે થયો હતો ! (મઆઝલ્લાહ !) અસલ હકીકત કાંઈક ઓર છે છતાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમ્લો થયા પછી પ્રેસ, ઈલેક્ટ્રોનિક સર્વ મીડિયા સતત ગાજતુ ને ચાલતુ રહ્યું અને મુસ્લિમનામી વ્યક્તિઓને પબ્લિક સમક્ષ રજૂ કરી કરીને મુસ્લિમોને આતંકવાદી ઠરાવી દીધા અને ઈસ્લામને તથા કુર્આનને આતંકવાદ પ્રેરક ઠરાવવા કોશિશો થતી રહી. દુનિયામાં ઈસ્લામ તથા મુસ્લિમો પ્રતિ નફરત ફેલાવવા તથા અફઘાનિસ્તાન તથા ઈરાક જેવા મુસ્લિમ દેશોને ખેદાન મેદાન કરી તેમની શક્તિઓને ખતમ કરવાને જાઈઝ ઠરાવવાનો માર્ગ મોકળો કરી વારાફરતી તેમની તબાહી કરી નાખી. એની જ એક કડીરૂપ આજે આ ભયાનક કાવત્રાનું પણ એલાન થઈ રહ્યું છે.

અત્યાર સુધી ઈસ્લામી જગતના જિગરને પયગંબરે ઈસ્લામની શાનમાં ધૃણાજનક ગુસ્તાખીઓ કરીને ઘાયલ કરવામાં આવતુ હતું, ક્યારેક કાર્ટૂનો પેશ કરીને, તો વળી અવર્ણનીય વાક્યો ટાંકીને જગતભરના દિલો દિમાગમાં અજંપો પેદા કરવામાં આવતો હતો. અને હવે ઈસ્લામ દુશ્મનીની સર્વ હદો પાર કરીને કુર્આને પાકને સળગાવવાની ચળવળ એ તેનું નવુ દષ્ટાંત છે. ફેસ બુક પર એવી તસ્વીરોનું પ્રદર્શન થઈ રહ્યું છે જે ઈસ્લામના વિરોધીઓના મનસૂબાઓનો પ્રતિબિંબ પાડી રહી છે. હજ્જના મોકા પર ખાનએ કા'બાના ઉપર લડાયક વિમાનો ઉડતાં દેખાડવામાં આવ્યાં છે અને ખાનએ કા'બામાં (નઊઝુબિલ્લાહ !) બોમ્બવર્ષા થઈ રહ્યાનું દશ્ય દેખાડવામાં આવી રહ્યું છે ! એક કહેવાતી મુસ્લિમ યુવતીએ ઈસાઈયત કબૂલ કરી લીધી અને ઈસ્લામના દુશ્મનોની કોન્ફ્રન્સમાં કુર્આને પાકને આગ લગાડી રહી છે ! એવાં ખતરનાક દશ્યો જે મુસ્લિમોની ઉશ્કેરણી તથા અજંપો ખડો કરે તેવાં દેખાડવામાં આવી રહ્યાં છે, અને આ સર્વ કાંઈ એ દેશના કાનૂનમાં "વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા"ના ઓઠા હેઠળ થઈ રહ્યું છે જેને ગવર્નમેન્ટ રોકવા બંધાયેલી નથી !

જો કે આ પ્રદર્શનો તથા ચળવળ વિરૂધ્ધ અમેરિકી પત્રકારો તથા બુધ્ધિજીવીઓ ખુલીને એના વિરોધ માટે સામે આવ્યા છે અને જણાવ્યું છે કે આવી પ્રવૃતિઓ આતંકવાદને અધિક વેગ આપનારી પુરવાર થશે અને આ નાઝી સોચ છે કે ભૂતકાળમાં નાઝી દૌરમાં લાયબ્રેરીઓને આગને ભેટ ધરવામાં આવી હતી જ્યારે કે નાઝીઓ સાહિત્યિક કિતાબોને સળગાવવાની ચળવળ ચલાવી હતી. પણ એક ચર્ચા તરફથી કુર્આન પાકને સળગાવવાનું એલાન આશ્ચર્યજનક છે જે વિશ્વમાં ભયાનક મઝહબી જંગ છેડી શકે છે જેને પછી રોકવું મુશ્કેલ થઈ જશે.

આ સ્થિતિ છતાં હજી જગતના મુસ્લિમો સંયમ ધરીને બેઠેલા છે અને એવા બુરા બનાવો કોઈ રીતે મુલ્તવી રહે તેની આશા માંડીને બેઠેલા છે. છતાં અગમચેતી રૂપે હિંદુસ્તાનના મુસ્લિમોના દિલોના અવાજનો પડઘો પાડવા માટે તા. ૪–૮–૨૦૧૦ના રોજ હિંદના હાર્દસમા શહેર મુંબઈથી "રઝા એકડમી–મુંબઈ"ની આગેવાનીમાં ઉલમાએ કિરામના એક પ્રતિનિધિમંડળે હિંદના પાટનગર દિલ્હી ખાતે કેન્દ્રિય લઘુમતિ વિકાસ મંત્રી મિ. સલ્માન ખુરશીદથી સવારે નવ વાગ્યે મુલાકાત કરીને તેમને સમસ્યાની ગંભીરતાથી માહિતગાર કર્યા અને મેમોરેન્ડમ રજૂ કરતાં માગણી કરી કે ઈન્ડિયન ગવર્નમેન્ટ આ મામલામાં દખલગીરી કરે અને અમેરિકાને એની ગંભીરતાથી માહિતગાર કરે.

ઉલમાના પ્રતિનિધિમંડળને મિ. સલ્માન ખુરશીદે વિશ્વાસ અપાવ્યો કે હું આજે જ દસ વાગ્યે આ બારામાં વડા પ્રધાન ડો. મન મોહનસિંગથી મુલાકાત કરીને આ બાબતે વાતચીત કરીશ. તેમણે કહ્યું કે ફલોરિડા ચર્ચનો આ ફેંસલો ખરેખર અતિ અફસોસજનક છે, એનાથી સંજોગો અધિક ખરાબ થશે. પ્રતિનિધિમંડળની આગેવાની મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી સાહબે કરી. તદ્ઉપરાંત રઝા એકેડમી–મુંબઈના પ્રમુખ અલ્હાજ મુહમ્મદ સઈદ નૂરી, મૌલાના શાહ હમીદ, મૌલાના અન્વાર અમજદી, મૌલાના મુહમ્મદ અહમદ નઈમી, મૌલાના હાજી મોઈન, મૌલાના અહમદ અબ્દુલ જલીલ નિઝામી, ડો. અફઝલ મિસ્બાહી, અસોસિએટ એડિટર દૈનિક પત્ર હમારા સમાજ, મિર્ઝા જાવેદ અલી–ચેરમેન દિલ્હી પ્રદેશ કોંગ્રેસ કમિટી માઈનોરિટી ડિપાર્ટમેન્ટ, મુહમ્મદ અઝીમ, એડવોકેટ શાહનવાઝ વગેરે સામેલ હતા.

બીજી બાજુ એના અનુસંધાનમાં દિલ્હીમાં જંતરમંતર પર એ જ દિવસે બપોરે બાર વાગ્યે એક વિરોધ પ્રદર્શન પણ યોજાયું જેમાં રઝા એકેડમી સિવાય, મુસ્લિમ ફાઉન્ડેશન દિલ્હી, મુસ્લિમ કન્વેન્શન લખનૌ, મુસ્લિમ સ્ટુડન્ટ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્ડિયા, મુસ્લિમ જમાઅત દિલ્હી, અમીને મિલ્લત એજ્યુકેશન ટ્રસ્ટ, કાદરી ઈસ્લામિક મિશન દિલ્હી, અર્રઝા ઈસ્લામિક સોસાયટી ઓફ ઈન્ડિયા, ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફા દિલ્હી તથા સુન્ની વિકાસ મંચ દિલ્હીના પ્રતિનિધિઓએ ભાગ લીધો. આ પ્રસંગે તકરીર કરતાં મૌલાના યાસીન અખ્તર મિસ્બાહીએ કહ્યું કે, **૯/૧૧નો (વર્લ્ડ ટ્રેડ પર હુમ્લાનો) બનાવ એ યહૂદી તથા અમેરિકી માજી પ્રમુખ ડબલયુ બુશના વ્યવસ્થા તંત્રની સાઝિશનું પરિણામ હતું, જેનો હેતુ ઈસ્લામ તથા મુસલમાનોને પોતાના જુલ્મ તથા ત્રાસવાદનો નિશાન બનાવવાનો હતો. તેમણે કહ્યું કે એ એક ''સલીબી જંગ'' (Crossed War) છેડવાની કોશિશ હતી જેનું એલાન ૯/૧૧ બનાવના તુરંત બાદ પોતાના નિવેદનમાં જ્યોર્જ ડબ્લ્યુ બુશે ''ક્રોસ્ડ વોર'' થકી કર્યું હતું.** તેમણે વધુમાં કહ્યું કે આ સલીબી યહૂદી ગઠબંધને ''ઈસ્લામી આતંકવાદ'' એવું નામ ઊભુ કરીને દુનિયાને ઈસ્લામોફોબિયાનો શિકાર બનાવવાના માટે પોતાની સર્વ પોલિટિકલ તથા પત્રકારત્વની શક્તિ વાપરી કાઢી અને સંપૂર્ણ જાલિમાના તથા આતંકવાદમય કોશિશો વડે અફઘાનિસ્તાન તથા ઈરાક પર લડાયક હુમ્લો કરીને બંને મુસ્લિમ દેશોને તબાહ તથા બર્બાદ કરી નાખ્યા. પરંતુ ખુદાનો શુક્ર છે કે ક્રમે ક્રમે સર્વ વાસ્તવિક્તાઓ સામે આવી ગઈ અને બ્રિટનના નાયબ વડાપ્રધાને ખૂદ સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર કર્યો કે ઈરાક પરનો હુમ્લો કોઈ રીતે યોગ્ય હતો નહીં.

એના જ અનુસંધાનમાં ૫–ઓગસ્ટે એક પ્રતિનિધિમંડળે રઝા એકેડમીની સરદારીમાં વિદેશ પ્રધાન એસ.એમ. ક્રિશ્નાથી મુલાકાત કરીને આ મસ્અલાની ગંભીરતાથી તેમને માહિતગાર કર્યા. વિદેશ પ્રધાને તેમને વિશ્વાસ અપાવ્યો કે આ ખૂબ જ સેન્સિટિવ મસ્અલો છે, એના અનુસંધાનમાં ખૂબ જ જલ્દી હિંદની ગવર્નમેન્ટ અમેરિકી ગવર્નમેન્ટથી વાત કરશે. અને યોગ્ય કાર્યવાહી કરશે. *(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ, ૯–૧૫ ઓગષ્ટ, મુંબઈ)*

મુસલમાનોને હાલ પૂરતી વિનંતિ કે સંયમ જાળવે અને ક્યાંય પણ સામાજિક શાંતિમાં અવ્યવસ્થા ખડી થાય તેવું પગલુ ન ભરે. જરૂર અલ્લાહનો ગઝબ નાઝિલ થશે તો સર્વ મુજરિમો ઠેકાણે આવી જશે. આ મુસ્લિમોને ઉશ્કેરીને તેમને વિરોધ પ્રદર્શનો તથા અથડામણોમાં નાખી મૌત તથા મુસીબતના માર્ગે મૂકી દેવાનો પ્લાન છે. **મુસલમાનો ! તમને કુર્આનની, નબીની, ઈસ્લામની સાચી લાગણી છે તો તમે કુર્આની તા'લીમ તથા બંધારણ પર અમલ કરીને બતાવો કે તમને જોઈને દુનિયા કહેવા પર મજબૂર થઈ જાય કે નહીં ! નહીં ! કુર્આન વિશ્વશાંતિ માટે કેવળ એક અને એકલું જ સાચુ તથા સંપૂર્ણ બંધારણ છે.**

# ઈસ્લામી દર્સગાહોની અધોગતિના કારણો તથા તેમના ઈલાજ........

લેખક : **હઝરત મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** (સદર મુફ્તી જામિઆ અશ્રફિયા–મુબારકપુર)

અનુવાદક : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદર મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

બાળપણથી સાંભળીએ છીએ કે દુનિયામાં માત્ર એક વસ્તુ એવી છે જેમાં કોઈ જાતનો ભેદભાવ તથા ઈખ્તેલાફ નથી અને તે વસ્તુ મૌત છે, પરંતુ મુસ્લિમ કૌમની ઉચ્ચ કોશિશો દ્વારા વધુ એક વસ્તુનું સંશોધન થઈ ચૂક્યું છે જે અંગે બુધ્ધિજીવીઓનો કોઈ મતભેદ નથી અને તે વસ્તુ "મુસ્લિમોની ઈલ્મી અધોગતિ" છે. આજના આધુનિક યુગમાં આ બાબતે સર્વની સહમતિ થઈ ચૂકી છે કે મુસ્લિમ કૌમ અન્ય તમામ (નોંધપાત્ર) દુનિયાની કૌમોમાં તાલીમના મેદાનમાં તથા શૈક્ષણિક ક્ષેત્રે સૌથી વધુ પછાત તથા અતિ પછાત છે. હકીકતમાં "મૌત" તથા "શૈક્ષણિક અધોગતિ" (તાલીમી ઝવાલ) આ બંને દરમ્યાન ઘણી સમાનતા છે. સાચા અર્થોમાં જિંદગી નામ છે ઈલ્મ તથા શિક્ષણનું, જ્યારે ઈલ્મ જ નહીં તો જીવન પણ નથી. એટલા માટે ઘણી મહાન ખૂબી કહેવાશે જો આપણે ઈલ્મી પછાતપણા તથા શૈક્ષણિક અધોગતિ અને મૌતને અલગ અલગ વસ્તુ સમજીશું તો.

**(અરબી શેઅરનો અર્થ)** : સાહિબે ઈલ્મ (શિક્ષણ ધરાવનાર) પોતાના ઈલ્મી કારનામાઓના કારણે પોતાના મૃત્યુ પછી પણ જીવંત રહે છે. અને હમેશાં જીવંત રહેશે. જ્યારે તેનું અંગે અંગ માટીમાં ભરી ગયેલ છે, અને જાહિલ (ઈલ્મથી વંચિત, અશિક્ષિત) મુર્દા (મૃત્યુ પામેલ) છે ભલે ને તે ધરતી ઉપર હરતો ફરતો હોય, લોકો તો તેને જીવંત સમજે છે પરંતુ વાસ્તવમાં તેની કોઈ હસ્તી (અસ્તિત્વ) નથી હોતી.

આ તે કૌમની ઈલ્મી અધોગતિની દાસ્તાન છે જેના સુપુત્રોએ ક્યારેક ઈલ્મ તથા કલાવિદ્યા તેમજ સંશોધન તથા રિસર્ચના મેદાનમાં સમગ્ર વિશ્વમાં એક વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, અને જેના એક ફરઝંદ વિશે પયગંબરે ઈસ્લામ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

"જો ઈલ્મ સુરૈયા (આકાશની સૌથી ઊંચાઈ ઉપર આવેલા એક સિતારાનું નામ) ઉપર હોત તો પણ ફારસની એક વ્યક્તિ (ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ) તેને પ્રાપ્ત કરી લેતી." પરંતુ :–

*લે ગએ તષ્લીષકે ફરઝંદ મીરાષે ખલીલ*

વધુ તફસીલમાં જતાં માત્ર મદ્રસાઓની આપત્તિજનક તાલીમી વ્યવસ્થાના કારણોનું એક ચિત્ર રજૂ કરી દેવા માંગુ છું જે નીચે પ્રમાણે છે :–

### ★ અધોગતિનાં કારણો ★

(૧) પુંજીની અછત. (૨) વ્યવસ્થા કમિટીના ઈખ્તેલાફો તથા તેમની ગ્રુપબંદી. (૩) તાલીમી ક્ષેત્રે મુદર્રિસોની નિષ્કાળજી અથવા ફક્ત પગારની હદ સુધી તાલીમથી લગાવ. (૪) કાબેલિયત ધરાવતા તથા મહેરબાન મુદર્રિસોની અછત. (૫) ગણત્રીના મુદર્રિસો અને અસીમિત બાળકો (તલ્બા) (૬) મદ્રસાઓનો ગૈરતાલીમી માહોલ. (૭) તલ્બાની આરામ તથા ઐશ સાથે મહોબ્બત અને મહેનત તથા અભ્યાસથી દૂરી તેમજ તકરીર સાથે બેહદ દિલચસ્પી. (૮) સખત ઈમ્તિહાન તથા કડક પરીક્ષાથી બેપરવાહ અને નકલ, ચોરી,

છેતરપિંડીમાં ઢીલ અથવા મદદ કરવી. (૯) પૂરતી કિતાબોનો અભાવ. (૧૦) નિસાબે તાલીમ (કોર્સ) તથા તાલીમની પધ્ધતિમાં ખામીઓ.

### ★ અમુક કારણોની સ્પષ્ટતા ★

અમુક કારણોની થોડી સ્પષ્ટતા રજૂ કરી દઈએ. પુંજીની અછત તથા આર્થિક રીતે કમજોરી મદ્રસા માટે હોય અથવા મુદર્રિસો માટે હોય અથવા તલ્બા માટે હોય, દરેક રીતે તે આ'લા તાલીમ તથા ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા તથા તેની પ્રાપ્તિમાં એક મોટી રુકાવટ છે. તલ્બા માટે અછતની સ્થિતિ એ છે કે ઈલ્મ પ્રાપ્તિ માટે જેટલો સમય જોઈએ તેઓ એટલો સમય નથી આપી શકતા. જયારે કે ઈલ્મ તથા શિક્ષણની ક્ષમતાના આધારે સમયની ક્ષમતા પણ લાઝિમ તથા જરૂરી છે, પરંતુ તેનો ઉપાય આ પ્રમાણે શક્ય છે કે મદ્રસામાંથી તેમના માટે વઝીફા (સ્કોલરશિપ)ની વ્યવસ્થા કરી દેવામાં આવે.

મુદર્રિસો પ્રત્યે સરમાયાની અછત તેમનું તદરીસ તથા તા'લીમ આપવાની સાથે સાથે બીજા અન્ય રોજગારના માધ્યમો જેમાં ખાસ કરીને તક્રીર તરફ ધ્યાન કેન્દ્રિત કરાવી આપશે. જ્યારે કે તદરીસ (દર્સ આપવો) તથા તક્રીર બંને એક બીજાના વિરોધી છે. અથવા કમ સે કમ બંનેમાં (તદરીસ તથા તક્રીર)માં એક બીજાની સાથે સમાનતા મુદર્રિસોમાં કોઈ અંશે નથી જોવા મળતી. કોઈ પણ મદ્રસામાં મુદર્રિસોની જમાઅતમાં મુક્રિરો (તક્રીર કરનારાઓ)ની સંખ્યા જેટલી વધારે હશે તાલીમ પણ તેટલી જ કમજોર હશે.

મદ્રસા માટે સરમાયાની કમીએ ઉપરોક્ત બંને બાબતોનું કારણ હોવાની સાથે સાથે લાયકાત ધરાવતા મુદર્રિસો તથા કિતાબોની કમીનું પણ કારણ બનશે, જે ડાયરેક્ટ તા'લીમી પ્રગતિને પ્રભાવિત કરશે, પરંતુ તેનો ઉપાય મુશ્કેલ નથી જેને આગળ વર્ણન કરીશું.

વ્યવસ્થા કમિટીમાં એક બીજા સાથેના મતભેદો તથા ઈખ્તેલાફની તા'લીમ ઉપર બે રીતે અસર પડે છે, એક તો મુદર્રિસો ઈલ્લા માશાઅલ્લાહ ! બને ત્યાં સુધી સામાન્ય રીતે સ્વતંત્ર થઈ જાય છે, કેમ કે ઈદારાની કમિટીને પોતાના અંદરના ઝઘડાઓ તથા વિખવાદોથી હટીને તા'લીમી વ્યવસ્થા તરફ ધ્યાન આપવાની પણ ફુરસદ નથી મળતી.

અને બીજુ ભયાનક પરિણામ એ આવે છે કે મુદર્રિસો જે વાસ્તવમાં મદ્રસા તથા ઈદારાની કરોડરજ્જુ હોય છે, તેઓ પણ અલગ અલગ ગ્રુપોમાં વહેંચાય જાય છે અને કમિટીની જેમ આ હઝરતો પણ પોતાની વધુ પડતી દિમાગ શક્તિ તથા દાવપેચ ગૈરતા'લીમી બાબતોમાં ખપાવે છે. આ તા'લીમની બર્બાદીનો સૌથી ખતરનાક વળાંક હોય છે. પરંતુ જિદ તથા નફ્સાનિયત આવા સમયે પણ બંને હરીફોને સાચા માર્ગ તરફ નથી જવા દેતી અને પરિણામે મદ્રસો ધીરે ધીરે તબાહીના ખાડા તરફ પહોંચી જાય છે.

તેનો ઉપાય તથા ઈલાજ એ છે કે, વ્યવસ્થા તથા સંચાલન બિન લાયકાતવાળા તથા અનાડીઓને સુપ્રત ન કરવામાં આવે તથા ખુદાએ પાકની બારગાહમાં નિખાલસતા તથા ઈસ્લાહ (સુધારણા)ની દુઆ કરવામાં આવે.

મુદર્રિસોનું તા'લીમ તરફ ધ્યાન ન આપવું તથા તેના પ્રત્યે આળસ દાખવવી અથવા તા'લીમ સાથે માત્ર પગારની હદ સુધી સંબંધ રાખવો એ આપણી ઈલ્મી અધોગતિનું એક મહાન કારણ છે.

વાત કડવી છે પરંતુ હકીકત છે કે કેટલાય મુદર્રિસો પોતાની દિલચસ્પીના અલગ અલગ કાર્યો (જેમ કે દોરા, તાવીઝ, ગપ્પાં મારવાં તથા ન્યુઝ પેપર, મેગેઝિનોની લત વગેરે)માં વ્યસ્ત રહેવાના કારણે ક્યાં તો મુતાલા (અભ્યાસ)ની તકલીફ ઉઠાવવા નથી માગતા અથવા તો અભ્યાસ કરે છે પરંતુ અપૂરતો તથા નાકાફી મુતાલો કરે છે. દર્સગાહો તથા કલાસોમાં બેસીને થોડીકવાર પઢાવીને બાકીનો સમય ગેરદર્સી વાતોમાં વિતાવે છે, જેથી એવું લાગે છે કે (તેમના ખયાલમાં) દર્સની ફરજ બજાવવા માટે એટલો દર્સ (ભણાવવું) પૂરતું તથા કાફી છે જેને દર્સનું નામ આપવામાં આવે.

જ્યારે મુદર્રિસોની નિષ્કાળજી તથા આળસનો આ આલમ હશે તો તલ્બા જેવા ભલા માણસોની આઝાદીનો આલમ શું હશે ?!

આનું કારણ પોતાની જિમ્મેદારીથી લાપરવાહી, અલ્લાહનો ખૌફ ન હોવો તથા સદરમુદર્રિસની ઢીલી નીતિ તથા મુદર્રિસોની બિનજરૂરી ખુશામત છે.

અલ્લાહનો શુક્ર છે કે અત્યારે પણ કેટલાયે મુદર્રિસો પૂરી મહેનત તથા લગનની સાથે પોતાની જવાબદારી નિભાવવામાં વ્યસ્ત છે. અને હક઼ીક઼તમાં આ રહેલી સહેલી તા'લીમ તેઓના જ પ્રયાસો તથા નિખાલસતાનું પરિણામ છે.

તદ્ઉપરાંત કાબેલિયત ધરાવતા મહેરબાન મુદર્રિસો જેમની કોશિશો દ્વારા ઈલ્મનું વૃક્ષ હર્યુભર્યું રહી શકે તેવા આજે મોટાભાગના મદ્રસાઓમાં નાયાબ (અદશ્ય) તો નહીં પરંતુ જરૂર કમયાબ (ઓછા દેખાય) છે.

એક સારા મહેરબાન મુદર્રિસની મૂળભૂત ખૂબીઓ આ પ્રમાણે છે :–

૧. તે પોતે બાસલાહિયત (લાયકાત ધરાવનાર) હોય.
૨. મુતાલો (અભ્યાસ) કરીને દર્સ આપવાની સારી રીતે તૈયારી કરે.
૩. તેના અંદર તલ્બાને બામક઼સદ તા'લીમ તરફ પ્રોત્સાહિત કરવાની સાથે સાથે તેમને પોતાની કલા વિદ્યામાં લાયક તથા ક્ષમતાવાળો બનાવવાની ભાવના કાર્યરત હોય.
૪. તલ્બાના વાંધાઓ તથા એઅ્તેરાઝોનો ખુશદિલીની સાથે સંતોષકારક જવાબ આપે તથા તેમની હોંસલા અફઝાઈ પણ કરે.
૫. પાકીઝા સીરત (પવિત્ર કિરદાર) તથા ઉચ્ચ અખ્લાક઼ ધરાવતો હોય અને સાથે સાથે તલ્બાના કિરદારના નિર્માણ તથા ચરિત્રના ઘડતર અંગે કોશિશો કરનાર પણ હોય. આપણામાં કેટલા લોકો આવી ખૂબીઓ ધરાવે છે ?!

એક બુદ્ધિમાનનું કથન છે કે, ''ઉસ્તાદની મહેરબાની (પ્રેમ, આત્મિયતા તથા ધ્યાનની એક દષ્ટિ શાગિર્દને આસ્માન સુધી પહોંચાડી આપે છે. *(પ્રોફેસર અબ્દુસ્સલામ, નોબલ પારિતોષિક વિજેતા, પ્રમુખ : વિશ્વ વિજ્ઞાન પ્રગતિ કેન્દ્ર, ટ્રીસ્તે–ઈટાલી)*

તો શું કારણ છે કે આપણે આસ્માને ફઝ્લ (શ્રેષ્ઠતાની ઊંચાઈઓ) ઉપર પહોંચવું તો દૂરની વાત પણ તેની ઊંચાઈઓ તરફ મોઢું પણ નથી કરી શક્તા ?! આના જિમ્મેદાર ખૂદ આપણે છીએ કે ફક્ત સરમાયો ?

મદ્રસાઓના ગૈર તા'લીમી માહોલના સૌથી વધુ જવાબદાર સદર મુદર્રિસ (પ્રિન્સિપાલ) અને મુદર્રિસો જ હોય છે. આવો (ગૈર તા'લીમી) માહોલ તા'લીમની પ્રગતિની રાહમાં એક ''અંધારકમય સાગરની'' જેમ છે જેના અંધકારમાં એવાં એવાં દિમાગો તથા બુદ્ધિઓ પણ બેનૂર થઈને રહી જાય છે જેઓ પોતાના સમયમાં ઈલ્મો ઈરફાન તથા જ્ઞાન વિદ્યાના આકાશના સૂરજ તથા ચાંદ હોવા જોઈતા હતા. જાનવરો તથા હિંસક પ્રાણીઓના માહોલમાં તર્બિયત પામેલ માનવી પોતાની વાકશક્તિ તથા માનવતાના ગુણોને જ્યારે ગુમાવી શકે છે તો પછી ગૈરતા'લીમી માહોલમાં પરવરિશ પામેલ તાલિબે ઈલ્મ શું પોતાની પ્રાકૃતિક તથા ફિતરી ક્ષમતાઓના નૂરથી મેહરૂમ નથી થઈ શક્તો ?

આ એક કેટલી દર્દનાક તથા કષ્ટજનક વાત છે કે એક ઈલ્મનો પ્યાસો તથા શિક્ષાનો તરસ્યો આબે હયાતના (અમૃત જળના) મધૂર ચશ્મા (ઝરણા)ની નજીક પહોંચીને પણ તરસ્યો રહી જાય છે અને પોતાના જીવનને ''અમર જીવન'' બનાવવાનું સ્વપ્ન સાકાર નથી કરી શકતો.

*હસ્રત ઉન ગુંચોં પે હૈં જો બિન ખિલે મુરઝા ગએ*

મુદર્રિસ તથા સદરમુદર્રિસ પછી તા'લીમની અધોગતિનો સેહરો તાલિબે ઈલ્મના માથે બંધાય છે. સામાન્યતઃ જોઈ શકાય છે કે તલ્બા પઢાઈમાં તથા અભ્યાસમાં કઠણ મહેનત તો નહીં પરંતુ સામાન્ય કક્ષાની મહેનત કરવાથી પણ કતરાઈ છે ! તેમના

(તલ્બાના) મસ્લકમાં (માન્યતામાં) શરીરને કષ્ટથી બચાવી આરામથી રહેવું એટલે આરામ પસંદી તથા સમયની બર્બાદીને એક મહત્વનું સ્થાન પ્રાપ્ત છે, જ્યારે કે જદ્દો જેહાદ તથા મહેનત, મશક્કત અને સતત પ્રયાસોને કોઈ સ્થાન તથા વક઼ાર તેમની પાસે નથી, તેમ છતાં કે તેમને આ કઠણ પરંતુ મહાન સફરની શરૂઆતમાં જ આ પાઠ શિખવવામાં આવે છે.

**(અરબી શેઅરનો અર્થ)** : મહાનતાઓ તથા સિધ્ધિઓ મહેનત તથા સતત પ્રયાસોની માત્રા પ્રમાણે જ પ્રાપ્ત થાય છે. અને મહાનતા તથા સિધ્ધિઓનો ઈચ્છુક રાત્રીઓને પણ જાગી જાગીને પસાર કરે છે, મોતી ઢુંઢનાર મરજીવાઓ સમુદ્રમાં ડૂબકીઓ લગાડે છે ત્યારે સરદારી તેમજ ઈનામોથી સન્માનિત થાય છે, અને જે વ્યક્તિ મહેનત તથા સતત પ્રયત્નો વિના મહાનતાનો ઈચ્છુક હોય, તો તે પોતાની ઉમ્ર (વય) એક અશક્ય વાતની ખોજમાં ગુમાવી રહ્યો છે.

તલ્બાને આ વાતની પણ હિદાયત કરી દેવામાં આવે છે કે :–

**(અરબીનો અર્થ)** : આશાઓ તથા તમન્નાઓ વડે જો ઈલ્મ પ્રાપ્ત થઈ જતો હોત તો કાએનાતમાં કોઈ પણ વ્યક્તિ જાહિલ તથા અભણ ન હોત. એટલા માટે મહેનત કરો, આળસુ ન બનો તથા ગફલત અને બાપરવાહીથી કામ ન લો, કેમ કે આળ સુ માટે ઉક઼બા (આખેરત તથા પરિણામ)માં પણ પસ્તાવો તથા શરમિંદગી હોય છે.

પરંતુ ઘણા ઓછા તાલિબે ઈલ્મો એવા હોય છે કે આ પાઠ તથા હિદાયતને યાદ રાખીને તેના ઉપર અમલ કરતા હોય છે. જ્યારે કે મહેનત તથા સતત પરિશ્રમ ઈલ્મ પ્રાપ્તિની છ આધારભૂત શરતોમાંથી એક છે. જો આજે પણ તલ્બા પૂરેપૂરી લગન તથા દિલચસ્પીની સાથે ઈલ્મ પ્રાપ્તિ માટે સતત કોશિશ તથા મહેનતમાં વ્યસ્ત થઈ જાય તો ઉપરોક્ત કારણોમાંથી એક પણ કારણ તેમને ઈલ્મી પ્રગતિ તથા શિખર પ્રાપ્તિથી રોકી નથી શકતું, પરંતુ તાલીમના મેદાનમાં તલ્બાની મહેનત અંગેની પરિસ્થિતિ એના કરતાં પણ વધારે ખરાબ તથા દયાજનક છે જે તા'લીમના મેદાનમાં સામાન્ય મુદર્રિસોની છે.

તલ્બા તથા મુદર્રિસોની સામૂહિક સુસ્તી તથા એશ પસંદીએ અત્યારે આપણને એ સ્થિતિમાં પહોંચાડી દીધા છે કે પશ્ચિમ (યૂરોપ)માં આપણો મજાક તથા મશ્કરી આ પ્રમાણે કરવામાં આવે છે કે, ''એક કાલ્પનિક માર્કેટમાં એક વ્યક્તિ માણસનું દિમાગ ખરીદવા માટે ગયો. દુકાનમાં દરેક ધર્મના માનવાવાળાઓનાં દિમાગો ક્રમસર મૂક્યાં હતાં. ખરીદારના પૂછવા પર દુકાનદારે બતાવ્યું કે એક યહૂદીના દિમાગની કિંમત એક ડોલર, ઈસાઈના દિમાગની કિંમત ચાર ડોલર તથા મુસલમાનના દિમાગની કિંમત સોળ ડોલર છે. ખરીદાર આશ્ચર્યમાં પડી ગયો અને પૂછયું કે અજબ વાત છે ! યહૂદી જે અત્યારે વિશ્વમાં પોતાની બુધ્ધિ તથા પ્રાકૃતિક ક્ષમતાઓના કારણે પ્રસિધ્ધ છે, તેનું સૌથી સસ્તુ અને મુસલમાનોનું દિમાગ આટલું મોંઘુ ?! દુકાનદારે જવાબ આપ્યો કે તેમાં આશ્ચર્યની શું વાત છે ? મુસલમાનોએ અલજિબ્રાની શોધ પછી પોતાના દિમાગને વાપર્યું નથી, તેમના દિમાગનો બધો જ માવો (બુધ્ધિ) સુરક્ષિત છે એટલા માટે તેમના દિમાગની કિંમત વધારે છે. *(તેહઝીબુલ અખ્લાક઼ માસિક, ભાગ–૬, અંક–૫૦, મે ૧૯૮૭, પેજ–૧૩, લેખક પ્રોફેસર અસ્રાર અહમદ, મુદર્રિસ મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢ)*

આશ્ચર્ય તથા અફસોસની વાત છે કે આપણે આ પ્રકારની ટીપ્પણીઓ તથા કટાક્ષો સાંભળીને થોડીવાર હસી લઈએ છીએ પરંતુ આપણને પોતાની પસ્તી તથા અધોગતિનો રજ માત્ર પણ એહસાસ નથી થતો, આવુ ક્યાં સુધી ?!

તલ્બાનું મહેનતથી દૂર ભાગવાનું એક કારણ તા'લીમનો ઉત્તમ હેતુ તથા તેના લાભો ઉપરથી નજર હટાવી લેવું છે અને મોટુ કારણ સખત પરીક્ષાથી લાપરવાહી તથા નક઼લ તથા ચોરીમાં ઢીલ આપવું

છે. જાહેર છે કે એક પરિણામ તથા ભવિષ્યથી બેખબર તાલિબે ઈલ્મ જ્યારે જાણી લેશે કે તેને પરીક્ષામાં દરેક રીતે સહાય તથા નક્લ કરવાની ઈજાઝત મળી શકે છે તો તે તાલિબે ઈલ્મ મહેનત તથા રાત્રી જાગરણની તકલીફો શા માટે ઉઠાવે ? કોઈ પણ મદ્રસાની તા'લીમી કક્ષા (શિક્ષણ, પઢ ાઈ)નો અંદાજો ત્યાંની પરીક્ષા પધ્ધતિ દ્વારા સારી રીતે લગાડી શકાય છે. કડક પરીક્ષા ઉચ્ચ કક્ષાની તા'લીમની દલીલ છે, જ્યારે કે નરમી તથા છૂટછાટવાળી પરીક્ષા પછાત કક્ષાની તા'લીમની દલીલ છે.

ઈલ્મી અધોગતિનું એક મુખ્ય કારણ જૂનો નિસાબે તા'લીમ (કોર્સ) તથા પૂરાણી તા'લીમ પધ્ધતિમાંની ખામીઓ જે દરેક રીતે આધુનિક યુગની અપેક્ષાઓને પૂરી નથી પાડી શકતી. એટલા માટે આધુનિક બુધ્ધિ તેનાથી ઘણી મુશ્કેલીથી સહમત થાય છે.

મંતિક તથા ફલસફા (ફિલોસોફી)ની કિતાબોનો બોજ, આધુનિક ઈલ્મે કલામ (તર્કશાસ્ત્ર)નો અભાવ, આધુનિક સાઈન્સ, રિયાઝી (ગણિત શાસ્ત્ર) તથા આંતર રાષ્ટ્રીય ભાષા અંગ્રેજીનું કોર્સમાં સામેલ ન હોવું. વધુ પડતી મુશ્કેલ કિતાબોની નિસાબમાં પસંદગી, સરળ રીતે સમજી શકાય તેવી કિતાબોથી લગભગ વિમુખતા (સરળ કિતાબોનો અભાવ), તારીખ (ઈતિહાસ) તથા સીરત અને અરબી અદબ ઈન્શા (અરબી સાહિત્ય)થી વિચ્છેદ, ઈબારતના હલ કરવામાં ગૈર જરૂરી વાતોનું સામેલ હોવું, ક્રીલોકાલ (બિન જરૂરી સવાલો તથા તેના જવાબો)માં અતિ વ્યસ્ત થઈ જવું, મૂળ મસાઈલ તથા હેતુઓ પ્રત્યે ધ્યાન ન આપવું, આ બધી આપણા નિસાબે તા'લીમ (કોર્સ) તથા તા'લીમ પધ્ધતિની મહાન ખામીઓ છે.

જરૂરત છે કે સમયની માંગો મુજબ આપણે પણ આપણા નિસાબે તા'લીમમાં ફેરફાર કરતા રહીએ. પરંતુ અફસોસ ! કે અત્યાર સુધી આવું (ફેરફાર) ન થઈ શકયું. આશ્ચર્યજનક વાત એ છે કે સેંકડો શરઈ એહકામ તથા મસાઈલમાં સમય તથા યુગના બદલવાની સાથે સાથે ઈસ્લામે ફેરફારની ઈજાઝત આપી છે, અને આપણે ઘણી ઉદારતાથી આવા ફેરફારો કરતા પણ રહીએ છીએ, પરંતુ આપણે જ બનાવેલો નિસાબે તા'લીમ બદલવો તો દૂરની વાત, તેમાં ફેરફાર કરવા પણ નથી માંગતા ! આપણે તેને (જૂના કોર્સને) આપણા બુઝુર્ગોની પૈરવી સમજીએ છીએ પરંતુ વાસ્તવમાં આ તેમની પેરવી નથી, બલ્કે આધુનિક્તા તથા વિચાર વિમર્શની મુશ્કેલ વાદીમાં કદમ રાખવાથી છૂટવાનું એક બેકાર બહાનું છે.

વળી અહિંયાં એક વાત વિશેષ રીતે ધ્યાનપાત્ર છે કે ઈલ્મે કલામ જે આપણને ઈસ્લામી અક્રીદાઓનો પરિચય આપે છે, અને એટલા માટે તેને "અશ્રફુલ ઉલૂમ" (સર્વ શ્રેષ્ઠ જ્ઞાન) કહેવાય છે, તેની માત્ર એક જ કિતાબ કોર્સમાં સામેલ છે ! જ્યારે ફિલોસોફી જે ઈસ્લામી અક્રીદાઓને રદ તથા બાતિલ કહે છે તેની લગભગ અડધો ડઝન કિતાબો ઘણી દિલચસ્પી તથા શોખની સાથે પઢાવવામાં આવે છે.

**ઈલાજ** : ઉપર જે વિશિષ્ટતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાં સુધારણા મદ્રસાઓની તા'લીમને બુલંદી સુધી પહોંચાડી શકે છે. અહિંયા આ ઈસ્લામ તથા સુધારણાની થોડી સ્પષ્ટતા રજૂ કરવામાં આવે છે.

**સરમાયા તથા પુંજીની અછત** : આ સમસ્યા જરૂર મહત્વની છે, પરંતુ આજના યુગમાં તેનો ઉકેલ કોઈ મુશ્કેલ નથી. કેટલાયે મદ્રસાઓ અત્યારે એટલા ખુશ હાલ છે કે તે પોતાની શક્તિ મુજબ તા'લીમની વ્યવસ્થા કરે તો તે કરી શકે છે. જેનાથી તા'લીમની કક્ષા પણ કાફી હદ સુધી બુલંદ તથા મજબૂત થશે. એ કાંઈ જરૂરી નથી કે દરેક નાના મોટા, નવા જૂના મદ્રસાઓમાં દૌરા (ફઝીલત) સુધીની જ તા'લીમ હોય પછી ભલે તેના લાયક મુદર્રિસોની વ્યવસ્થા ન હોય ! છતાં પણ એહલે ખૈર તથા માલદારોને મદ્રસાઓની સહાયતા અંગે અધિક ધ્યાન આપવાની જરૂરત છે.

બાસલાહિયત તથા મુકર્રિર ન હોય તેવા મુદર્રિસોને નિયુક્ત કરવામાં આવે, કોઈ પણ મુદર્રિસના દર્સમાં એવી કિતાબો ન રાખવામાં આવે જે તે કિતાબો પઢાવવાને લાયક ન હોય, મિક્દારે

તા'લીમ (કોર્સની માત્રા)ની એક મર્યાદા ચોક્કસ કરી દેવામાં આવે જેને એક ચોક્કસ સમયમાં પૂરી કરવી લાઝમી હોય, મુદર્રિસો દર્સી કિતાબો તથા સહાયક કિતાબોનો અભ્યાસ જરૂરથી કરે, આખો પિરિયડ દર્સ ચાલુ રાખવામાં આવે, મુદર્રિસો તથા ખાસ કરીને સદર મુદર્રિસ અઠવાડિયામાં દસ દિવસે એક બે વાર તલ્બાના હોસ્ટેલ તથા દારુલ મુતાલા (અભ્યાસ ખંડ)માં જઈ તેમની ગતિવિધિઓની જાંચ પડતાલ કરતા રહે, તાલિબે ઈલ્મીના સમયમાં કોઈપણ પ્રકારની નોવેલ પઢવા ઉપર પ્રતિબંધ રાખે, પરીક્ષામાં પૂરે પૂરી સખ્તી કરવામાં આવે, અને તેમાં કોઈપણ પ્રકારની ઢીલ ઢાલ તથા છૂટ ન મૂકવામાં આવે. મુમ્તહિનો (પરીક્ષકો) કોપીઓનો સંપૂર્ણપણે અભ્યાસ કરીને દરેક તાલિબે ઈલ્મને એટલા જ ગુણ આપે જેટલાનો તે હક્કદાર હોય. એડમિશનના સમયે ઉમ્મેદવારોનું ઈમ્તેહાન (કોમ્પિટિશન) એકઝામ પણ લાઝિમ કરી દેવામાં આવે, અને આ ઈમ્તેહાન પણ સખ્તાઈથી લેવામાં આવે અને તેમાં સફળ તથા પાસ વિદ્યાર્થીઓનો જ દાખલ કરવામાં આવે.

નિસાબે તા'લીમમાં (કોર્સ)માં મંતિક તથા ફિલોસોફીનો બોજ આછો કરીને ગણિતશાસ્ત્ર તથા સાઈન્સની તા'લીમની બાકાઈદા વ્યવસ્થા કરવામાં આવે. ભાષા સમજીને અંગ્રેજીને ઈન્ટરમિડિયટ સુધી પઢાવવામાં આવે. ઉસૂલે ફિકહ તથા નહવની એક કિતાબ (જેમ કે હુસારી, શરહે જામી) ઓછી કરીને જદીદ ઈલ્મે કલામ (તર્ક શાસ્ત્ર) તેમજ જદીદ ફિક્હી મસાઈલને નિસાબમાં સામેલ કરવામાં આવે. (પરંતુ તેનાથી પહેલાં આ વિષયો ઉપર બે જામેઅ કિતાબોને સંપાદિત કરવાની વ્યવસ્થા ઘણી જરૂરી છે. અમુક ઈતિહાસ તથા સીરતની કિતાબોને પણ નિસાબમાં સામેલ કરવાની જરૂરત છે. નહ્વ મીર, કુબ્રા, મીઝાન મુન્શઈબની જગ્યાએ આ વિષયો ઉપર આસાન ઉર્દૂની કિતાબો પઢાવવામાં આવે જેથી તલ્બા અપરિચિત ભાષાની જગ્યાએ પોતાની ભાષામાં કાયદાઓ તથા ગ્રામરને સરળતાની સાથે સમજીને યાદ કરી શકશે. ફારસી જાણવા માટે તો ફારસી અદબની ઘણી કિતાબો છે.

વિવિધ ઈલ્મો (જ્ઞાનો) તથા વિદ્યા કલાઓને અલગ અલગ વિભાગમાં કરી દરેક વિભાગને શોખવાળા તથા કાબિલ મુદર્રિસોને સોંપી દેવામાં આવે. પોતાના નિસાબને અલગ અલગ યુનિવર્સિટીઓ દ્વારા મંજૂર કરાવવામાં આવે, જેથી આપણા તલ્બા આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરીને જીવનનાં બીજા ક્ષેત્રોમાં પણ વિશેષ કારનામાંઓ અંજામ આપી શકે, તેમની વિચારશક્તિનું ક્ષેત્ર માત્ર મસ્જિદના ઈમામ, જલ્સાઓના ખતીબ (મુકર્રિર) તથા દર્સગાહોના ઉસ્તાદ બનવા સુધી સીમિત ન રહે, બલ્કે સમયની માંગો તથા આધુનિક યુગના મસાઈલથી વાકેફ થઈને તે કૌમની કયાદત (નેતૃત્વ)ની ક્ષમતા ધરાવી શકે. અને આ તમામ કરતાં જરૂરી એ છે કે આપણે તા'લીમ તથા તા'લીમી પ્રગતિ પ્રત્યે સંપૂર્ણ દિલચસ્પી, શોખ તથા ઉત્સાહની સાથે સખત મહેનત તથા સતત પ્રયાસોમાં મશગૂલ થઈ જઈએ અને આ ક્રમ એ પ્રમાણે યથાવત રાખીએ કે તલબ (પ્રાપ્ત કરવા)ની પ્યાસ આખરી શ્વાસ સુધી પણ ઓછી ન થવા પામે. *(જામેનૂર, સપ્ટેમ્બર–૨૦૧૦)*

**મદદ માટે અપીલ**

**વ્યારા** : (જિ. તાપી) મુકામે, પતરાની કાચા બાંધકામવાળી સુન્ની (સહીહુલ અકીદા) મસ્જિદને શહીદ કરી આર.સી.સી.ના બાંધકામવાળી પાકી મસ્જિદ (મસ્જિદે આ'લા હઝરત)ની તા'મીરનું કામ ચાલુ છે, જેનો અંદાજિત ખર્ચ **રૂા.૧૮ લાખ** જેટલો થાય છે. અત્યાર સુધી અંદાજે રૂા. ૭ લાખની રકમ જેટલું બાંધકામ થઈ ગયું છે અને જેમાં એક સ્લેબ સામેલ છે. હજી ઘણુ બધું કામ બાકી છે અને ભંડોળ (ફંડ)ની તાતી જરૂર છે, તો સુન્ની સખી દાતાઓને નમ્ર અપીલ કરવાની કે અલ્લાહના ઘરના બાંધકામમાં મદદ કરી સવાબે જારીયા હાંસલ કરે.

(૧) સૈયદ અમીનુદ્દીન કાદરી, પ્રમુખ : ફયઝાને આ'લા હઝરત કમિટી, માળીવાડ, વ્યારા, જિ. તાપી (મો. ૯૭૧૨૩૦૧૭૮૯) (૨) હાજી મેહમૂદખાં પઠાણ (સેક્રેટરી)

# હઝરત સૈફુલ્લાહના ઈસ્લામ સ્વીકારની દાસ્તાન !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામ દીને હક્ક઼ છે. સાચો ધર્મ છે. આ એક એવી હક઼ીક઼ત છે જેમાં કોઈ શંકા કુશંકાને સ્થાન નથી. બલ્કે એવી હક઼ીક઼ત કે ગૈરો અને ન સ્વીકારનારાઓ પણ એના હક્ક઼ હોવાને સ્વીકારે છે. અને હક્ક઼ સંબંધે કહેવામાં આવ્યું છે : (ભાવાર્થ) : હક્ક઼ હંમેશા સર્વોપરી રહે છે કદાપી પરાસ્ત થતુ નથી. જો ઈસ્લામી ઈતિહાસને નજરો સમક્ષ રાખીએ તો આ કહેવત સરળતાથી સમજાઈ જશે, કેમ કે ઈસ્લામ પોતાની હક્ક઼ાનિયત અને સત્યતાના આધારે અત્યંત ઝડપની સાથે કુફ્ર શિર્ક અને દુનિયાના સર્વ બાતિલ ધર્મો પર સવાર રહ્યો. એટલે સુધી કે ઈસ્લામ પોતાના પ્રારંભિક દૌરમાં જયારે કે ઈસ્લામના માનવાવાળાઓની સંખ્યા પણ નહિવત જેવી હતી ત્યારે પણ ઈસ્લામ પોતાની હક્ક઼ાનિયતના કારણે જ ઘણી જ ઓછી મુદ્દતમાં પૂરા અરબ દ્વીપમાં ફેલાઈ ગયો અને હિજરતના આઠમા વરસ સુધી કાફિરો તથા મુશ્રિકોના તે મહાન અને વર્ચસ્વવાળા લોકો પણ ઈસ્લામ સ્વીકારવા મજબૂર થઈ ગયા, અને તેમને ઈસ્લામ સિવાય ક્યાંય આત્મશાંતિ તથા અમ્નો સુકૂન ન મળ્યું કે જેમને ઈસ્લામ તથા મુસલમાનોનું અસ્તિત્વ આંખમાં કણાની જેમ ખૂંચતું હતું ! જેઓ એક સમયમાં મુસલમાનો વિરુદ્ધ જંગોમાં સામેલ થતા હતા.

હિજરત પછીનું આઠમુ વરસ પોતાના દામને રહ઼્મતમાં ઈસ્લામ અને મુસલમાનો માટે અસંખ્ય ખુશીઓ અને મહાન વિજયોની બશારત લઈને આવ્યું. ઈસ્લામનો કારવાં જે વીજળી વેગે આગળ વધી રહ્યો હતો તેનાથી કુફ્ર તથા શિર્કની દુનિયામાં હલચલ મચી ગઈ. ઈસ્લામને ન માનનારા એ હક઼ીક઼તને સમજી ગયા કે જે ઝાતે અક઼દસના પવિત્ર હાથોમાં ઈસ્લામની દા'વત તથા તબ્લીગનો ઝંડો છે તે કોઈ સામાન્ય ઈન્સાન નથી બલ્કે અલ્લાહ ﷻના મહબૂબ રસૂલ અને મુકર્રબ બંદા (ﷺ) છે, આપણી સલામતી અને દીન દુનિયામાં સફળતા એમાં જ છે કે આપના દામને રહ઼્મતને મજબૂતીથી થામી લઈએ અને આપના સત્ય માર્ગ અને સાચી દા'વતને દિલથી સ્વીકારી લઈએ. જીવનનો જેટલો ભાગ આપની મુખાલેફત અને વિરોધમાં બર્બાદ કરી ચૂક્યા છીએ તો હવે બાકીનું જીવન આપની ગુલામીમાં વિતાવી સફળ બનાવીએ જેથી અલ્લાહની રહ઼્મત અને રઝામંદીની અસ્ત ન થનારી દૌલતથી આપણા ખાલી દામન ભરાય જાય.

હિ.સ. ૮ના બીજા મહીના સફરુલ મુઝફ્ફરમાં અરબની ત્રણ મહાન વ્યક્તિઓ બારગાહે રિસાલતમાં હાજર થઈ પોતાની માજીમાં થયેલી ભૂલો તથા નાદાનીઓ પર અશ્રુ વહાવી વહાવીને આપ ﷺના દસ્તે હક્ક઼ પરસ્ત પર ઈમાન લાવી. એ મહાનતમ ભાગ્યશાળી લોકો હઝરત અમ્ર બિન આસ, હઝરત ઉષ્માન બિન તલ્હા બિન અબી તલ્હા અને હઝરત ખાલિદ બિન વલીદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હતા.

સન હિજરી આઠમાં જેમણે ઈસ્લામ સ્વીકાર્યો એમાં એક અદ્‌ભૂત બહાદૂરી તથા આશ્ચર્યજનક બુદ્ધિમત્તા તથા શાનદાર વ્યક્તિત્વ ધરાવતા સૈફુલ્લાહિલ્ મસ્લૂલ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ પણ હતા, જે અલ્લાહના નૂર નૂરે મુહમ્મદીથી પુરનૂર થયા બાદ અલ્લાહની તલ્વાર બની ચમક્યા અને જયારે પણ કોઈ શૈતાની શક્તિએ માથુ ઊંચકવાની કોશિશ કરી તેના પર મૌતની વીજળી બની ત્રાટકીને તેને રાખ કરી દીધી.

ઈતિહાસનો આ અજોડ કમાન્ડર પોતાની સર્વ અદ્‌ભૂત ખૂબીઓ અને ગુણો સહિત શમ્એ

રિસાલતનો પરવાનો કઈ રીતે બન્યો ? એની ઈમાન અફરોઝ ઘટના ખૂદ એ જનરલની ઝબાનથી સાંભળીએ જેણે પોતાની ફૌજી મનોવૃત્તિ તથા ખુદાદાદ લાયકાત અને બહાદુરીથી ઈસ્લામની ફતહ તથા નુસ્રત તથા વિજયોમાં એવું અમર અને અજોડ પ્રકરણ સ્થાપિત કર્યું જેનું ઉદાહરણ ઈતિહાસમાં જડવું મુશ્કેલ છે. આપના ઈમાન લાવવાની રૂહપરવર કહાની હઝરત યહ્‌યાએ પોતાના વાલિદે માજિદ હઝરત મુગ઼ીરા બિન અબ્દુર્રહ્‌માનથી સાંભળી અને તેમણે ખૂદ હઝરત ખાલિદ બિન વલીદ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)થી સાંભળી.

હઝરત ખાલિદ બિન વલીદ પોતાના (ઈસ્લામના) દામને રહ્‌મતમાં આવવાની ઘટના રજૂ કરતાં ફર્માવે છે :–

જયારે મારા રબ ﷻએ મારાથી ભલાઈનો ઈરાદો ફર્માવ્યો તો ઈસ્લામની મહોબ્બત મારા દિલમાં પેદા ફર્માવી અને હક્ક઼ ક઼બૂલ કરવાના મારા જઝ્બાને રાહે હક્ક઼ પર ચાલવાની તૌફીક઼ અતા ફર્માવી. સુલહે હુદયબિયા પહેલાં ઈસ્લામ અને કુફ્ર વચ્ચે જેટલી જંગો થઈ તેમાં કાફિરોના લશ્કર તરફથી હું આગળ આગળ રહ્યો, પરંતુ દરેક જંગ પછી હું એ નતીજા પર પહોંચતો કે હું સમય વેડફી રહ્યો છું. મુહમ્મદે અરબી (ﷺ) એક ન એક દિવસ જરૂર આ કાફિરો પર ગાલિબ થશે.

જ્યારે રસૂલે કાઈનાત ﷺ ઉમરહ અદા કરવાના હેતુથી મક્કા શરીફ રવાના થયા તો કાફિરોની ઘોડે સવાર ટુકડીનો કમાન્ડર હું હતો. અસ્ફાનના સ્થળે અમારો ઈસ્લામી લશ્કર સાથે ભેટો થયો. હું ઈસ્લામી લશ્કરનો રસ્તો રોકી ઊભો થઈ ગયો. રસૂલુલ્લાહ ﷺએ અમારી સામે ઝોહરની નમાઝ અદા ફર્માવી. નમાઝ દરમિયાન અમે હુમ્લો કરવાનો ઈરાદો કર્યો પરંતુ હિંમત ન કરી શક્યા. હુઝૂર ﷺ અમારા બુરા ઈરાદાથી વાકેફ થઈ ગયા અને અસ્રના સમયે આપ ﷺએ નમાઝે ખૌફ (જેમાં અડધા મુક્તદી લડાઈ સંભાળે અડધા પઢે એક એક રકાતે બદલાતા રહે) અદા ફર્માવી. હું સારી રીતે સમજી ગયો કે અલ્લાહ તઆલા ખૂદ આપનો નિગેહબાન છે. અમે હુમ્લો ન કરી શક્યા એટલા માટે હું પોતાની ટુકડી સાથે જમણી બાજુ વળી ગયો, આ રીતે અમારા વચ્ચે ટકરાવ ન થયો.

રસૂલે ઝી વક઼ાર ﷺ આગળ જઈ હુદૈયબિયાના સ્થળે રોકાયા. છેવટે અમારા વચ્ચે સુલેહ (સમાધાન)નો કરાર થયો. મેં દિલમાં વિચાર્યું કે હવે બાકી શું રહ્યું ? અહિંયાથી નીકળી જવું જોઈએ, પરંતુ સવાલ એ હતો કે અહિંયાથી નીકળી જાઉં તો ક્યા જાઉં ? હબ્શા જાઉં છું તો ત્યાંનો બાદશાહ પોતે મુસલમાન થઈ ચૂક્યો છે અને ઘણા બધા મુસલમાનો ત્યાં રોકાએલ છે. હિસ્ક઼લને ત્યાં જાઉં તો મારે મારા બાપદાદાનો ધર્મ છોડીને યહૂદી કે નસ્રાની ધર્મ સ્વીકારવો પડશે અને મને એ માન્ય ન હતું. હવે એ સિવાય કોઈ રસ્તો ન હતો કે ઘરમાં પડી રહું અને પાછળ રહી જનારા લોકો સાથે બાકીનું જીવન વિતાવું. હું મુઝવણમાં જ હતો કે નબીએ રહમત ﷺ ઉમરાની ક઼ઝા કરવા માટે મક્કા મુકર્રમા તશરીફ લાવ્યા ત્યારે હું અદ્રશ્ય થઈ ગયો જેથી મક્કા શરીફમાં આપના પ્રવેશનું દ્રશ્ય પોતાની આંખોથી ન જોઈ શકુ. મારા ભાઈ વલીદ બિન વલીદ આપના દામને રહમતથી જોડાઈને રહમતે આલમ ﷺના કારવામાં સામેલ હતા તેમણે મને શોધવાની કોશિશ કરી પરંતુ હું ન મળ્યો તો તેમણે મને નીચે પ્રમાણે પત્ર લખ્યો :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ મારા માટે સૌથી વધુ આશ્ચર્યજનક વાત એ છે કે આપના ખયાલમાં ઈસ્લામની હક્ક઼ાનિયત અત્યાર સુધી કઈ રીતે છુપાઈ રહી છે જયારે કે આપની બુધ્ધિનો કોઈ જવાબ નથી ! ઈસ્લામ જેવો સાચો ધર્મ આપનાથી કેમ કરીને છુપાય શકે છે ! રસૂલુલ્લાહ ﷺએ આપના વિશે મને પૂછયું કે ખાલિદ ક્યાં છે ?! મેં અર્ઝ કરી, અલ્લાહ તઆલા એને જરૂર લાવશે. અને હુઝૂર ﷺએ ફર્માવ્યું, "ખાલિદ જેવો ચતુર માણસ ઈસ્લામ જેવા દીનથી કઈ રીતે અજાણ રહી શકે છે ?! જો એ કાફિરો અને મુશ્રિકોના બદલે મુસલમાનોની

મદદ કરતો તો એના માટે બેહતર હતું. અમે એનું સન્માન કરતા, બીજાઓ પર એને પ્રાથમિક્તા આપતા.'' હે મારા ભાઈ ! જીવનની જે કિંમત ક્ષણો તમે વેડફી નાખી, હવે તુરંત એની ભરપાઈ કરો ! તમે ખરેખર ઘણા મૌકા જતા કર્યા છે.

હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે મારા ભાઈનો પત્ર મળ્યો તો મારી આંખો ઉઘડી ગઈ. મક્કાથી નીકળવાની ઈચ્છા અને ઈસ્લામ કબૂલ કરવાનો જઝ્બો વધી ગયો. રસૂલે કરીમ ﷺથી બુગ્ઝ અને દુશ્મની મારા દિલથી ખત્મ થઈ ગઈ. એ જ દિવસોમાં મેં સ્વપ્ન જોયું કે હું એક તંગ અને વેરાન જગાએથી નીકળી એક લીલા છમ વિશાળ વિસ્તારમાં આવી ગયો છું. મેં વિચાર્યું કે આ સ્વપ્ન ઘણુ મહત્વનું છે, મદીના શરીફ જઈશ તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને એના વિશે પૂછીશ. જ્યારે પહોંચ્યો તો એના વિશે પૂછયું તો આપે ફર્માવ્યું કે એ તંગ અને વેરાન જગા કુફ્રની હતી અને લીલોછમ તથા વિશાળ વિસ્તાર દીને ઈસ્લામ છે જ્યાં તમને અલ્લાહ તઆલા એ પોતાના ફઝ્લો કરમથી પહોંચાડી દીધા છે.

જ્યારે મેં બારગાહે રિસાલતમાં જવાનો પાકો ઈરાદો કરી લીધો તો મેં મારા દિલથી પૂછયું કે હમસફર કોને બનાવું ? ઘરેથી નીકળ્યો તો અચાનક સફવાન બિન ઉમય્યા સાથે મુલાકાત થઈ ગઈ. મેં એને કહ્યું, હે અબ્બા વહબ ! આપણો હાલ શું થઈ ગયો છે ?! મુહમ્મદ (ﷺ) તો અરબ તથા અજમ પર ગાલિબ આવી ગયા, શું આપણા માટે એ બેહતર નથી કે આપણે પોતે આપની પાસે હાજર થઈ આપની ગુલામીનો પટ્ટો પહેરી લઈએ ? આ રીતે આપણી ઈજ્જત તથા વકાર ઔર વધી જશે ! મારી વાત સાંભળી તેણે ઘણી જ સખ્તીથી નકાર કર્યો ! તેણે કહ્યું, આખી દુનિયા પણ એમના પર ઈમાન લઈ આવે અને મારા સિવાય કોઈ બાકી ન રહે તો પણ હું એમનું અનુકરણ સ્વીકારીશ નહીં ! આટલું કહી તે ચાલતો થયો. મેં વિચાર્યું એનો ભાઈ અને બાપ બંનેવ ગઝ્વએ બદ્રમાં કત્લ કરી દેવામાં આવ્યા હતા માટે એનાથી ઈમાન લાવવાની ઉમ્મીદ કરવી બેકાર છે. એના પછી ઈકરમા બિન અબૂ જહલ સાથે મારી મુલાકાત થઈ. સફવાનની જેમ એને પણ મેં કહ્યું અને તેણે પણ સફવાન જેવો જ જવાબ આપ્યો. મેં એનાથી વાયદો લીધો કે આ વિશે કોઈને ન કહે, તેણે વાયદો કર્યો.

તે પછી હું ઘરે આવ્યો અને ખાદિમને કહ્યું કે મારા ઊંટ પર કાઠલો કસીને બહાર લઈ આવ, હું ઉષ્માન બિન તલ્હાની મુલાકાત કરી આવું. મેં દિલમાં વિચાર્યું, ઉષ્માન મારો દોસ્ત છે એને આ વાત કરવામાં કોઈ વાંધો નથી. પછી મને યાદ આવ્યું કે એના ઘણા સંબધીઓ ગઝ્વએ ઉહદમાં કત્લ થયા હતા, ભલા મારી વાત કઈ રીતે માનશે ?! પરંતુ મેં વિચાર્યું કે વાત કરવામાં શું વાંધો છે ! મેં તો અહિંયાથી જવાનો ઈરાદો કરી જ લીધો છે એ મારી સાથે નહીં આવે તો ભલે, મને નુકસાન પણ નહીં પહોંચાડી શકે. મેં એની સામે પોતાની કૌમની દુર્દશા વ્યક્ત કરીને બે સાથીઓની જેમ રસૂલે પાક ﷺની ખિદમતમાં હાજર થવાનો પ્રસ્તાવ મૂક્યો તો તેણે વિના સંકોચ મારો પ્રસ્તાવ સ્વીકારી લીધો.

અમે નક્કી કર્યું કે વહેલી સવારે યાજજના ઝરણા પર મળીશું અને જે પહેલો આવે તે બીજાની વાત જુએ. બીજા દિવસે સુબ્હ સાદિક પહેલાં અમે યાજજના ઝરણા પર પહોંચી ગયા અને ત્યાંથી મહબૂબે રબ્બુલ આલમીન ﷺની બારગાહમાં હાજરી આપવાના ઈરાદે ચાલી નીકળ્યા. જ્યારે અમે હુદાહના સ્થળે પહોંચ્યા તો અમ્ર બિન આસ (رضی اللہ عنہ) સાથે અમારી મુલાકાત થઈ. તેમણે અમને ઉત્સાહભરે આવકાર આપ્યો. અમે પણ તેમનું સ્વાગત કર્યું. તેમણે પૂછયું, ક્યાનો ઈરાદો છે ? અમે પૂછયું આપ ક્યાં જઈ રહ્યા છો ? તેમણે ફરી પૂછયું, તેમ લોકો ક્યાં જઈ રહ્યા છો ?! અમે કહ્યું, ઈસ્લામ સ્વીકારવા અને શહનશાહે કૌનેન ﷺની ગુલામીનો હાર ગળે પહેરવા જઈ રહ્યા છીએ. તેમણે કહ્યું, મને પણ આ જ તમન્ના અહિંયા લાવી છે !

ત્યાર પછી અમે ત્રણેવ મદીના મુનવ્વરા જવા

માટે રવાના થયા. ત્યાં પહોંચી હુર્રાના સ્થળે સવારીઓ રોકીને સાફ સુથરાં કપડાં પહેર્યાં, નબીએ પાક ﷺને પહેલેથી જ અમારા આગમનની ખબર થઈ ગઈ હતી, હું બારગાહે નુબુવ્વતમાં હાજરી માટે જઈ રહ્યો હતો એવામાં મારા ભાઈ વલીદ સાથે મારી મુલાકાત થઈ ગઈ. તેમણે કહ્યું, ભાઈજાન ! જલ્દી કરો ! રસૂલે કાઈનાત ﷺ આપનો ઈન્તેઝાર કરી રહ્યા છે. અમે ઝડપથી ત્યાં પહોંચ્યા તો નબીએ રહમત ﷺએ મને જોઈ સ્મિત ફર્માવ્યું. મેં અદબની સાથે સલામ અર્ઝ કરી, અસ્સલામુ અલયક યા નબીયલ્લાહ ! આપ ﷺએ હસતા મૂખે મારા સલામનો જવાબ આપ્યો. મેં અર્ઝ કરી, ''હું ગવાહી આપું છું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ મઅ્બૂદ નથી અને ગવાહી આપુ છું કે આપ અલ્લાહ ﷻના રસૂલ છો.'' હાદીએ આલમ ﷺએ ફર્માવ્યું, ''સર્વ તા'રીફ અલ્લાહ તઆલાના માટે છે જેણે તમને હિદાયત અતા ફર્માવી, મને ઉમ્મીદ હતી કે તમારી બુદ્ધિ જરૂર તમને ભલાઈ સુધી પહોંચાડશે.''

પછી મેં અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! મેં ઘણીવાર આપની મુખાલિફત કરી, ખાસ કરીને ગઝ્વએ ઉહદ્‌માં આપને અને આપના જાંનિષારોને ઘણી તકલીફ પહોંચાડી છે, આપ અલ્લાહ તઆલાથી દુઆ ફર્માવો કે મારી આ ભૂલોને માફ ફર્માવે. રહમતે આલમ ﷺએ ફર્માવ્યું, ''ઈસ્લામ લાવ્યા પહેલાંના સર્વ ગુનાહ ઈસ્લામ લાવવાથી બખ્શી દેવામાં આવે છે.'' મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તો પણ મારી બખ્શિશ માટે દુઆ ફર્માવો ! રસૂલે કરીમ ﷺએ દસ્તે કરમ ઉઠાવી આ પ્રમાણે દુઆ ફર્માવી, ''હે અલ્લાહ ! જેટલી વાર ખાલિદે તારા રસ્તાથી રોકવાની કોશિશ કરી, હે રબ્બે કરીમ તેને માફ ફર્માવી દે.''

હઝરત ખાલિદ رضی اللہ عنہ ફર્માવે છે, પછી હઝરત અમ્ર બિન આસ અને હઝરત ઉષ્માન બિન તલ્હાએ પણ નાઈબે પરવરદિગાર ﷺના દસ્તે હક્ક પરસ્ત પર ઈસ્લામ સ્વીકાર્યો. હઝરત ખાલિદ رضی اللہ عنہ ફર્માવે છે. મદીના મુનવ્વરામાં અમારી હાજરી હિ.સ. ૮ માહે સફરમાં થઈ હતી. ખુદાની કસમ ! જ્યારથી મેં ઈસ્લામ સ્વીકાર્યો છે ત્યારથી કોઈ મુશ્કેલ સમયમાં રસૂલુલ્લાહ ﷺ મારા સિવાય બીજા કોઈને મારા બરાબર ન સમજતા.

અલ્લાહ તઆલા આપને ઈસ્લામ અને મુસલમાનો તરફથી બેહતરીન બદલો અતા ફર્માવે અને આપને નબીઓ, સિદ્દીકો, શહીદો તથા નેક લોકો સાથે પોતાની વિશાળ જન્નતોમાં રાખે.

*–(સુન્ની દુન્યા, ફેબ્રુઆરી–૨૦૧૦)*


**પોસ્ટકાર્ડ લખી કિતાબ મફત મંગાવો**

કિતાબ : **અરકાને હજ્જની સરળ સમજૂતી** (પોકેટ સાઈઝ, ૭૬ પેજીસ)

**રજૂકર્તા** : હાજી અબ્દુર્રહીમભાઈ કુરૈશી

**પ્રાપ્તિસ્થાન** : ગેલેક્ષી પાર્ક–૩ મોરકંડા રોડ, ગૌષિયા મંઝિલ, **જામનગર**–૩૬૧૦૦૧ (ઘરેથી નીકળી હજ્જ કરી ઘરે પહોંચતા સુધીની માહિતી દુઆઓ સાથે આ નાનકડી કિતાબમાં છે. જરૂરથી મંગાવશો.)

કિતાબ : **કબરોની ઝિયારત અને ફાતિહાની સાબિતી**

**રજૂકર્તા** : સૈયદ ઈન્આમુલ હક્ક દાદામિયાં કાદરી–રૂપાલ

**પ્રકાશક** : બઝમે કાદરિયા, સિંધીવાડ, કસ્બા, મુ. કડી (ઉ.ગુ.) જિ. મહેસાણા–૩૮૨૭૧૫

કિતાબ : **ઉશ્ર–ખેતીની ઝકાત**

**રજૂકર્તા** : પીર સૈયદ દાદામિયાં કાદરી રૂપાલવાળા

**પ્રકાશક** : ફૈઝ અહમદી ન્યાઝ કમિટી, ખાનકાહે અહમદી, અહમદી પાર્ક–વટવા અહમદાવાદ



# ફાતેહા અને ઈસાલે સવાબનું મહત્વ

## હદીષોની રોશનીમાં

(હપ્તો : છેલ્લો)

અઝ : **હઝરત મૌલાના શફીઅ ઓકાળવી** رحمۃ اللہ علیہ (પાક.)

અનુવાદક : **મૌલાના મુહમ્મદ સઈદ મિસ્બાહી–પીપળીયા** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ)*

### ★ મૈયત માટે તસ્બીહ તથા કલ્મો પઢવો ★

**(૪૦)** હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે હઝરત સઅદ ઈબ્ને મઆઝ رضی اللہ عنہની વફાત થઈ તો અમોએ હુઝૂરે કરીમ ﷺના સાથે નમાઝે જનાઝા પઢી પછી તેમને કબ્રમાં ઉતારીને માટી નાખી દીધી. ત્યારબાદ હુઝૂર નબી કરીમ ﷺએ તકબીર તથા તસ્બીહ પઢવાની શરૂ કરી આપ્યું. અમોએ પણ આપની સાથે પઢવાનું શરૂ કરી આપ્યું, કેટલીક વાર સુધી પઢતા રહ્યા. તો કોઈએ કહ્યું, યા રસૂલલ્લાહ ﷺ આપે તસ્બીહ તથા તકબીર કેમ પઢી ? કહ્યું, આ નેક બંદા પર તેની કબ્ર સાંકડી થઈ ગઈ હતી, અમારી તસ્બીહ તથા તકબીરના કારણે અલ્લાહ તઆલાએ તેને વિશાળ કરી દીધી છે.

આ હદીષથી હુઝૂરે અકરમ ﷺ અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નું કબ્ર પર તસ્બીહ તથા તકબીર પઢવું અને તેમની તકબીરથી કબ્રવાળાને ફાયદો પહોંચવો સૂરજના પ્રકાશની જેમ જાહેર છે અને ધ્યાનથી જુઓ તો તેનાથી દફન થયા પછી કબ્ર પર અઝાન દેવાનો મસ્અલો પણ સમજી શકાય છે.

**(૪૧)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂરે કરીમ ﷺ બે કબ્રોની પાસેથી પસાર થયા તો કહ્યું કે આ બંનેવ કબ્રવાળાઓ પર અઝાબ થઈ રહ્યો છે અને તે કોઈ મોટા ગુનાહના કારણે નહીં પણ એટલા માટે કે એક પેશાબના છાંટાઓથી બચતો ન હતો અને બીજો ચુગલખોર હતો. પછી આપે ખજૂરની એક લીલી ડાળી લીધી અને વચ્ચેથી ચીરીને તેના બે ભાગ કરીને બંનેવ કબ્રો પર લગાડી આપી. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ આપે એમ કેમ કર્યુ ? કહ્યું કે, જ્યાં સુધી આ ડાળીઓ લીલી રહેશે તેમના અઝાબમાં ઘટાડો થતો રહેશે. *(બુખારી, મુસ્લિમ, મિશ્કાત–૪૨)*

આ હદીષમાં આ થોડીક વાતો ધ્યાનથી જોવાના લાયક છે. **પ્રથમ** એ કે હુઝૂરે અકરમ ﷺ પર આલમે બરઝખની હાલત છુપાયેલ નથી. **બીજી** એ કે તે કબ્રવાળા પોતાના જીવનમાં જે કૃત્ય કરીને અઝાબમાં સંપડાયેલા હતા આપને તેનો પણ ઈલ્મ હતો. **ત્રીજી** એ કે લીલી ડાળીઓ કબ્ર પર રાખીને તેમને અઝાબ ઓછો થવાનો સબબ ઠરાવી દીધો.

હવે પ્રશ્ન એ છે કે અઝાબ ઓછો થવાનો સબબ કેવળ તે ડાળીઓ હતી અથવા બીજુ કાંઈક ? કેવળ ડાળીઓને ઠરાવી દેવામાં આવે તો સૂકાયા પછી પણ ડાળીઓનું કબ્રો પર હોવુ અઝાબના ઘટાડાનો સબબ હોવું જોઈએ, જો કે એવું નથી. જાણવા મળ્યું કે અઝાબ ઓછો થવાનો સબબ કેવળ ડાળીઓ નથી, બલ્કે તેમની તસ્બીહ છે જે તે પઢે છે. કારણ કે, "દરેક વસ્તુ અલ્લાહની હમ્દ બયાન કરે છે." અને કેમ કે ડાળીઓનું સૂકાઈ જવું તેમનુ મૃત્યુ છે અને મૃત્યુથી તસ્બીહ રોકાય ગઈ. એટલા માટે પુરવાર થઈ ગયું કે અઝાબ ઓછો થવાનો સબબ ડાળીઓની તસ્બીહ છે, જ્યારે ડાળીઓની તસ્બીહ કબ્રનો અઝાબ ઓછો થવાનો સબબ છે તો બંદાઓની તસ્બીહ પણ હકીકતમાં કબ્રનો અઝાબ ઓછો થવાનો સબબ છે.

ઉપરાંત અહિંયાથી એ પણ પુરવાર થઈ ગયું કે કબ્રો પર ફૂલ રાખવાં જાઈઝ છે, કારણ કે ખજૂરની તાજી ડાળીઓના જેમ તાજાં અને લીલાં ફૂલ વગેરે પણ અલ્લાહ તઆલાની તસ્બીહ પઢે છે.

કેટલાક લોકો એમ કહે છે કે હુઝૂરે અકરમ ﷺએ ડાળીઓ એટલા માટે રાખી કે તેનાથી અઝાબ ઓછો થઈ જાય તો તમે અવલિયા અલ્લાહની કબ્રો પર ફૂલ નાખો છો તો જાણવા મળ્યું કે તમે પણ તેમને અઝાબમાં સપડાયેલા સમજો છો !

તો તેના સંબંધે અર્ઝ એ છે કે તસ્બીહ તે જ લોકોને ફાયદામંદ નથી જે લોકો અઝાબમાં સપડાયેલા હોય, બલ્કે તેમને પણ ફાયદામંદ છે જેઓ રહમતમાં ડૂબેલા છે. રહમતમાં ડૂબેલા માટે આનંદ અને ખુશી અને બુલંદ દરજો થવાનો સબબ છે. જેવી રીતે ઘણા સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીને વફાતના સમયે વસિયત કરી કે અમારી કબ્રો પર ખજૂરની ડાળીઓ મૂકતા રહેશો. શું ખબર કે ઈન્કાર કરવાવાળાઓ આ પાક લોકોના બારામાં કેવો ખયાલ રાખતા હશે ?!

શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, કબ્ર પર ફૂલ અને ખુશ્બુવાળી વસ્તુ રાખવી કબ્રવાળાની રૂહને આનંદનો સબબ છે અને આ શરીઅતથી સાબિત છે. *(ફતાવા અઝીઝિયા, ભાગ–૧)*

**(૪૨)** ઈમામ રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : મિત્રો અને દોસ્તોને કહી આપ કે સિત્તેર હજાર વખત કલ્મએ તૈયબાહ મર્હૂમ ખ્વાજા મુહમ્મદ સાદિક્ની રૂહાનિયત માટે અને સિત્તેર હજાર વખતે તેમની બહેન મર્હૂમા ઉમ્મે કુલષૂમની રૂહાનિયત માટે પઢે અને સિત્તેર હજાર કલ્માનો સવાબ એકની રૂહને અને સિત્તેર હજાર કલ્માનો સવાબ બીજાની રૂહને બખ્શે. દોસ્તોથી ફાતેહા અને દુઆની અપીલ છે. *(મક્તૂબાત શરીફ)*

**(૪૩)** મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી બાનીએ મદ્રસા દેવબંદ લખે છે : હઝરત જુનૈદના કોઈ મુરીદનો રંગ અચાનક બદલાઈ ગયો. આપે કારણ પૂછયું તે કશ્ફના ઝરીએ કહ્યું કે, હું મારી મા ને દોઝખમાં જોવું છું ! હઝરત જુનૈદ બગદાદીએ એક લાખ પાંચ હજાર વખતે કોઈ સમયે કલ્મો પઢેલો હતો. એવું જાણીને કે કેટલીક રિવાયતોમાં આટલી સંખ્યામાં કલ્માના સવાબ પર મગફિરતનો વાયદો છે. પોતાના દિલમાં એ મુરીદની માં ને બખ્શી આપ્યો અને તેને ખબરદાર ન કર્યો. પણ બખ્શવાની સાથે શું જુએ છે કે તે નવજવાન ખુશ છે ! આપે સબબ પૂછયો, તેણે કહ્યું કે હવે મારી માં ને જન્નતમાં જોવું છું. આપે તેના પર ફમાવ્યું કે આ નવજવાનની કશ્ફ મને હદીષથી જાણવા મળી અને હદીષની સચ્ચાઈ તેના કશ્ફથી થઈ. *(તહઝીરુન્નાસ)*

## માલી ઈબાદતો

### ★ મૈયત માટે સદકો તથા ખૈરાત કરવી ★

**(૪૪)** ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે એક વ્યક્તિએ હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી માની વફાત થઈ ગઈ છે અને તેણીએ વફાતના સમયે કાંઈક વસીયત નથી કરી, જો હું સદકો કરું તો શું તેને સવાબ પહોંચશે ? આપે ફર્માવ્યું : હા ! *(મુસ્લિમ કિતાબુઝ્ઝકાત, બુખારી કિતાબુલ વસાયા, મોઅત્તા ઈમામ માલિક, અબૂ દાઊદ)*

**(૪૫)** હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہની વાલિદાનો ઈન્તેકાલ થઈ ગયો તો તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી માની વફાત થઈ ગઈ છે જો હું તેમના તરફથી સદકો કરું તો શું તેમને સવાબ પહોંચશે ? આપે ફર્માવ્યું, હા ! પહોંચશે. હઝરત સઅદ رضی اللہ عنہએ કહ્યું, તો મારો ફલાણો બાગ તેમના તરફથી સદકો છે. *(બુખારી, નિસાઈ કિતાબુલ વસાયા, મોઅત્તા)*

**(૪૬)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે એક માણસે હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી માની વફાત થઈ ગઈ છે, જો હું તેના તરફથી સદકો કરું તો તેણીને ફાયદો પહોંચશે ? આપે ફર્માવ્યું કે, હા ! પહોંચશે. તો કહ્યું કે મારો એક બાગ છે અને હું તમને ગવાહ કરીને કહું છું કે મેં તે બાગને તેમના તરફથી સદકો કરી આપ્યો. *(તિર્મિઝી કિતાબુઝ્ઝકાત)*

આ ત્રણેય હદીષોથી પુરવાર થયું કે મૃત્યુ પામેલ સગાંના માલોમાંથી જો કોઈ સદકો તથા ખૈરાત આ નિયતથી કરે કે તેનાથી મુડદાને ફાયદો પહોંચશે તો મુદડાને હકીકતમાં ફાયદા પહોંચે છે.

**(૪૭)** હઝરત સઅદ બિન ઉબાદા رضی اللہ عنہએ હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી માંનો ઈન્તેકાલ થઈ ગયો છે તો કયો સદકો અફઝલ છે ? (જે એમના માટે કરૂં) તો કહ્યું કે પાણીનો. તો હઝરત સઅદે કૂવો ખોદાવ્યો અને કહ્યું, આ સઅદની માં માટે છે.

આ હદીષમાં આ વાત અતિશય ધ્યાનના લાયક છે કે હઝરત સઅદ رضی اللہ عنہ જેવા જલીલુલકદર સહાબી

ફર્માવે છે કે આ કૂવો સઅદની માં માટે છે, એટલે તેમની રૂહને સવાબ પહોંચાડવાની નિય્યતથી બનાવ્યો છે.

એનાથી સ્પષ્ટ રીતે પુરવાર થઈ ગયું કે રૂહને સવાબ પહોંચાડવાના ધ્યેયથી કોઈ સદકો તથા ખૈરાત કરવામાં આવે, જો તે સદકો તથા ખૈરાત અને ન્યાઝ પર ભૌતિક રીતે તેનું નામ લેવામાં આવે એટલે એમ કહેવામાં આવે કે **આ સબીલ હઝરત ઈમામ હુસૈન** رضی اللہ عنہ **અને શોહદાએ કરબલા** رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ**ના માટે છે અથવા આ ખાવા તથા આ ન્યાઝ સહાબાએ કિરામ અથવા એહલે બયતે અતહાર અથવા ગૌષે આઝમ અથવા ખ્વાજા ગરીબ નવાઝ માટે છે તો કદાપિ તે સબીલનું પાણી અને તે ખાવા અને ન્યાઝ વગેરે હરામ ન થશે.** નહીં તો એમ કહેવું પડશે કે તે (સઅદવાળા) કૂવાનું પાણી હરામ હતું !

જ્યારે કે કૂવાનું પાણી નબીએ કરીમ ﷺ અને સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ અને ત્યારબાદ તાબઈન, તબે તાબઈન અને મદીનાવાળાઓએ પીધું. **શું કોઈ મુસલમાન કહી શકે છે કે આ મુક્દસ હઝરાતે હરામ પાણી પીધું ?!** મઆઝલ્લાહ ! કોઈ મુસલમાન તો એમ નથી કહી શકતો. જે કૂવાના બારામાં એવું કહેવામાં આવ્યું કે, "આ સઅદની માં માટે છે" નબીએ કરીમ ﷺ અને સહાબાએ કિરામના નિકટ હલાલ તથા પાક છે. જેથી જે સબીલ માટે એવું કહેવામાં આવે છે કે આ ઈમામ હુસૈન અને શોહદાએ કરબલા رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَના માટે છે અથવા આ ન્યાઝ વગેરે ફલાણા માટે છે તો તે મુસલમાનના નિકટ પણ હલાલ તથા પાક જ છે.

**(૪૮)** હઝરત સાલેહ બિન દિરહમ رضی اللہ عنہ ફર્માવે છે કે અમે હજ્જ માટે મક્કા મુકર્રમા પહોંચ્યા તો ત્યાં અમને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ મળ્યા અને કહ્યું કે તમારા શહેર બસરાની નિકટ એક એવી વસ્તી છે જેનું નામ અબલ્લા છે તેમાં એક મસ્જિદે અશાર છે. એટલા માટે તમારામાંથી કોણ મારી સાથે વાયદો કરે છે કે એ મસ્જિદમાં મારા માટે બે અથવા ચાર રકાત પઢે અને કહે કે આ બે રકાત અબૂ હુરૈરહ્ માટે છે. *(મિશ્કાત-૪૬૮)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ ફર્માવ્યું કે મેં હુઝૂરે અકરમ ﷺથી સાંભળ્યું, કયામતના દિવસે અલ્લાહ તઆલા મસ્જિદે અશારથી શહીદો ઉઠાડશે જે શોહદાએ બદરના સાથે હશે.

આ હદીષમાં વિચારો કે હુઝૂરે અકરમ ﷺના એક મહાન સહાબી ફર્માવી રહ્યા છે કે મારા માટે નમાઝ પઢવી અને આમ કહેવું કે આ નમાઝ અબૂ હુરૈરહ્ માટે છે, એટલે તેનો સવાબ અબૂ હુરૈરહ્ માટે છે. જેનાથી જાણવા મળ્યું કે બદની (શારીરિક) ઈબાદતનો સવાબ બીજા માણસને પહોંચાડી શકાય છે, ચાહે તે જીવતો હોય અથવા મૃત્યુ પામેલ હોય.

એ પણ યાદ રહે કે નમાઝ એક ખાસ ઈબાદત છે જે કેવળ અલ્લાહ માટે છે તેના સંબંધે ફર્માવ્યું, "આમ કહેવું કે આ અબૂ હુરૈરહ્ માટે છે." જાણવા મળ્યું કે જે ઈબાદતનો સવાબ જેને પહોંચાડવો હોય તેનું નામ લે, એટલે આમ કહે કે ફલાણા માટે છે તો જાઈઝ છે અને હદીષથી સાબિત છે. એ પણ જાણવા મળ્યું કે એ જગ્યાઓ જે ફઝીલત તથા શરફ ધરાવે છે ત્યાં ઈબાદત તથા નેકી કરવી ખૂબ જ ફઝીલત તથા અજરો સવાબનો સબબ છે.

**(૪૯)** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ નફ્લ સદકો કરે તો યોગ્ય છે કે પોતાના મા બાપને સવાબ પહોંચાડે. જેથી એ સદકાનો સવાબ એ બંનેવ માટે પણ પૂરો થશે અને સદકો કરવાવાળા માટે પણ કોઈ કમી ન થશે. *(તિબ્રાની, અવસત, શરહુસ્સદૂર-૧૨૯)*

**(૫૦)**હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે જ્યારે કોઈ માણસ મૃત્યુ પામે છે તો તેના મૃત્યુ બાદ તેના ઘરવાળાં તેના માટે સદકો તથા ખયરાત કરે છે તો જિબ્રઈલે અમીન આ સદકો તથા ખયરાતને એક નૂરાની તબાક્માં રાખીને મૃત્યુ પામેલ પાસે લઈ જઈને કહે છે :-

હે ઊંડી કબ્રવાળા ! આ હદિયો તથા તોહફો તારા ઘરવાળાઓએ મોકલ્યો, તો તેને કબૂલ કર ! તો કબ્રવાળો તેને જોઈને ખૂબ જ ખુશ થાય છે અને (બીજાઓ)ને ખુશખબરી આપે છે. તેના પડોશી જેમના તરફ તેમના

ઘરવાળાઓ તરફથી કોઈ હદિયો નથી પહોંચતો તેઓ દુઃખ તથા રંજ અનુભવે છે. *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૫૧)** હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર નબી કરીમ ﷺથી પૂછયું કે અમે અમારા મુડદાઓ માટે દુઆઓ અને તેમના તરફથી સદકાત, ખયરાત અને હજ્જ વગેરે કરીએ છીએ, શું આ વસ્તુઓ મુડદાંઓને પહોંચે છે ?! આપે ફર્માવ્યું, નિઃશંક ! આ વસ્તુઓ તેમને પહોંચે છે અને તેઓ તેનાથી ખુશ થાય છે જેવી રીતે તમે એકબીજાના હદિયાથી ખુશ થાવ છો. *(મુસ્નદે ઈમામ અહમદ)*

**(૫૨)**અલ્લામા અલાઉદ્દીન અબી બિન મુહમ્મદ અલ્ બગદાદી સાહિબે તફસીરે ખાઝિન ફર્માવે છે, નિઃશંક ! મૈયતના તરફથી સદકો આપવો મૈયત માટે ફાયદામંદ છે અને તે સદકાનો સવાબ મૈયતને પહોંચે છે અને તેના પર ઓલમાનો ઈજમાઅ (એકમતિ) છે. *(તફસીરે ખાઝિન)*

**(૫૩)**હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **દૂધ, ચાવલ (ખીર) કોઈ બુઝુર્ગના ફાતેહા માટે તેમની રૂહને સવાબ પહોંચાડવાની નિય્યતથી પકાવવા અને ખાવામાં કોઈ વાંધો નથી, જાઈઝ છે.** અને કોઈ બુઝુર્ગના ફાતેહા આપવામાં આવે છે તો માલદારોને પણ ખાવું જાઈઝ છે. *(ઝુબ્દુન્નસાએહ–૧૩૨)*

**(૫૪)**શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **તે ખાવા જે હઝરત હસન તથા હુસૈનની ન્યાઝ માટે પકાવવામાં આવે અને તેના પર કુલ, ફાતેહા, દુરૂદ પઢવામાં આવે તો બરકતવાળુ થઈ જાય છે અને તેનુ ખાવા ઘણુ સારુ છે.** *(ફતાવા અઝીઝિયા)*

**(૫૫)**મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી તક્વિયતુલ ઈમાનવાળા લખે છે : દરેક તે ઈબાદત જે મુસલમાન અદા કરે અને તેનો સવાબ કોઈ ગુજરી ગયેલાની રૂહને પહોંચાડે અને તેના માટે અલ્લાહની બારગાહમાં દુઆ કરે છે તો આ સર્વથી બેહતર અને સારું છે. અને રસ્મોમાં ફાતેહા પઢવા, ઉર્સ કરવા, મુડદાની નઝરો ન્યાઝ કરવાની રસ્મોની ખૂબીમાં શંકા નથી. *(સિરાતે મુસ્તકીમ, પેજ–૫૫)*

**(૫૬)** બીજી જગ્યાએ લખે છે : કોઈ એમ ન વિચાર કરે કે મુડદાને ખાવા અને ફાતેહાખ્વાનીના સાથે નફો પહોંચાડવો સારું નથી, કેમ કે આ વાત બેહતર તથા ઉત્તમ છે. *(પેજ–૬૪)*

**(૫૭)** દેવબંદી મૌલ્વી અશ્રફઅલી થાનવીનો ઈસાલે સવાબના સંબંધી ફત્વો જુઓ. **સવાલ** : ઈસાલે સવાબના સંબંધી કેટલીક વખતે શંકા થાય છે કે જો નેક અમલનો સવાબ બીજાઓની રૂહને બખ્શવામાં આવે તો બખ્શવાવાળા માટે શું નફો થયો ?! પરંતુ મુડદાને તેનાથી ફાયદો પહોંચે છે. હઝરત આ શંકાને દૂર ફર્માવી આપશો. **જવાબ** શર્હે સુદૂરમાં તિબ્રાની અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ નફ્લી સદકો કરે છે અને તેને પોતાનાં માબાપ તરફથી ઠરાવી આપે છે તો તેનો બદલો તે બંને માટે છે, અને તેના બદલામાં કોઈ પણ જાતની કમી કરવામાં આવતી નથી. અને સહીહ મુસ્લિમની હદીષ જેણે નેક તરીકો ઈસ્લામમાં શરૂ કર્યો......(છેવટ સુધી)થી પણ તેનુ સમર્થન થાય છે.

## ★ મૈયત માટે કુર્બાની તથા ગુલામ આઝાદ કરવો ★

**(૫૮)** હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ એક ઘેટો ઝબહ કર્યો. હે અલ્લાહ ! તેને મારી અને મારી આલના તરફથી અને મારી ઉમ્મતના તરફથી કબૂલ કર. *(મુસ્લિમ, અબૂ દાઊદ, કિતાબુલ અઝાહી)*

**(૫૯)** હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ એક ઘેટો ઝબહ કરી ફર્માવ્યું, આ કુર્બાની મારી અને મારા ઉમ્મતના દરેક વ્યક્તિના તરફથી જેણે કુર્બાની નથી કરી. *(અબૂ દાઊદ, કિતાબુલ અઝાહી)*

**(૬૦)** હઝરત હનશ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને બે કુર્બાની કરતાં જોઈને પૂછયું કે આપ બે કુર્બાની શું કામ કરો છો ?! હુઝૂરે અકરમ ﷺએ વસિય્યત કરી હતી કે હું એક કુર્બાની તેમના તરફથી કરતો રહું એટલા માટે એક પોતાની અને એક તેમના તરફથી કરું છું. *(તિર્મિઝી, અબૂ દાઊદ)*

આ ત્રણેવ હદીષોથી પુરવાર થઈ ગયું કે એકનો અમલ બીજાને ફાયદો પહોંચાડે છે. જુઓ ! હુઝૂરે અકરમ ﷺ એ પોતાની આલ અને પોતાની ઉમ્મતની તરફથી કુર્બાની કરી છે અને હઝરત અલી كرم الله وجهه الكريم ને પોતાના તરફથી કુર્બાની કરવાની વસિય્યત કરી છે. પછી હઝરત અલી كرم الله وجهه الكريم નું તેના પર કાયમી અમલ કરવું એ વાતની રોશન દલીલ છે કે જીવંત લોકોનો અમલ જે વફાત પામેલ લોકો માટે કરવામાં આવે તે ફાયદામંદ છે.

**(૬૧)** હઝરત ઝૈદ બિન અસ્લમ رضی الله عنہ ફર્માવે છે કે એક શખ્સ હુઝૂર અકરમ ﷺની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા પિતા મૃત્યુ પામી ગયા છે, શું હું તેમના તરફથી ગુલામ આઝાદ કરું ? આપે ફર્માવ્યું, હા ! કર ! *(શરહુસ્સુદૂર–૧૨૯)*

**(૬૨)** હઝરત અબૂ જા'ફર رضی الله عنہ ફર્માવે છે કે હસન તથા હુસૈન رضی الله عنهما હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની વફાત બાદ તેમના તરફથી ગુલામ આઝાદ કરતા રહેતા હતા. *(ઉપર મુજબ)*

### ★ સદકૃએ જારિયા ★

**(૬૩)** હઝરત અબૂ હુરૈરહ્ رضی الله عنہ ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે મો'મિન જ્યારે ઈન્તેકાલ કરી જાય તો તેના અમલ ખત્મ થઈ જાય છે, પણ સાત વસ્તુઓથી સવાબ તેને મૃત્યુ પછી પણ મળે છે : **એક** જો તેણે કોઈને ઈલ્મે દીન શિખવાડયો તો તેને સતત સવાબ મળતો રહે છે જ્યાં સુધી તે ઈલ્મ દુનિયામાં જારી રહે છે. **બીજુ** એ કે તેની નેક અવલાદ હોય જે તેના હક્કમાં દુઆ કરતી રહે છે. **ત્રીજુ** તે જે કુર્આન શરીફ છોડી ગયો હોય. **ચોથુ** એ કે તેણે મસ્જિદ બનાવી હોય. **પાંચમુ** તેણે મુસાફિરોના આરામ માટે મુસાફિરખાનુ બનાવ્યું હોય. **છઠ્ઠુ** તેણે કૂવો અથવા નહેર વગેરે ખોદાવી હોય. **સાતમુ** તેણે પોતાની જિંદગીમાં સદકો આપ્યો હોય. આ વસ્તુઓ જ્યાં સુધી મૌજૂદ રહેશે તેને સવાબ મળતો રહેશે. *(શરહુસ્સુદૂર)*

આ સત્ય દલીલોથી સૂરજના પ્રકાશની જેમ જાહેર થઈ ગયું કે જીવંત લોકોની બદની, માલી અને મુરક્કબ (માલી અને બદની ઈબાદતનો સમૂહ) ઈબાદતનો સવાબ મુર્દાને પહોંચે છે અને તેના પર ઉમ્મતનો **ઈજમાઅ** (એકમતિ) છે, શર્ત એ છે કે સવાબ પહોંચાડવાની નિય્યત હોય. આ ઈસાલે સવાબ ગુનેહગારો માટે માફી તથા બખ્શિશ અને નેક લોકો માટે દરજ્જાઓની બુલંદી અને આનંદનો સબબ છે. ઉપરાંત અલ્લાહ તઆલા સવાબ પહોંચાડવાવાળાને પૂરેપૂરો બદલો અને સવાબ અર્પણ કરે છે.

### ★ ત્રીજ્યુ, સાતમું, ગ્યારવીં, ચાલીસમું, ઉર્સ તથા વરસી કરવી ★

જ્યારે આપે ઈસાલે સવાબનો મસ્અલો સમજી લીધો છે તો એ પણ **જાણી લો કે અગ્યારવીં, કુંડાં, સબીલ, ત્રીજ્યુ, સાતમું, ચાલીસમું અને વરસી... વગેરે ઈસાલે સવાબનાં નામો છે અને ઈસાલે સવાબ કુર્આન તથા હદીષથી સાબિત છે જેવી રીતે કે ઉપર બયાન થયું. તો હવે તેના જાઈઝ હોવામાં શું શંકા ?!**

મૈયત પર ત્રણ દિવસ ખાસ કરીને શૌક કરવામાં આવે છે. બુઝુર્ગોએ ફર્માવ્યું, ત્રણ દિવસ શોક કર્યો છે તો હવે ઉઠતા પહેલાં થોડાક ઘરના માણસો મળીને કાંઈક સદકો કરો તથા કાંઈક પઢો અને તેનો સવાબ મૈયતની રૂહને પહોંચાડીને ઉઠો, તેનું નામ સોયમ અથવા ત્રીજ્યુ મશહૂર થઈ ગયું. અને **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી** رحمة الله عليه**નું ત્રીજ્યુ થયું**. જેમ કે શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه ફર્માવે છે કે **ત્રીજ્યાના દિવસે લોકોની ભીડ એટલી હતી કે ગણતરીથી બહાર છે. એક્યાસી કલામે પાક પૂરાં થયાં બલ્કે તેનાથી વધારે પણ થયાં અને કલ્માએ તૈયબાહનો હિસાબ નથી કે કેટલો પઢવામાં આવ્યો.** *(મલ્ફૂઝાતે અઝીઝી, પેજ–૫૫)*

હઝરત તાઊસ رحمة الله عليه ફર્માવે છે કે, **નિઃશંક ! મુડદાંને કૃબ્રમાં સાત દિવસ સુધી અજમાવવામાં આવે છે, જેથી સહાબાએ કિરામ સાત દિવસ સુધી તેમના તરફથી ખાવા ખવડાવવું મુસ્તહબ સમજતા હતા.** *(શરહુસ્સદૂર, પેજ–૫૭, અબૂ નુઐમ ફિલ હિલ્યા, ઈમામ અહમદ ફિઝ ઝુહદ)*

જેમ કે શૈયખુલ મુહદ્દિષીન શાહ અબ્દુલ હક્ક

મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **મૃત્યુ બાદ સાત દિવસ સુધી સદક઼ો કરવો જોઈએ.** *(અશ્અતુલ લમ્આત શરહે મિશ્કાત)*

**બુઝુર્ગાને દીન ફર્માવે છે :** મૈયતની રૂહને ચાલીસ દિવસ સુધી પોતાના ઘર અને જગ્યાઓથી ખાસ સંબંધ રહે છે, જે પછી નથી રહેતો. જેમ કે હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદે ગિરામી છે, મો'મિન ચાલીસ દિવસ સુધી જમીનના તે ટુકડાઓ જેના પર તે ખુદા તઆલાની ઈબાદત તથા ઈતાઅત કરતો હતો અને આસ્માનના તે દરવાજાઓ જેનાથી તેના અમલ જતા હતા અને જે જગાથી તેની રોજી ઉતરતી હતી, તે રડતાં રહે છે. *(શરહુસ્સૂદૂર, પેજ-૨૪)*

**એટલા માટે બુઝુર્ગાને દીને ચાલીસમા દિવસે પણ ઈસાલે સવાબ કર્યો** કે હવે એ ખાસ સંબંધ કટ થઈ જશે એટલા માટે આપણા તરફથી રૂહને કોઈ સવાબ પહોંચી જાય અને તે ખુશ થાય. અને તે સર્વની જડ એ છે કે **નબી કરીમ ﷺએ સૈયદુશ્શોહદા હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہ માટે ત્રીજ્યા, દસવા, ચાલીસવાના દિવસે અને છઠ્ઠા મહિને અને વર્ષ પછી સદક઼ો આપ્યો.**

જાણવા મળ્યું કે આ રિવાજ આપેલ ત્રીજ્યુ, સાતમું, ચાલીમું અને ગ્યારમું વગેરે વાસ્તવિકમાં ઈસાલે સવાબનાં નામો છે અને આ જાઈઝ છે, તેને બુરી બિદઅત અથવા નકામી વાતો વગેરે કહેવું ગુમરાહી છે.

## ★ ખાવા સામે રાખી કુર્આન શરીફ પઢવું ★

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે હુઝૂરે અકરમ ﷺ હઝરત ઝૈનબ رضی اللہ عنہاથી નિકાહ કર્યો તો મારી મા (ઉમ્મે સુલૈમ)એ ખાવા તોહફા માટે પકાવ્યું અને મારા સાથે હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં મોકલ્યું. તેની જ સાથે આમ કહ્યું કે હુઝૂરે અકરમ ﷺને મારી સલામ કહેવી અને અર્ઝ કરવી, આ મોક઼ા પર જે કાંઈક છે તેને ક઼બૂલ કરી લેશો.

તે ખાવા લઈને હું આપની પાસે પહોંચ્યો અને માના સલામ આપ્યા અને અર્ઝ કરી. આપે ફર્માવ્યું, હે અનસ ! તેને મૂકી દે અને ફલાણા ફલાણાને બોલાવી લાવ ! હું બોલાવતો રહ્યો ત્યાં સુધી કે ત્રણસો માણસો ભેગા થઈ ગયા. તો મેં હુઝૂરે અકરમ ﷺને જોયા કે આપે તે ખાવા પર મુબારક હાથ રાખી જે ઈચ્છયું તે પઢયું. બસ ! પછી શું થયું કે ખાવા એટલુ બરકતવાળુ થયું કે લોકોનું પેટ ભરાઈ ગયું. આપે ફર્માવ્યું, આ જે બચ્યુ છે તે લઈ જાવ ! મેં જ્યારે બચેલુ ખાવા જોયું તો હું અંદાજો ન કરી શક્યો કે હું જે ખાવા લાવ્યો હતો તે વધારે હતું કે આ વધારે છે !

જુઓ ! આ હદીષથી પુરવાર થઈ ગયું કે **હુઝૂરે અકરમ ﷺએ ખાવા સામે રાખીને તેના પર જે ઈચ્છયું તે પઢયું અને તેના પર અધિક બરકત થઈ.**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે ગઝવએ તબૂકમાં લશ્કરે ઈસ્લામને ભૂખે ખૂબ હેરાન કર્યું તો હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપ લશ્કરે ઈસ્લામમાંથી બચેલુ ભાથુ મંગાવીને બરકતની દુઆ કરો.

આપે દસ્તરખ્વાન બિછાવડાવીને બચેલુ ખાવા મંગાવ્યું. સહાબાએ કિરામમાંથી મુઠ્ઠી ભરીને ખજૂરો, કોઈ રોટીના ટુકડા અને કોઈ મગફળી જેવી ચીજ વગેરે જે કાંઈક કોઈની પાસે હતુ તે લઈને આવ્યા અને દસ્તરખ્વાન પર અમુક વસ્તુઓ ભેગી થઈ ગઈ, અને તેના પર હુઝૂર ﷺએ બરકતની દુઆ કરી. પછી આપે કહ્યું કે, તમે તમારા ભાથામાં ભરી લો.

તે વસ્તુઓમાં એટલી બરકત થઈ કે સર્વ ઈસ્લામી લશ્કરે પોતાના ભાથાં ભરી લીધાં અને પેટ ભરીને ખાધુ તો પણ ખાવા બચી રહ્યું. ત્યારબાદ ફર્માવ્યું કે હું ગવાહી આપું છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને હું તેનો રસૂલ છું.

આ હદીષથી હુઝૂરે અકરમ ﷺના સમક્ષ ખાવા રાખી બરકતની દુઆ કરવી સાબિત છે. જો કે આ વિષયની બીજી પણ હદીષો છે પણ લખાણ લંબાઈ જવાના લીધે આના પર બસ કરવામાં આવે છે. આ બંનેવ હદીષોથી સાબિત થઈ ગયું કે હુઝૂરે અકરમ ﷺ એ ખાવા સામે રાખીને તેના પર કાંઈક પઢયું પણ છે અને દુઆ પણ કરી છે.

જાણવા મળ્યું કે ખાવા વગેરે સામે રાખીને તેના પર કુર્આન પઢવું અને દુઆ કરવી હુઝૂરે અકરમ ﷺથી

સાબિત (પ્રમાણિત) છે, એટલા માટે જાઈઝ છે.

ઈસાલે સવાબનો મસ્અલો વાંચકો સમક્ષ હાજર છે. આશા છે કે વાંચકો આ દલીલોને ધ્યાનપૂર્વક જોયા પછી ઈસાલે સવાબનુ મહત્વ સમજશે અને એ લોકોની સંકૂચિત દષ્ટિ તથા તેમને કેટલો ઈલ્મ છે તેનો પણ અંદાજા કરી લેશે જેઓ ફાતેહા ખ્વાનીને નકામી વાતો અથવા બુરી બિદઅત કહીને લોકોને રોકે છે અને કહેતા ફરે છે કે તેની કોઈ સાબિતી નથી.

### ★ ફાતેહાખ્વાની અને સવાબ પહોંચાડવાનો તરીક઼ો ★

સવાબ પહોંચાડવાનો તરીક઼ો એ છે કે જે ઈબાદતનો સવાબ પહોંચાડવો હોય તો તે ઈબાદતથી ફારિગ થઈને આમ કહે કે, હે અલ્લાહ પાક ! આ ઈબાદતને ક઼બૂલ કર અને તેનો સવાબ નબીએ કરીમ ﷺના સદક઼ામાં ફલાણા માણસની રૂહને પહોંચે.

સામાન્યતઃ ફાતેહાખ્વાની આ રીતે થાય છે, પહેલાં કોઈ સૂરત અથવા કોઈ રુકૂઅ પઢીને ત્યાર બાદ એક વખતે **સૂરએ કાફિરૂન**, ત્રણ વખતે **સૂરએ ઈખ્લાસ**, એક વખતે **સૂરએ ફલક**, એક વખતે **સૂરએ નાસ** પછી એક વખતે **સૂરએ ફાતેહા** અને પછી **સૂરએ બક઼રહ**ની પહેલી આયત : الٓمّٓ ۚ ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛ فِيْهِ ۛ થી اُولٰٓئِكَ عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ ۙ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ۝٥ સુધી પઢવામાં આવે છે. પછી :–

**اِنَّ رَحۡمَتَ اللّٰهِ قَرِيۡبٌ مِّنَ الۡمُحۡسِنِيۡنَ ٥ وَمَاۤ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ ٥ مَا كَانَ مُحَمَّدٌ اَبَاۤ اَحَدٍ مِّنۡ رِّجَالِكُمۡ وَلٰكِنۡ رَّسُوۡلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَىۡءٍ عَلِيۡمًا ٥ اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوۡنَ عَلَ النَّبِىِّ ؕ يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا صَلُّوۡ عَلَيۡهِ وَسَلِّمُوۡا تَسۡلِيۡمًا ٥ اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى آلِ سَيِّدِنَا مُحَمَّدٍ وَّبَارِكۡ وَسَلِّمۡ ۔ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا رَسُوۡلَ اللّٰهِ ﷺ ! وَعَلٰى آلِكَ وَاَصۡحَابِكَ يَا حَبِيۡبَ اللّٰهِ ﷺ ! سُبۡحٰنَ رَبِّكَ رَبِّ الۡعِزَّةِ عَمَّا يَصِفُوۡنَ ٥ وَسَلٰمٌ عَلَى الۡمُرۡسَلِيۡنَ ٥ وَالۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعٰلَمِيۡنَ ٥**

હે અલ્લાહ ! આ કલામનો સવાબ અને કોઈ શીરીની (મીઠાઈ) અથવા ખાવા વગેરે પણ હોય તો આમ કહે, હે અલ્લાહ ! આ પાક કલામ અને આ ખાવા અથવા શીરીની (મીઠાઈ) વગેરેનો સવાબ હુઝૂરે અકરમ ﷺની બારગાહમાં હદિયા તથા તોહફારૂપે પેશ કરીને પછી તેમના સદક઼ા અને વસીલા (વાસ્તા)થી તેમની આલ અને તેમના અસ્હાબે પાક તથા તેમની અઝવાજે મુતહ્હરાત અને તાબેઈન અને તબે તાબેઈન, ઈમામો, આલિમો, બુઝુર્ગો તથા તમામ મો'મિનીન તથા મો'મિનાતની રૂહોને પહોંચાડીને ખાસ કરીને ફલાણાની રૂહાને સવાબ પહોંચાડ !

ટૂંકમાં કરવા હોય તો એક વખતે સૂરએ ફાતેહા અને ત્રણ વખતે સૂરએ ઈખ્લાસ પઢવી. વધારે સવાબ પહોંચાડવો મંજૂર હોય તો પ્રથમ એક વખતે અથવા કેટલી વખતે કલામે પાક પઢવામાં આવે અથવા જેમ બની શકે પઢવામાં આવે અને સવાબ પહોંચાડી દેવામાં આવે.

આમ લોકોમાં તેનું નામ, ફાતિહા છે, જેમ કે કહેવામાં આવે છે કે આજે ફલાણા બુઝુર્ગની ફાતેહા છે, ફાતિહા નામ તો અલ્હમ્દ શરીફનું છે, કારણ કે અલ્હમ્દ શરીફ તે સમયે પઢવામાં આવે છે એટલા માટે આ અમલનુ નામ ફાતિહા મશ્હૂર થઈ ગયું. *(સંપૂર્ણ)*

**લેખ હરીફાઈમાં ભાગ લો......**

## નવી પેઢીની ઈસ્લામથી દૂરીના સબબો તથા તેનો ઈલાજ

આજે યંગ જનરેશનમાં પશ્ચિમી કલ્ચર, બેહયાઈભરી ફેશનોમાં મોટાઈ સમજવું અને ઈસ્લામી લિબાસ, દાઢી વગેરેથી નાનમ અનભવવું તથા છોકરીઓનું અંગ પ્રદર્શન કરવું અને પર્દો કરવાથી શરમાવું, નમાઝ તથા અન્ય શરીઅતની વાતોથી દૂર રહેવું વગેરે માટે કોણ જવાબદાર છે તથા એમને શી રીતે સુધારી શકાય એ સંબંધે **મદ્રસાના તલબા** જરૂરથી ચિંતનયુક્ત લખાણ લખી મોકલે.

**તા. ૧૦-૧૦-૨૦૧૦ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો. -*તંત્રી***

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**★ બારડોલીમાં સુન્ની મસ્જિદની શરૂઆત ★**

સૂરતથી નિગરાં સુન્ની દાવતે ઈસ્લામી જનાબ હાફિઝ અમીન સાહબ જણાવે છે કે ૧૧/૮/૨૦૧૦, ૨૯–શાબાન હિ.સ. ૧૪૩૦ના રોજ એડવોકેટ બદરે આલમ તથા તેમના સાથીઓની કોશિશથી બારડોલી શહેરમાં પ્રથમ સુન્ની મસ્જિદ 'મસ્જિદે બહારે મદીના'ની શરૂઆત થઈ ચૂકી. પ્રથમ નમાઝ ઝોહરની ખલીફા અશરફુલ ઉલમા હાફિઝો કારી મુહમ્મદ અમીન સાહબે પઢાવી આ પ્રસંગે સૂરતના હાજી મક્સૂદ સાહબ, ડો. આદિલ સાહબ, મુહમ્મદ ઝુબૈર હબીબી વગેરે સુન્ની દાવતે ઈસ્લામીના મુબલ્લિગો હાજર રહ્યા. નમાઝ બાદ મૌલાના સૈફૂલ્લાહ સાહબે બયાન કર્યું હતું. અંતમાં સલાતો સલાત, દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો. (દુઆ છે રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મસ્જિદને આબાદ રાખે (આમીન), એના તામીરી કામ માટે સુન્ની મુજાહિદો આગળ આવે એવી અપીલ છે. –તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)

**★ બરકાતે ખ્વાજા દિલચસ્પ રિસાલા ! ★**

અદીબે સહીર, નાશિરે મસ્લકે આ'લા હઝરત, પયકરે ખુલૂસ જનાબ શબ્બીર અલી રઝવી સાહબ મુદીરે માહનામા બરકાતે ખ્વાજા, અસ્સલામુ અલૈયકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતુહૂ. હર માહ બરકાતે ખ્વાજા કે હકાઈક પર મબ્ની મઝામીન પળ્હનેકા મુશ્તાક રહતા હૂં ઔર અલ્હમ્દુલિલ્લાહ! વક્તકી પાબંદીકે સાથ રિસાલા બાસરા નવાઝ ભી હોતા હૈ. બેફઝ્લિહી તઆલા રિસાલા કા હર મઝમૂન દિલચસ્પ, ઈલ્મી, ઈસ્લાહી ઔર દૌરે હાઝિરમેં સુલગનેવાલે મસાઈલ કા હલ હોતા હૈ. અલ્લાહ તઆલા કી બારગાહમેં દુઆ હૈ કે આપ હમેશા ઈસ તરહ દીન કી ખિદમત કરતે રહેં ઔર હાસિદોં કે હસદસે ખુદા મેહફૂઝ રખ્ખે. (આમીન)

*–(મૌલાના) મુહમ્મદ અન્વર રઝા અજમેરી સિદ્દીકી (ખતીબો ઈમામ : કોટવાલી મસ્જિદ, નાપાડ–આણંદ)*

**★ સુન્ની દા'વતે ઈસ્લામીનો તર્બિયતી ઈજતેમા ★**

**નાપાડ** : (તા. જિ. આણંદ) ખાતે તા. ૮–૮–૨૦૧૦ના રોજ રવિવારે ઝહોરની નમાઝ બાદથી મગરિબ સુધી કુવ્વતુલ ઈસ્લામ મસ્જિદમાં ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો અઝીમુશ્શાન તર્બિયતી ઈજતેમા યોજાયો જેમાં મુબલ્લિગે અહલે સુન્નત જનાબ હાફિઝ અબ્દુર્રહીમ સાહબ (નાઝિમે આ'લા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)એ ઈમાન, નમાઝ તથા રોઝાના મસાઈલ પર ખૂબ વિસ્તારપૂર્વક રોશની નાખી. ઈશાની નમાઝ બાદ મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ ''ઈસ્તિક્બાલે માહે રમઝાન'' પર શાનદાર બયાન કર્યું. સલામ બાદ દુઆ પર ઈજતેમા ખત્મ થયો. *–(મૌલાના) મુહમ્મદ અન્વર રઝા અજમેરી સિદ્દીકી (નાપાડ)*

**★ બરકાતે ખ્વાજાના પેટ્રન થયા છે ★**

રૂા. ૧૮૦૦/– ભરીને (૧૧ વર્ષ માટે) જનાબ સુલેમાનભાઈ સરપંચ, મુા. જોલવા, તા. વાગરા, જિ. ભરૂચ ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના પેટ્રન થયા છે. આપ પણ રૂા. ૪૦૦૦/– ભરીને આજીવન કે રૂા. ૧૮૦૦/– ભરીને પેટ્રન ગ્રાહક બની બનાવી સહકાર કરશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**★ સાભાર સ્વીકાર ! ★**

એક નવા સુન્ની માસિક બનામે ''સૂફી''નો પ્રથમ અંક મળ્યો છે. જેના તંત્રી : બેલીમ મુન્ના ''આશ'' છે. લવાજમ વાર્ષિક : રૂા. ૧૩૦/– (પેજીસ ૪૦) નામ પરથી જાહેર છે કે સૂફિયાએ કિરામના જીવન ચરિત્રો તથા તેમના સોનેરી અક્વાલ તથા તેમની શરીઅતની પાબંદી તથા તક્વા પરહેઝગારીની વાતો એમાં રજૂ થઈ હશે તો પ્રથમ અંકમાં હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ તેમજ હઝરત અમીર ખુસરૂ رحمۃ اللہ علیہથી શરૂઆત થઈ છે. ઉમ્મીદ છે આ જ રવિશ સતત રહેશે. દુઆ છે ''સૂફી'' અંક તરક્કી કરે અને સૂફિયાએ કિરામના ફયઝાનથી અવામને ફૈઝયાબ કરે. તંત્રી સાહબને મુબારકબાદ ! *–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

**સંપર્ક સરનામુ** : 'સૂફી' કાર્યાલય, બેલીમ મુન્ના 'આશ', કસ્બા મહોલ્લા, સંખેડા–૩૯૧૧૪૫, જિ. વડોદરા, મો. ૯૯૦૪૪૯૭૮૯

**★ ઈન્તેકાલ પુરમલાલ ★**

**આછોદ** : મુકામે ફાતમા મુહમ્મદ પટેલ (અબ્દુસ્સમદ મૂસા પટેલ, હાલ–સૂરતનાં દાદી) ૬–શાબાન હિ.સ. ૧૪૩૧ અંગ્રેજી તા. ૧૯/૭/૨૦૧૦ના રોજ ઈન્તેકાલ કરી ગયાં મર્હૂમા સુન્ની હતાં અને નમાઝે જનાઝા સુન્ની પઢાવે તેવી વસિયત કરેલી પણ વહાબી દેવબંદીઓએ જબરદસ્તી કરીને તેમ થવા ન દીધું. આ મૈયત સાથે તેમના બેહૂદા

વર્તનનો એક ઔર દાખલો છે. મર્હૂમાના સવાબ અર્થે તેમના પૌત્ર સાજિદ મૂસા પટેલ તરફથી રૂા.૧૦૦૦/– ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને મળ્યા છે. જઝાકલ્લાહ !

**દેવગઢબારીયા** : બુલબુલે ગુજરાત હઝરત ક઼ારી અતાઉર્રહમાન સાહબ વાલિદે મોહતરમનો ઈન્તેકાલ તા. ૬/૮/૨૦૧૦, ૨૪ શાબાન હિ.સ. ૧૪૩૧ના રોજ થયો છે જેમનુ ચેહલૂમ તા. ૧૩/૯/૨૦૧૦ના રોજ હુસૈની ટેકરી જાવરા (એમ.પી.)માં રાખવામાં આવેલ છે જેમાં નામાંક્તિ ઉલમા, ચાહકો તશરીફ લાવશે. *–મિર્ઝા મુખ્તાર બેગ (દેવગઢબારીયા)*

**બિલ** : (તા. જિ. વડોદરા) બરકાતે ખ્વાજા (માસિક) તથા ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના ચાહક જનાબ હાજી ઉમરભાઈ જમાલભાઈના મોટાભાઈ યૂસુફભાઈનો ઈન્તેકાલ ૨૧–રમઝાન હિ.સ. ૧૪૩૧ અંગ્રેજી તા. ૧/૯/૨૦૧૦ના રોજ થયો છે. *–હાફેઝ મેહબૂબ, કરજણ*

**નબીપુર** : (તા. જિ. ભરૂચ) મુકામે શબ્બીર સુલેમાન ભાટ તથા મુશર્રફ અહમદ ભાટનો જોલવા પાસે ટેન્કર–સ્કૂટી ટકરાતાં રોડ અકસ્માતમાં તા. ૨૮/૮/૨૦૧૦ના રોજ કરૂણતાપૂર્વક ઈન્તેકાલ થયો છે.

**બાકરોલી** : (દયાદરા, તા. જિ. ભરૂચ) મુક઼ામે જનાબ ક઼ારી મક઼સૂદ સાહબના વાલિદ સાહબ મર્હૂમ અબ્દુલ્લાહ ભાઈનો ઈન્તેકાલ તા. ૯–૮–૨૦૧૦ના રોજ થયો જેમની દફનવિધિ મગરિબની નમાઝ બાદ હઝરત પીર બાકરઅલી رحمۃ اللہ علیہના મઝાર શરીફની નજીક કબ્રસ્તાનમાં કરવામાં આવી. મર્હૂમના સવાબ અર્થે ક઼ારી સાહબ તરફથી રૂા. ૫૦૦/– બરકાતે ખ્વાજા (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !

**દુઆ** : રબ્બે કરીમ તેના હબીબે પાક صلی اللہ علیہ وسلمના સદક઼ામાં ઉપરોક્ત સર્વ મર્હૂમોની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લાથી આ'લા મક઼ામ અતા ફર્માવે તથા તેમનાં કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન) દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં પણ રમઝાન બાદ ખતમ દુઆ થશે. (ઈન્શાઅલ્લાહ !) *–તંત્રી*


ચાલો ભરૂચ ! ચાલો ભરૂચ !

**આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીનો ૮મો સાલાના બે દિવસીય સુન્ની ઈજતેમા**

**કબ ?** : **૯/૧૦/૨૦૧૦** શનિવાર ઝોહરથી મગરિબ સુધી (બહેનો માટે)

**૧૦/૧૦/૨૦૧૦** રવિવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી (ભાઈઓ માટે)

**કહાં ?** : સબ જેલ ગ્રાઉન્ડ, મહમદપુરા, સંતોષી વસાહત પાછળ–ભરૂચ

**અદાઈ** : સુન્ની દાવતે ઈસ્લામી (ભરૂચ શાખા)

સંપર્ક કરો : મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૬૮૪૦૨૭૭, ૯૮૨૪૧૩૬૨૫૭

ઈલ્મે દીનની રોશનીથી માલામાલ થવા આ ઈર્ફાની રૂહાની તર્બિયતી સુન્ની ઈજતેમામાં મોજા મારતાં સમુદ્ર જેમ જોશભેર મિત્રો સાથીઓ સહિત તશરીફ લાવશો.



**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

3 X 2 લકઝરી બસ

**આયોજિત જમવા રહેવા સાથે**

**પ્રવાસના સ્થળો** : **કપાસણ, જયપુર, ફતેપુર, સીક્રી, આગ્રા, બરેલી, હલદ્વવાની, નૈનીતાલ, કલીયર શરીફ, હરિદ્વાર, મસુરી, દિલ્હી, અજમેર શરીફ, મીરાદાતાર પરત ધોળકા.**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ | બસ ઉપડવાની તારીખ : |
|---|---|---|---|
| રૂા. ૪,૦૦૧/– | રૂા. ૨,૦૦૧/– | દિવસ ૧૨ | ૧/૧૧/૨૦૧૦, રાત્રે : ૧૦ કલાકે |

**બસ ઉપાડવાનું સ્થળ** : તાલુકા પંચાયત, સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા, જિ. અમદાવાદ

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૫૦૯૫૨૫૪, ૯૭૨૪૬૫૯૮૫૩**

**નોંધ** : ૧. હરિદ્વારથી મસુરી અને હલદ્વાનીથી નૈનીતાલ સ્વખર્ચે જવાનુ રહેશે.

૨. મસુરી અને નૈનીતાલ પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનુ રહેશે.

# સુન્ની જગતનો ઓર એક ચમકતો તારો ખરી પડયો !

કાર્યાલય

તા. ૧૫/૯/૨૦૧૦, ચાંદ ૬–શવ્વાલ હિ.સ. ૧૪૩૧ બુધવારે સાંજના સમયે જનાબ અબ્દુલ્લાહભાઈ વડુવાળાનો અમદાવાદથી ફોન મળ્યો કે....... "હાજી સાહબનો ઈન્તેકાલ થઈ ગયો છે અને રાત્રે ૧૦ વાગે હઝરત મૂસા સુહાગ (رحمة الله عليه) કબ્રસ્તાનમાં દફનવિધિ છે !" *ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન* કહી આપ્યું પણ થોડીવાર માટે દિલની દુનિયામાં સન્નાટો છવાઈ ગયો. ગુજરાતની ધરતી પર "અહલે સુન્નત વ જમાઅત"ના માટે લાકડાની તલ્વાર વડે બદમઝહબોને હંફાવનારે અંતે શ્વાસ મૂકી દીધા ! ગુજરાતની ધરતી પર **"દારૂલ ઉલૂમ શાહે આલમ–અમદાવાદ"** એ 'સુન્નીઓનું પ્રથમ મર્કઝ છે જ્યાંથી અહલે સુન્નતનો પરચમ લહેરાયો અને વરસો સુધી એના જ ફારિગ હાફિઝ–આલિમો ગુજરાત તથા દેશ વિદેશમાં ખિદમત આપતા રહ્યા અને તેમના શાગિર્દોએ પછી વિવિધ ઠેકાણે દારૂલ ઉલૂમો સ્થાપીને સુન્નિયતની ખિદમત શરૂ કરી. આજે અહલે સુન્નતની જે ચો તરફ વસંતો ખીલેલી છે એ એ જ બાગના તુફૈલ છે, આજે **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો જે વાગી રહ્યો છે એ એ જ દીપકની જ્યોતથી જ્યોત મેળવી ફેલાયેલી રોશનીનું ફળ છે. અને આજે "હાજી સાહબ" એટલે **જનાબ હાજી ઉસ્માનભાઈ ખત્રી (મર્હૂમ) તંત્રી–તયબાહ (માસિક)**એ જગતથી સદા માટે આંખો મીંચી દીધી. જાણે એક જંઝાવાતી મોજાં મારતો સમુદ્ર શાંત પડી ગયો જે પોતાના સીનામાં અસંખ્ય ભાવનાઓનાં તોફાનો ધરાવતો હતો. દારુલ ઉલૂમ **શાહે આલમ–અમદાવાદ**ના દીની પઢાઈના સંચાલનની સાથોસાથ "તયબાહ" માસિક થકી લગભગ 'પર' વરસથી આપ તંત્રી પદ સંભાળીને દરેક ક્ષેત્રે બાતિલો બદમઝહબો શીઆ, વહાબી, એહલે હદીષ, દેવબંદી, મૌદૂદી.....વગેરે સામે જંગ લડતા રહી અહલે સુન્નત વ જમાઅતની ખિદમત કરતા રહ્યા. બુઝુર્ગાને દીનની મહોબ્બતથી ભરપુર સીનો ધરાવનાર મર્હૂમ હાજી સાહબ આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામે અહલે સુન્નત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** (رحمة الله عليه)ના ખાસ ચાહક હતા. હાજી સાહબે પોતાની કલમી સેવામાં પોતાની ટીમ સાથે દેવબંદીઓના મોઢાં સીવી નાખે એવી કિતાબ **"સુન્ની કોણ ?"** સુન્ની જગતને ભેટ ધરી જેમાં મુસ્લિમોને ધોકામાં રાખવા દેવબંદીઓ પોતાને "સુન્ની" કહે છે" "અહલે સુન્નત" તરીકે ઓળખાવે છે, અહલે સુન્નતથી તદ્દન વિરૂધ્ધ તેમના અકીદા હોવા છતાં આ "અલ્લાહ જૂઠુ બોલી શકે" એવું માનનારા પોતે પણ જૂઠ ચલાવી રહ્યા છે અને લોકોને છેતરી રહ્યા છે, તેની અસલિયત ઉઘાડી કરી આપી છે કે જેનો આજ સુધી તેમનાથી કોઈ જવાબ નથી બન્યો ન કયામત સુધી બનશે. તેમજ **'ઝહેરીલી બકવાસ'**માં તેમના ધરમની એવી પોલ ખોલી છે જેનાથી દેવબંદીઓનાં મોઢાં સીલ થઈ ગયેલાં છે. અસંખ્ય મુસ્લિમોને ગુમરાહીની રાહ પર જતા અટકાવવા "તયબાહ" માસિક તથા આ કિતાબોનો રોલ ખૂબ જ મહત્વનો છે. તેમજ થોડા સમયથી ગુજરાતમાં ફૂટી નીકળેલા વહાબી દેવબંદીઓની જ શાખ સમા કહેવાતા અહલે હદીષ ફિર્કાની રદમાં **'અહલે હદીષને ઓળખો'** કિતાબ થકી સુન્નીઓને આ બાતિલ ફિર્કાની ગુમરાહીથી માહિતગાર કરીને જહન્નમી ફિર્કામાં જતાં બચાવ્યા. ઉપરાંત અન્ય ઘણી કિતાબોના આપ લેખક છે.

"દારુલ ઉલૂમ શાહે આલમ–અમદાવાદ" તથા "તયબાહ" માસિકથી જ પ્રેરણા મેળવીને વર્તમાન સમયમાં અન્ય ઘણા સુન્ની દારુલ ઉલૂમ તથા સુન્ની માસિકો ગુજરાતી સુન્ની આલમની ખિદમતમાં કૂદી પડેલાં છે તેમને પણ રબ તઆલા તરક્કી આપે, પણ "મર્હૂમ હાજી સાહબ" જીવનના છેલ્લા શ્વાસ સુધી 'તયબાહ'ના તંત્રી પદે રહીને એક કામયાબ તંત્રી તરીકે ઝળહળતી કારકિર્દીનો નમૂનો સૌના સામે મૂકી ગયા છે.

વધુ ટાઈટલ ૩......

ટાઈટલ ૨ નું ચાલુ.....

ભરૂચ જિલ્લાના પ્રતિનિધિ તરીકે અમદાવાદ પહોંચેલ જનાબ ગુલામ મુહયુદ્દીન હાફેઝ નબીપુરીના જણાવ્યા અનુસાર તા. ૧૫/૯/૨૦૧૦ના રોજ રાત્રે મર્હૂમનો જનાઝો રાયખડ ખાતે આપના નિવાસ સ્થાનેથી શહેરના તથા વિવિધ જિલ્લાઓમાંથી આવેલા સુન્ની આગેવાનો, ચાહકો, પત્રકારો વગેરેની ભરપુર મેદની વચ્ચે ઉઠયો જે દારુલ ઉલૂમ શાહે આલમ સામે હઝરત ગામ ધણી રહમતુલ્લાહ અલૈહના મઝાર શરીફ લાવવામાં આવ્યો જ્યાં નમાઝે જનાઝા હઝરત મુફ્તી અસ્ગર સાહબે (મુફ્તી દારુલ ઉલૂમ શાહે આલમ) પઢાવી ત્યારબાદ રાત્રે ૧૨ વાગ્યે મર્હૂમનો જનાઝો હઝરત મૂસા સુહાગ (રહમતુલ્લાહ અલૈહ) કબ્રસ્તાન પહોંચ્યો જ્યાં કઠણ હૃદયે સુન્ની અવામે મર્હૂમને સુપુર્દે ખાક કર્યા અને સૌના ચહેરા પર એક મુજાહિદે સુન્નિયત ગુમાવ્યાનો રંજ ડોકાતો હતો.

બીજા દિવસે સવારમાં હઝરત ગામધણી રહમતુલ્લાહ અલૈહના મઝારશરીફવાળી મસ્જિદમાં મર્હૂમની ઝિયારત રાખવામાં આવી જ્યાં કુર્આન ખ્વાની પછી વિવિધ સુન્ની પીરો અગ્રેસરો જેમ કે પીરે તરીકત હઝરત અલ્લામા સૈયદ કમરૂદ્દીનબાવા દરિયાઈ કારંટવી, હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા, હઝરત મૌલાના ઈદરીસ સાહબ અશરફી–બાલાસીનોરી તથા દારુલ ઉલૂમ શાહેઆલમના ટ્રસ્ટીઓ, ઉસ્તાદો, તલબા સર્વ સ્ટાફ તથા રાજપીપળા, બોડેલી, ભરૂચ વગેરેનો ખત્રી સમાજ પણ મર્હૂમને ખિરાજ અકીદત પેશ કરવા હાજર રહ્યો હતો.

દયાદરા ખાતે ૧૭–૯–૨૦૧૦ અસર બાદ નૂરાની–મુખ્તારુલ મસાજિદ મસ્જિદમાં યાસીન શરીફનો ખત્મ, ફાતિહા ખ્વાની કરી દુઆએ મગફિરત કરવામાં આવી હતી, તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ, દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ તથા અન્ય દારુલ ઉલૂમો તથા વિવિધ ગામોની મસ્જિદોમાં કુર્આન ખ્વાની કરાવી દુઆએ મગફેરત કરવામાં આવી હતી.

રબ્બે કરીમ તેના હબીબે પાક સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સદકામાં મર્હૂમ હાજી સાહબની કરવટ કરવટ મગફિરત ફર્માવે, દીની દુનિયવી કામોમાં માનવસહજ કોતાહીઓને દરગુઝર કરી આપની ખિદમતો કબૂલ કરે તથા જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે. (આમીન) *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દિલના ઊંડાણથી આભારી છીએ !

રમઝાન મુબારક દરમ્યાન ગુજરાતભરમાં તેમજ અન્ય રાજ્યો, દેશોમાં જ્યાં જ્યાં ગુજરાતી સુન્નીઓ વસે છે ત્યાં **બરકાતે ખ્વાજા (માસિક)–દયાદરા**ના ગ્રાહકો કરવામાં તેમજ **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** તથા **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** તેમજ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**ને સહાયતા કરવામાં જેણે જેણે જે રીતે પણ સહકાર કર્યો છે તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

ઘણા સુન્ની બિરદારોએ તદન નિઃસ્વાર્થપણે નિખાલસતાથી દીન તથા સુન્નિયતની ખિદમતના જઝબા સાથે આ સંસ્થાઓને ભરપૂર સહકાર કર્યો છે તે બદલ આભાર !

રબ્બે કરીમ તેના હબીબે પાક સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સદકામાં સૌને બંને જહાનમાં બેહતરીન બદલો તેની શાને કરીમી મુજબ અતા કરે અને સૌની દીની, દુનિયવી, ઉખરવી સર્વ મુસીબતોને દૂર ફર્માવી તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

***–(પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*